
737


વર્ષ ૧૩;
અંક ૧૦

વીર સં. ૨૪૮૩
માગશર

ડીસેમ્બર
૧૯૫૬

વીટા–મહારાષ્ટ્ર નૂતન જિનમંદિરનું એક દૃશ્ય
( વિટાનિવાસી શ્રી પુલચંદ સવચંદના સૌજન્યથી )

# કલ્યાણ

5529

# વિષય દર્શન


આ છે આજનો વિકાસ
શ્રી મોહનલાલ ધામી ૬૩૭
ખરખરો શ્રી અમૃતલાલ છ. શાહ ૬૩૯
વિજયમાં પલટાયેલો પરાજય
બાલમુનિ શ્રી મૃગેન્દ્રમુનિ મહારાજ ૬૪૩
સતી સુભદ્રા
મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ ૬૪૮
શંકા-સમાધાન
પૂ. આ. શ્રી વિજયલબ્ધિસૂરીશ્વરજી મ. ૬૫૪
જીવનની સાચી દિશા
મુનિરાજ શ્રી મહાપ્રભવિજયજી મહારાજ ૬૫૭
સંન્યાસી બીલનો વિરોધ
શ્રી ઉજમશીભાઈ શાહ ૬૫૯
સરકારની અહિંસા અંગે નીતિ?
શ્રી રાયચંદ મગનલાલ શાહ ૬૬૧
કતારગામનો રસ્તો શ્રી જ્યોતિન્દ્ર દવે ૬૬૩
શ્રમણ ભ. મહાવીર શ્રી દુલ્લા ૬૬૬
સુખી થવા માટે,
મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ ૭૭૦
યોગબિન્દુ શ્રી વિદ્વર ૬૭૩
અમીઝરણાં
પૂ. આ. શ્રી વિજયરામચંદ્રસૂરિજી મહારાજ ૬૭૫
એ ભુલવું જોઈએ નહિ.
શ્રી મફતલાલ સંઘવી ૬૭૮
પુરૂષાર્થ અને પ્રારબ્ધ
મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજ ૬૮૧
જ્ઞાનવિજ્ઞાનની તેજછાયા. સં. કિરણ ૬૮૩
અનેકાંતવાદ
પંન્યાસજી શ્રી ભદ્રંકરવિજયજી ગણિ. ૬૯૧
દ્રવ્યાનુયોગની મહત્તા
પંન્યાસજી શ્રી ધુરંધરવિજયજી મહારાજ ૬૯૪
પ્રતિબિંબ
પંન્યાસજી કનકવિજયજી મહારાજ ૬૯૭
સર્જન અને સમાલોચના શ્રી અભ્યાસી ૭૦૩


## ❀ નવા સભ્યોની શુભ નામાવલી ❀

નીચે મુજબ.

રૂા. ૧૦૧, શ્રી અનીલકુમાર બાબુલાલ શાહ હા. શ્રી સુભદ્રાબેન ઉમેદચંદ અમદાવાદ. પૂ. મુનિરાજ શ્રી ઉમંગવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૫૦, શ્રી જૈન સંઘ રામનગર પૂ ઉપાધ્યાયજી શ્રી દેવેન્દ્રસાગરજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૨૫, શ્રી મોહનલાલ ડી. ટોલીઆ મદ્રાસ.

પૂ પંન્યાસજી કનકવિજયજી ગણિવરના શિષ્યરત્ન પૂ. મુનિરાજશ્રી મહિમાવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી થયેલા સભ્યોનાં નામો નીચે મુજબ.

રૂા. ૧૧, શ્રી ભુદરભાઈ સુરજમલ રાધનપુર

રૂા. ૧૧, શ્રી હીરાલાલ નરપતલાલ શાહ ,,

રૂા. ૧૧, સીરીયા ધરમચંદ ગોરધનદાસ ,,

રૂા. ૧૧, શ્રી રસીકલાલ ડોસાભાઈ ,,

રૂા. ૧૧, શ્રી કેશવલાલ પાનાચંદ દોશી સાવરકુંડલા પૂ૦ મુનિરાજશ્રી પૂર્ણભદ્રવિજયજી મહારાજશ્રીની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી જગજીવનભાઈ જેઠાભાઈ સંઘવી સાવરકુંડલા. ઉપર મુજબની શુભ પ્રેરણાથી.

( જુઓ ટાઇટલ પેજ ત્રીજું )

# આજે જ આનો વિચાર કરી લો !

'કલ્યાણ'નો ડીસેમ્બરનો અંક તમારા હાથમાં છે. આગામી અંકે જાન્યુ૦ ૫૭ માં 'કલ્યાણ'નો પ્રવેશ થશે. 'કલ્યાણ'માં વિવિધતા લાવવા અમે હંમેશા સજાગ છીએ ! તે હકીકતની તેના એક પછી એક અંકોને જોનાર વાચકવર્ગને પ્રતીતિ થયા વિના નહિ રહે.

**આગામી જાન્યુ૦ના અંકથી મહાગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકાર ભાઈશ્રી મોહન-લાલ ધામીની ચાલુ ઐતિહાસિક વાર્તા 'રાજદુલારી' નિયમીત રીતે લગભગ એક ફરમા જેટલી પ્રસિધ્ધ થશે. જેમાં આજથી ૨૫૦૦ વર્ષ પહેલાનો ભારતનો ભવ્ય અને તપ, ત્યાગ તેમજ તિતીક્ષાના સુવર્ણ સંગમ સમા પાત્રોનાં તેજસ્વી જીવનપ્રસંગોનું સુમધુર, અદ્‌ભૂત આલેખન થશે.**

**તદુપરાંત; અધ્યાત્મદૃષ્ટિના અભ્યાસી શ્રી 'કિરણ'દ્વારા સંચાલિત-સંપાદિત 'જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા' વિભાગ એક ફરમા જેટલો નિયમીત પ્રસિદ્ધ થતો રહેશે. જેમાં મનન-ચિંતન યોગ્ય વિચારધારા જ્ઞાન-વૈજ્ઞાનિક દૃષ્ટિએ રજૂ થતી રહેશે.**

**આ** અને અન્ય આકર્ષણો જેવાં કે, 'મધપૂડો' 'જ્ઞાનગોચરી' અને 'વિશ્વનાં વહેતાં વહેણો'માં વિવિધ વિષયોને સ્પર્શતું, લોકભોગ્ય, સંસ્કારપ્રેરક સાહિત્ય રજૂ થતું રહેશે.

**દર** મહિને ૯ ફરમા ઉપરાંતનું તેજસ્વી, સંસ્કારપ્રેરક મંગલમાર્ગનું પથપ્રદર્શક વિવિધ વિષયોનું વાંચન પીરસનાર 'કલ્યાણ' માસિકના તમે **આજેજ** ગ્રાહક બનો, અન્ય તમારા સ્વજનોને ગ્રાહક બનાવવા પ્રેરણા કરો ! આપ્તમંડળની યોજનામાં સક્રિય સહકાર આપો !

**આજે** આનો વિચાર કરી લો, નહિતર આવતી કાલે પસ્તાવું પડશે.

—સં૦

# અમારે ફક્ત આટલું જ કહેવાનું છે !

જૈનસમાજમાં પોતાના વિશિષ્ટ વ્યક્તિત્વથી ભાત પાડતું 'કલ્યાણ' છેલ્લા પાંચ વર્ષથી દિન--પ્રતિદિન સતત પ્રગતિ કરતું રહ્યું છે. વિવિધ વિષયો દ્વારા. સમાજમાં નવ--નવા સસ્કારપોષક શ્રદ્ધાપ્રેરક વાંચનનો રસથાળ ધરતા 'કલ્યાણ' માટે સમાજમાં સર્વ કોઇને એક સરખો આદરભાવ છે.

વિ. સં. ૨૦૧૨ના વર્ષમાં **'બાલસંન્યાસ-દીક્ષા પ્રતિબંધક વિધેય વિરોધ વિશેષાંક'** લગભગ ૧૬ ફરમાનો કલ્યાણે પ્રસિદ્ધ કર્યો. જેને એક સરખી રીતે શ્રદ્ધાળુ સમાજે આવકાર આપ્યો. ચાલુ વર્ષમાં **'વર્ધમાન તપ માહાત્મ્ય વિશેષાંક'** કલ્યાણે પ્રગટ કર્યો. જે ૨૩ ફરમા ઉપરનો દળદાર અંક સર્વને એક સરખી રીતે ગમી ગયો, જેની લોકપ્રિયતા એ છે કે, આજે ૨૫૦૦ નકલો કાઢવા છતાં એક પણ નકલ સીલીકમાં નથી, અને ચોમેરથી તેની માંગ થઇ રહી છે.

જેમાં ૪૪ વર્ધમાનતપ અંગેના લેખો, તપના પ્રભાવ વિષેના અન્યાન્ય લેખો, વર્ધમાનતપની આરાધના કરનાર પુણ્યવાન આત્માઓના ખાસ વિશેષાંક માટે તૈયાર કરેલા પ્રેરક પ્રસંગો, અનેક વિશિષ્ટ ચિત્રો, ૨૦૮ પેજનો વિવિધરંગી શાહીમાં છપાયેલો આ વિશેષાંક વર્ધમાનતપના મહિમા વિષેના પ્રસિદ્ધ થયેલા સાહિત્યમાં અદ્વિતીય સ્થાન પ્રાપ્ત કરે છે.

આવા અનેક વિશેષાંકો, સમૃધ્ધ વિવિધ વિષયસ્પર્શી સાહિત્ય વર્ષ દરમ્યાન લગભગ ૯૦૦ ઉપરાંત પેજોમાં હોવા છતાં દ્વિરંગી પૂંઠું, તીર્થના ફોટાઓ, અને સુચિત્ર વિશેષાંક છતાં 'કલ્યાણ'નું લવાજમ રૂા. પાંચ છે. જે સમાજના કોઈ પણ સાપ્તાહિક, પાક્ષિક કે માસિક કરતાં યે સસ્તું છે.

કલ્યાણે અત્યાર અગાઉ **કથા-વાર્તા વિશેષાંક, તીર્થ વિશેષાંક** એમ કુલ ચાર વિશેષાંકો તથા પર્યુષણ વિશેષાંક, દર વર્ષે આપ્યા છે. વર્ધમાન તપ વિશેષાંકની લોકપ્રિયતાથી આકર્ષાઇ, સમાજની માંગણીથી તેમાંના ચૂંટીને તૈયાર કરેલા મનનીય લેખો, શ્રી ચંદ્રકેવલીથી માંડી વર્તમાનના તપસ્વીઓના પ્રેરક જીવનપ્રસંગોથી સમૃધ્ધ પુસ્તક પ્રસિધ્ધ થઈ રહ્યું છે.

**તો,** 'કલ્યાણ'ના પ્રચાર માટે તમે જરૂર પ્રયત્ન કરજો ! બસ, આટલું અમારે તમને કહેવાનું રહે છે.

—સં૦

વર્ષ ૧૩ : અંક ૧૦ : ડીસેમ્બર : ૧૯૫૬

કલ્યાણ

# આ છે આજનો વિકાસ !

સંસારની માયા વિચિત્ર છે. માયાને વશ બનેલા જીવો ઘણીવાર સત્યાસત્યને પારખી પણ શકતા નથી, અને વિવેક–શુદ્ધિથી વેગળા જ રહેતા હોય છે.

નાનામાં નાની વાતનું વતેસર કરવાની ભાવના, રજનું ગજ બનાવી દેવાની તમન્ના, મોટામાં મોટી વાતની ઉપેક્ષા કરવાની વૃત્તિ અને દેખીતા સત્યને પગ તળે ચગદી નાખવાની રમત જાણે દુનિયાનું એક મહત્ત્વનું અંગ બની ગયેલું જણાય છે.

માયાની ભ્રમણામાં ડૂબી ગયેલા માનવીની આ દશા હોય છે. અને જ્યારે ભૌતિક સુખો પ્રાપ્ત કરવાની ઘેલછા માનવીના પ્રાણમાં જાગે છે, ત્યારે આ ભ્રમણા વધુ ને વધુ વિરાટ બને છે, કારણ કે તમામ ભૌતિક સુખો વાસ્તવિક રીતે માયાની જ છાયા હોય છે.

એક માનવી એક વસ્તુને અજ્ઞાનના કારણે અથવા બુદ્ધિના બળાત્કારના કારણે ખોટી માનતો હોય તો તે સત્યાસત્યનો વિચાર કરવા જેટલું યે ધૈર્ય રાખી શકતો નથી; અને એની બુધ્ધિનો બળાત્કાર તો એટલો ભયંકર બનતો હોય છે કે–તે વસ્તુને સાચી માનનારા બીજા અનેક પ્રત્યે એનામાં નફરત જાગતી હોય છે.

વસ્તુ પ્રત્યેનો રોષ વસ્તુને માનનારાઓ પ્રત્યે પણ દ્રઢ બનતો રહે છે. જેમ ક્રોધ અને અજ્ઞાનવશ શ્વાન પત્થરો મારનારને બટકું ન ભરતાં પત્થરને બટકું ભરવા દોડે છે, તેમ માનવી પણ વસ્તુ પ્રત્યેનો રોષ વસ્તુને માનનારાઓ પર ઠાલવતા હોય છે.

વાત તો સાવ નાની છે. જે વસ્તુ ન ગમે તે વસ્તુથી દૂર રહેવું. પણ તેમ બનતું નથી. માનવી વસ્તુને ન માનતો હોય છતાં તે જ વસ્તુ પ્રત્યે વધુ ને વધુ ધ્યાન આપતો હોય છે !

અજ્ઞાન અને બુદ્ધિની જડતાનું આવું જ સ્વરૂપ છે. આજનું વિશ્વ પોતાને આગળ વધેલું માને છે, સંસ્કાર અને સાધનોમાં સર્વશ્રેષ્ઠ પણ માને છે, છતાં આજના વિશ્વમાં જ નાનામાં નાની વાત પચાવવા જેટલી તંદુરસ્તી દેખાતી નથી.

ભારતનાં મહાપુરૂષોએ આ વાત બરાબર વિચારી હતી અને તેથી જ તેઓએ માયાને, ભૌતિક સુખોની ભૂતાવળને હિન માની હતી અને એના ત્યાગને જ કર્તવ્ય માન્યું હતું.

આ એક જ વારસાના કારણે ભારતની જનતા વિધવિધ વિચારો, સંપ્રદાયો અને આદર્શોવાળી હોવા છતાં સમભાવપૂર્વક રહી શકતી હતી.

નાની મોટી અનેક જ્ઞાતિઓ હોવા છતાં એક-બીજાની પૂરક જ રહેતી હતી, અને જેને આપણે નાતવાદ તરીકે નિંદીએ છીએ તે કેવળ આર્થિક ઘટકો જ હતાં. કોઇ કોઈ કાળે એમાં દૂષણો આવે તે સહજ છે પરંતુ એના હેતુમાં કે આદર્શમાં તો કોઇ પ્રકારનો દોષ હતો જ નહિ.

આવા નાતવાદની ટીકા કરનારા આજના આગેવાનો પણ એનાથીયે ભયંકર વાડા-વાદના ઉપાસકો જ હોય છે અને ઉપર જણાવ્યું તેમ એક વસ્તુ પ્રત્યેનો રોષ વસ્તુને માનનારાઓ પર ઠાલવવા જેટલા ઉતાવળા બનતા હોય છે.

અને સાવ નાનામાં નાની વાતને એટલું મોટું રૂપ આપતા હોય છે કે-જાણે સારાયે રાષ્ટ્રનું સત્યાનાશ એની અણગમતી ચીજથી જ થઇ રહ્યું છે!

પરંતુ તેઓ એ વિચાર કદિ નથી કરતા કે-તેઓ જે વાડાવાદને પોષતા હોય છે તે વાડાવાદ રાષ્ટ્ર માટે કેટલો નુકશાનકારક છે!

અજ્ઞાન અને બુધ્ધિનો બળાત્કાર માનવીની નિર્મળ દૃષ્ટિને સદાય રૂંધતો આવ્યો છે.

આવું માત્ર રાજકીય તખ્તા પર બને છે એવું નથી. સમાજમાં, ગામમાં, પરિવારમાં પણ આવું જ બનતું રહે છે.

ઘરના એક સભ્યને અમુક પ્રકારની ખાદ્ય સામગ્રી પ્રત્યે અરુચિ હોય તો ઘરમાં જ એ વસ્તુ બનાવી શકાતી નથી. ભૂલેચૂકે કોઈ પ્રસંગે બની ગઇ હોય તો એમાંથી કલહ પણ ઉભો થાય છે.

સાવ નાની વાત પણ એનું રૂપ કેટલું ભયંકર!

પત્નીના ચારિત્ર પ્રત્યે પતિના મનમાં માત્ર શંકા જન્મી હોય તો પતિ સદાય પત્નીને પામર જ માનતો રહેશે, શંકાના ભૂતને વશ વર્તીને પત્ની પર જુલ્મ ગુજારતાં પણ કંપશે નહિ અને માત્ર એક નાનકડી શંકા ખાતર તે પોતાની પત્નીનો ભવ બગાડી નાખશે!

નાની વાતને કેટલું ભયંકર રૂપ આપવાની આપણને ટેવ પડી ગઈ છે?

આજે આપણા રાષ્ટ્રમાં જો કોઇ પણ વિકાસ થઇ રહ્યો હોય તો નાની વાતને મોટી માનવાની ઘેલછાનો જ વિકાસ થઇ રહ્યો છે.

[ જુઓ અનુસંધાન પેજ ૭૧૦ ઉપર ]

# ખરખરો

શ્રી અમૃતલાલ. છ. શાહ.

તમે કોઇના ખરખરે તો ઘણી વખત ગયા હશો. એ વખતે જેમ સ્મશાનમાં વૈરાગ્ય જન્મે, તેમ થોડાક સમય પુરતું તો તમને પણ, ઓછા વધતા પ્રમાણમાં આ સંસારની અનિત્યતા અને માનવદેહની નશ્વરતાનાં કરૂણ દર્શનનો અનુભવ થયો હશે. અલબત્ત, આમાં કેટલાક તો હૃદય-વિદારક હોય છે. પણ આજે હું તમારી સમક્ષ આવા ભારેખમ અનુભવો રજુ ન કરતાં, કેટલાંક હળવા અનુભવો, અને તેની પાછળ રહેલાં કેટલાંક કડવાં સત્યો સાદર કરવા ઇચ્છું છું-અલબત્ત, મારી શૈલીમાંસ્તો...!

હું બહુ નાની વયમાં પરણેલો. અને લગ્ન પછી બે-ચાર વર્ષમાં જ, જેમ પાકું પાન ખરી પડે, તેમ મારા સસરાજી ખરી પડયા, અને જીવનમાં પહેલી જ વખત મારે ખરખરે જવાનો પ્રસંગ ઉપસ્થિત થયો, ત્યારે મારી ઉંમર ૨૨ વર્ષની હશે, ઇચ્છા નહોતી પણ દેશમાંથી પિતાજીનો પત્ર આવ્યો, અને એમાં હજુ સુધી હું મારા સસરાના ખરખરે ગયો નથી. એ વિષે કડક શબ્દોમાં ખરખરો કર્યો હતો. આ પત્ર પછી મોટાભાઈએ તુરત જ મને દેશમાં મોકલવાનો નિર્ણય કર્યો. અને એમનો નિર્ણય એટલે જાણે સર્વોપરિ અદાલતનો ચુકાદો. અપીલ જ નહિ. હું દેશમાં જવા રવાના થયો. પણ જાણે કોઇ ભગીરથ કાર્ય મારા શીરે આવી પડયું હોય તેમ માર્ગમાં હું ખરખરાની ક્રિયા અને પ્રક્રિયાનો જ વિચાર કરવા લાગ્યો.

સ્વભાવે તો હું પ્રથમથી જ વાચાળ હતો. પણ ખરખરા જેવા ગંભીર પ્રસંગોમાં ડાવકુ મોં રાખી, મારી વાચાળતાનો કેમ અને કેવી રીતે ઉપયોગ કરવો, એ વિષે હું અજ્ઞાત હોવાથી, મારા મનમાં વિકટ સમસ્યા ઉભી થઇ. ઘેર પહોંચ્યા પછી મને ખબર પડી કે મારે એક નહિ પણ બે ખરખરા કરવાના હતા. પ્રથમ મારા સાળા પાસે, અને પછી મારાં સાસુ પાસે. હું ઠંડો જ પડી ગયો. એમની પાસે જઇ મારે શું બોલવું ? એની મને અનહદ મૂંઝવણ થઇ. આખરે સાંજ પડી એટલે એક કદમ આગળ, અને બે કદમ પાછળ, જેવી ચાલે હું મારા સસરાજીના ઘેર પહોંચ્યો. ત્યાં બે-ચાર ગૃહસ્થો બેઠા હતા. મારા સાળાએ બે હાથ જોડી મને આવકાર આપ્યો, અને પ્રથમ મારી તબિયતના ખબર અંતર પૂછી. એમણે કહ્યું. 'સવારે આઠ વાગ્યા સુધી તો કોઇ જાણતું નહોતું. પણ એ પછી એમણે છાતીમાં દુખાવાની ફરીયાદ કરી. દશ વાગ્યા એટલે લોહીની ઉલટી થઈ, અને ડોકટર આવે, એ પહેલાં તો એમણે દેહ મૂકયો...'

અને થોડીવાર અટકી વિવશ સ્વરે એમણે કહ્યું: 'કોઇની પાસે ચાકરી પણ ન કરાવી એમણે તો...'

હું મારૂં મોં નીચે રાખી સાંભળી રહ્યો હતો. સાથે સાથે વિચારી રહ્યો હતો કે-આજના જમાનામાં જે માણસ ચાકરી કરાવ્યા સિવાય મૃત્યુ પામે છે, એના જેવો પરમ ભાગ્યશાળી આત્મા બીજો કોઇ નથી. પણ નાના મોઢે મોટી વાત કરવી મને ગમી નહિ. એટલે હું મૌનજ રહ્યો. અને દશેક મીનીટ બેસી, હું મારી સાસુ પાસે જવા ઉઠયો. હું અંદરના ઓરડામાં જતો હતો, ત્યાં જ મારા સાળાએ, ધારા-શાસ્ત્રીની અદાએ મારો બચાવ કરતાં, બેઠેલા ગૃહસ્થોને ઉદ્દેશી કહ્યું:

'મારા બનેવી છે. અને મિતભાષી છે.'

આ સાંભળી મને નવાઇ થઇ. હકિકતમાં તો હું કેટલો બહુભાષી હતો, એ કદાચ મારા કરતાં મારા સાળાને સવિશેષ ખબર હશે. પરંતુ આમ, આડકતરી રીતે મારોજ ખરખરો થઇ જશે, એની મને કલ્પનાય નહોતી, એમ છતાં, પાંચ માણસો વચ્ચે મારી આબરૂ જાળવી રાખવા બદલ, મનમાં ને મનમાં જ, મારા સાળાનો આભાર માનતો હું મારી સાસુ પાસે જઈને બેઠો. એમની આંખોમાંથી શ્રાવણ-ભાદરવો વહેતાં હતાં. પત્થરને પણ પીગળાવી નાખે એવાં આંસુ જોઇ મારૂં હૃદય પલળ્યું. મને થયું કે સ્ત્રીને ઘર-બાર, ધન-દોલત, કે સંતાનોનું ગમે તેટલું સુખ હોય, પણ જો એના જીવનમાં એના છત્રરૂપી પતિ ન હોય તો એ કેટલી નિરાધાર, અને પરાધિન બની જાય છે ? એની પ્રતીતિ સાઠ વરસની મારી સાસુના મુખ પર જીવંત કરૂણાના ભાવો નિહાળીને થઇ.

અને મારાથી બોલાઇ જવાયું.

'રડીને શું કરશો ? હિંમત રાખ્યે જ છુટકો...' અને થોડીવાર પછી ડોશી શાંત થતાં હું ઘર તરફ વળ્યો.

❀

મારા એક મિત્રનાં પત્ની ખૂબ ઝઘડાખોર હતાં, બંનેના વિચારોમાં બે ધ્રુવ જેટલું અંતર હતું. વાત–વાતમાં તેઓ દરરોજ ઝઘડતાં, આ ઝઘડાના કારણે ઘણી વખત તેઓ એકબીજાને બોલાવતાં પણ નહિ. આવી અસહ્ય જિંદગીથી મારો મિત્ર ખૂબ ત્રાસી ગયો હતો. એક વખત તો એણે મને કહ્યું:

'ભગવાન હવે એમાંથી એક કરે તો સારૂ...' અને ભગવાને પણ એની રાવ સાંભળી હોય તેમ એક દિવસ એની પત્નીનું અવસાન થયું. મને સમાચાર મલતાં જ હું ખરખરે ગયો. તમે નહિ માનો, પણ મારો એ મિત્ર એ વખતે એની પત્નીને યાદ કરી પોકે પોકે રડયો, અને મને ખરે જ આશ્ચર્ય થયું, મેં એને ખૂબ હિંમત આપી. ત્યારે શાંત થઇ એ બોલ્યો:

'મારા અને એના વિચારોની અસમાનતાના કારણે અમે પરસ્પર ઝઘડતાં એ વાત સાચી. પણ અમારા બંનેના દીલમાં એકબીજા પ્રત્યે એટલો જ પ્રેમ હતો. મને તો સ્વપ્નેય કલ્પના નહોતી કે આમ એ મને છોડીને ચાલી જશે, અને હું મારા જીવનમાં એકલો પડી જઇશ.

મારા મિત્રની આ વાત સાંભળી મારી નવાઇમાં અનેકઘણો વધારો થયો. મને થયું કે–

'રાંડયા પછીનું તો ડહાપણુ નહિ હોયને ?'

❀

મારા એક પાડોશી ઘરજમાઇ હતા. સાસુએ એમના જીવતાં એકપાઇ પણ દીકરી કે જમાઇ ન પામે, તેવી રીતે બધી માયામુડી એમના કબજામાં રાખી હતી.

દીકરી તો સમજુ, શાંત, શાણી, અને સંસ્કારી હતી. પણ જમાઇરાજને સાસુની આ બધી માયામુડી જોઇ, કોઇ કામધંધો સૂઝતો નહોતો. ડોશી હાડપીંજર જેવી થઇ ગઇ હતી, પણ ખાટલો ખંખેરતી નહોતી, જમાઇરાજ અકળાઇ જતા હતા. પણ જ્યારે એ અકળાતા, ત્યારે દીકરી એમને સમજાવતી.

'બહોત ગઇ, થોડી રહી, થોડે મેં ઘટ જાય;
ઘડી પલકકે કારણે અબ મત ખેલ બગાડ ..'

પત્નીની આ શાણી સલાહને અવગણવાની પતિરાજ કલ્પના પણ કરી શકતા નહોતા. કારણ કે જો જરાક અવિચારી કે ઉતાવળીયુ પગલું ભરાશે તો રસ્તાના રખડતા થઈ જવાશે. એટલે અસહ્ય અકળામણ થતી હોવા છતાં પણ એમણે ધીરજને અનિવાર્ય બનાવી, કાગના ડોળે ડોશીના મૃત્યુની વાટ જોતા.

થોડા દિવસો પછી હું બહારગામથી ઘેર આવ્યો, ત્યારે મારી પત્નીએ ગિરિજા ડોશી ગુજરી ગયાના સમાચાર આપ્યા. સામાન્ય રીતે કોઇ વૃદ્ધજનનું અવસાન થતાં, આપણને સ્હેજે એમ થાય છે કે–

'બીચારાં છુટયાં...' પણ આ સમાચાર સાંભળ્યા પછી તો મારાથી કહેવાઇ ગયું. 'બીચારો હરિલાલ છુટયો.' જોકે આથી મારી પત્નીને આશ્ચર્ય થયું નહિ, પણ સસ્મિત વદને એ બોલી: 'જરા ખરખરે જઇ આવજો.'

મેં કહ્યું: 'જરાજ શા માટે...? ડોશી મર્યાનો તો મારે હરિલાલને પુરો ખરખરો કરવો પડશે...' અને બીજે દિવસે સવારે હું હરિલાલના ઘેર ગયો. તો મને બધું વાતાવરણ જુદા પ્રકારનું લાગ્યું, જ્યાં શેત્રંજીઓ પથરાતી હતી ત્યાં સોફાસેટ ગોઠવાઇ ગયા હતા. જે જગ્યાએ ડોશીનો ખાટલો રહેતો હતો, ત્યાં રેડીઓગ્રામ વસાવી દેવામાં આવ્યું હતું. જરા આગળ વધી હું વચલા ઓરડામાં ગયો તો મારે આશ્ચર્યની વચ્ચે ટેલીફોનની ઘંટડી રણકતી સાંભળી હું ચમકયો.

ખરેખર, આ નિર્જીવ વસ્તુઓ પણ ડોશીના મૃત્યુની જ વાટ જોતાં હશે ને ?

હું ઉપર ગયો તો ત્યાં પણ નયન મનોહર ગાલીચા પથરાઈ ગયા હતા. ગાદીપર જઇને હું બેઠો કે તરત જ પતિ–પત્ની બંને આવીને મારી સામે ગોઠવાઇ ગયાં. ને મેં ખરખરાનો પ્રારંભ કરતાં કહ્યું: 'બહારગામથી ગઇકાલે સાંજે આવ્યો ત્યારે જ ખબર

પડી કે ડોશી ગુજરી ગયાં. આમ તો બીચારાં ઘડાઈને રહ્યાં હતાં, પણ પ્રથમનાં હાડકાં એટલે આમ તરત જ ચાલી જશે એમ તો ધાર્યું નહોતું...અને થોડી વાર અટકી હું બોલ્યો:

'હશે, જેવી ભગવાનની ઈચ્છા ' હરિલાલની પત્નીની આંખો ભીની થઇ. સજળનયને એ બોલી: 'બાએ તો બોલતાં ચાલતાં જ દેહ મૂકયો. સારૂં થયું કે રાતનો સમય હતો એટલે બધાં ઘરમાં જ હતાં, નહિતર અમે જરૂર છેતરાઇ જાત. વધારે નહિ, પણ એકેક વર્ષ હજુ કાઢયાં હોત તો મારી આટલી કૈલાસ એમના હાથે જ મંડાત પણ...' કહી એ અટકી અને આંસુ લુછવા લાગી, ત્યાં હરિલાલ બોલ્યો: 'અમુભાઇ, તમે તો ઘરના માણસ કહેવાઓ, મારો સ્વભાવ તો તમે જાણો છો. જે હોય તે મોઢે જ કહી દેવું, પેટમાં પાપ જ નહિ. ખરૂં કહું તો ડોશી સોતું થઇ ગયાં. હવે કદાચ એક છોકરી એમના હાથે ન મંડાઇ તો ઓછી કુંવારી રહેવાની છે? એ તો પાકાં પંચોતેર વર્ષ જીવ્યાં. આપણે તો એટલું જીવીશું પણ નહિ. આ વખત તો જુઓ? કુદરત કરશે તો ઘડપણ પણ નહિ આવવા દે. કોઈની છરી કે ગોળી આપણા પ્રાણ હરી લેશે.

બાકી અમુભાઇ, તમે તો પાડોશમાં રહો છો, એટલે ખબર છે કે-હું તો ખરેખર આ ડોશીથી સેકાઇ ગયો હતો. અરે, મેં મારી જિંદગીમાં આવી કોઇ કઠોર ને કૃતનિશ્ચયી સ્ત્રી જોઇ નથી, ન ખાય, ન ખાવા દે. ન ભોગવે ન ભોગવવા દે, કેમ જાણે બધું સાથેજ લઈ જવાનું હોય! હું તો ઠીક, આ એમની છોકરીને જ પૂછોને? ડોશી જીવી ત્યાં સુધી કદી સારી સાડી પહેરીને એ બહાર ગઇ છે? એ તો એમેજ સહન કર્યું, આજના જમાનામાં બીજું કોઇ ન કરે.

'અને મારી પાસે આવી, ધીમા અવાજે એણે કહ્યું.' ભગવાનની કૃપાથી હજુ સુધી તો એવો કાંઈ અનુભવ થયો નથી, પણ ચેતતા નર સદા સુખી. છ, છ, ઇશ્વના છ ખીલા મંત્રાવીને બારણાના ઉંબરમાં જ ઠોકી બેસડાવ્યા છે...'

બીજો કોઈ પ્રસંગ હોત તો હું જરૂર હસ્યો હોત. પણ ખરખરાનો પ્રસંગ હોવાથી હું ગંભીર રહ્યો. અને પતિ-પત્નીના આ વિરોધી સુરોથી સખેદ નવાઇ પામતો હું બે હાથ જોડી વિદાય થયો. પણ સંદર્ભમાં હું એટલું તારવી શકયો કે-એકને લોહીની સગાઇ હતી, જ્યારે બીજાને પૈસાની!

વાસ્તવમાં, 'ખરખરો એ આપણા વ્યવહારદક્ષ પૂર્વજોની કર્તવ્યપરાયણતાનો નમુનો છે, પરાપૂર્વથી ચાલી આવતી આ પ્રથાની પારાશીશી, આજે ઉત્તરોત્તર પેઢીએ ઉતરવા લાગી છે, એમાંય આપણા મુંબઈ જેવા શહેરમાં તો આજે ખરખરે જવાનું છે, એ જાણ્યા પછી આપણે કોઈ અકથ્ય મુંઝવણ અનુભવતા હોઇએ તેમ મોઢું બગાડી નાખીએ છીએ, પણ વ્યવહાર ન દુભાય એટલે મને કે કમને આપણે એ કાર્ય પુરૂં કરીએ છીએ. જો કે શહેર કરતાં ગામડામાં આ પ્રથાનું પાલન વધુ યોગ્ય રીતે જળવાઇ રહ્યું છે, પણ આજે તો એમાંય કંઇક શિથિલતા આવી દેખાય છે.

આપણી ભૂત-પુર્વ પેઢીઓ, અભણ અને અજ્ઞાન હોવા છતાં, તેઓ જીવનમાં નિયમિત અને સદાચારી હતી. શાંતિપૂર્ણ જીવન જીવવા માટે એમણે કદી પણ પૈસાને અગત્યતા આપી નહોતી, જેટલી વ્યવહારને આપી હતી. સારા-નરસા પ્રસંગોમાં તેઓ અન્યના સુખે સુખી, અને દુઃખે દુઃખી થઇ પુન્યે અર્પેલા આ માનવદેહને માનવતાનું મંદિર સમજી, એમાં માત્ર કર્તવ્યરૂપી આત્માને એમણે સ્થાપિત કર્યો હતો, પરિણામે તેઓ શાંતિપૂર્વક જીવન જીવ્યા હતા. એટલું જ નહિ, મૃત્યુને પણ તેઓ શાંતિપૂર્વક વર્યા હતા. પણ આજે એ માનવતાનો યુગ પલટાઈ ગયો છે. છેલ્લા બે દાયકાના અનુભવ પછી, આપણને પ્રતિતિ થાય છે કે, આજે માનવતાના દીવા ઓલવાઇ ગયા છે. સંસારમાં જાણે સર્વત્ર અંધકાર વ્યાપી ગયો હોય તેમ, માનવતાને આપણે દીવો લઇને શોધવી પડે છે. માનવીએ આજે પૈસાને જીવનની એક અનિવાર્ય જરૂરિયાત બનાવી દીધી છે. ધનપ્રાપ્તિ એ જ માત્ર જીવનનું એક પ્રધાન કર્તવ્ય હોય તેમ એ સદાય એમાં જ રચ્યો પચ્યો રહે છે. ધનપ્રાપ્તિના આ વિરાટ પુરૂષાર્થ સામે, વ્યવહાર, નિયમિતતા, ને સદાચાર આજે ભુલાઇ ગયાં છે. પરિણામે આજે માનવીનું જીવન

અને મૃત્યુ બન્ને અશાંત બની ગયાં છે. માફ કરજો, આ કંઇ મારા જ્ઞાનનો પુરસ્કાર નથી. હું માત્ર સામાન્ય બુદ્ધિ ધરાવું છું. પણ મારા જેવા અનેક સામાન્ય માણસોના અંતરનો આ પ્રલાપ છે.

માનવ-જીવનના કરૂણ અંતનો એક હૃદયવિદારક પ્રસંગ મને અહિં યાદ આવે છે.

દેશમાં અમે રહેતા હતા, એ ફળિયામાં એક વયોવૃદ્ધ બ્રાહ્મણ ડોશી રહેતાં હતાં. મૂળ ધંધો તો એમનો યજમાનવૃત્તિનો હતો. પણ એમના ભણેલા પુત્રને આ ધંધો ગમ્યો નહિ. એટલે એણે શહેરમાં નોકરી શોધી લીધી હતી. પુત્ર અને પુત્રવધૂ બન્ને શહેરમાં રહેતાં અને આ ડોશી અહીં એકલાં પડી રહેતાં. પુત્ર મહિને એકાદ પત્ર લખતો.

બાર મહિને એક વખત આવી એ ડોશીની ખબર પૂછી જતો. થોડા પૈસા આપતો. અને આડોશી-પાડોશીને દેખભાળ રાખવાનું કહી પાછો શહેરમાં ચાલી જતો.

વૃદ્ધાવસ્થાના કારણે ડોશી રોજનાં માંદાં રહેતાં. ડગલે ને પગલે પારકાંની ઓશિયાળ વેઠી થોડા મહિના તો નભાવ્યું. છેવટ પુત્રને તેડાવવા પત્ર લખ્યો. પણ ન તો એમનો પુત્ર આવ્યો કે પુત્રવધૂ.

દિવસે દિવસે એમની માંદગી વધતી ગઇ. આખરે ભૂખ-તૃષાથી પીડાઈ એ મરણને શરણ થયાં. બે દિવસ સુધી એમના ઘરનું બારણું ઉઘડયું નહિ. ત્યારે આડોશી-પાડોશીએ ભેગાં થઇ, ડોશીને સાદ કર્યો. બારણાં ધમધમાવ્યાં. આખરે બારણાં તોડી સહુ ઘરમાં દાખલ થયાં, તો અંદર દુર્ગંધ ફેલાઇ ગઈ હતી. ડોશીનું શબ અર્ધનગ્નાવસ્થામાં ખાટલા નિચે પડયું હતું. જીવજંતુઓએ એમના દેહને ફોલી ખાધો હતો. અને એમની બંન્ને આંખોની કીકીઓ ઉંદર લઇ ગયા હતા. કદાચ તમને આશ્ચર્ય થશે, પણ આ એક સત્ય ઘટના છે.

આવા અનુભવો પછી, સંધ્યાના રંગ જેવા આ માનવ-જીવનને જ્યારે આપણે અંતરચક્ષુથી નિરીક્ષણ કરીએ. ત્યારે કવિશ્રી નરસિંહરાવની પેલી પંક્તિઓ વેદનાભર્યા ચિત્કાર સાથે નિકળે છે:-

**"આ માનવ-જીવનની ઘટમાળ એવી;**
**દુ:ખ પ્રધાન સુખ અલ્પ થકી ભરેલી."**


## -: પરદેશના ગ્રાહક બંધુઓને :-

પરદેશમાં વી. પી. થતું નથી તો લવાજમ પુરૂં થયે મનીઓર્ડર, ક્રોસ સિવાયનો પોષ્ટલ ઓર્ડર કે નીચેના કોઈ પણ સ્થળે લવાજમ ભરવા વિનંતિ છે.

| | | |
|---|---|---|
| **શ્રી દામોદર આશકરણ** | પોષ્ટ બોક્ષ નં. ૬૪૯ | **દારેસલામ** |
| **શ્રી તારાચંદ ડી. શાહ** | પોષ્ટ બોક્ષ નં. ૨૦૭૦ | **નૈરોબી** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૧૧૨૮ | **મોમ્બાસા** |
| **શ્રી રતિલાલ ઓત્તમચંદ સંઘવી** | પોષ્ટ બોક્ષ નં. ૪૪૮ | **જંગબાર** |
| **શ્રી મેઘજી ખીમજી ગુઢકા** | પોષ્ટ બોક્ષ નં. ૨૧૯ | **કીસુમુ** |
| **શ્રી મેઘજીભાઇ રૂપશી** એન્ડ કું. | પોષ્ટ બોક્ષ નં. ૭ | **ન્યેરી** |
| **શ્રી દેવશીભાઈ જીવરાજ** | પોષ્ટ બોક્ષ નં. ૯૧ | **થીકા** |

કલ્યાણ માસિક વાર્ષિક લવાજમ રૂા. ૫-૦-૦

# વિજયમાં પલટાયેલો પરાજય!

## બાલમુનિ શ્રી મૃગેન્દ્રમુનિજી મહારાજ.

આકાશ અને પાતાળ વચ્ચે જેટલું અંતર, તેટલું જ અંતર વિજય અને પરાજય વચ્ચે રહેલું છે. **પરાજય એ કાવ્ય છે અને વિજય એ કાવ્યની પુણ્ય પંકિત છે.** એટલે જ વિજય કરતાં પરાજયની પરિભાષા ઘણી અગમ્ય હોય છે. આમ કાવ્યની ભાષા મધુર હોવા છતાં એટલી જટિલ પણ હોય છે. તેથી સામાન્ય માનવી જેવી રીતે સીધી ને સાદી ચાલુ ભાષાના અર્થને ઉકેલી શકે છે, તેવી જ રીતે ને તેટલી જ સરળતાથી કાવ્યની ભાષા–કવિતાને ઉકેલી શકતો નથી. કારણ પ્રજ્ઞાની પરિપકવતા વિના ન એ ભાષા સમજાય કે ન તો ઉકેલી શકાય!

અવનતિની અટવીમાં ઘણાં પ્રાણીઓ અટવાઇ રહ્યાં હોય છે પણ તેવાં પુણ્ય–પ્રસંગો પામી જ્યારે ઉન્નતિના ઉદ્યાનમાં વિહરવા માંડે છે, ત્યારે એનો એ પરાજય વિજયની દિશામાં ફેરવાય જાય છે. આગેકૂચને માટે થયેલી પીછેહઠ એ પરાજયનું નહિં પણ વિજયનું જ પ્રતીક ગણાય છે. તેમ અહીં પણ શ્રી અનંતલબ્ધિનિધાન શ્રી ગૌતમ–ઇન્દ્રભૂતિજીનો પરાજય એ એનાં આત્મ–વિજયના પગરણનું જ્વલંત પ્રતીક હતું...

(૧)

આજે મહસેન વન–ઉદ્યાન દેવતાઓની દિવ્ય ઘોષણાઓથી મુખરિત બન્યું હતું, કોકિલાઓ પણ કુહૂ–કુહૂના મધુર સ્વરે સૃષ્ટિ–કાવ્યનું કીર્તન કરી રહી હતી. તેજ ઉદ્યાનમાં સર્વજ્ઞ શ્રમણ ભગવાન શ્રી મહાવીર પ્રભુની પધરામણી થઇ.

સોનામાં સુગંધ ભળે એવો તો એ પ્રસંગ હતો. દેવ–દેવેન્દ્રોએ ભવ્ય સમવસણ રચ્યું. ને પ્રભુએ દેશના દેવાની શરૂઆત કરી...

આ તરફ શ્રી ગૌતમ ઇન્દ્રભૂતિજી યજ્ઞવાટિકામાં યજ્ઞોત્સવ કરી રહ્યા હતા, ઉદ્યાનમાં પધારેલા 'સર્વજ્ઞ'ના નામથી જ એમનું હૃદય સાગરના તરંગોની માફક અચાનક જ ખળભળી ઉઠયું. તેમણે તરત જ વિવાદની યુદ્ધભૂમિમાં જવા પ્રયાણનો પગ ઉપાડયો. ને જાણે પૃથ્વીએ આંચકો અનુભવ્યો.

'ત્યારે શું તમે જ જવાના?' તેમના લઘુભ્રાતા અગ્નિભૂતિએ પૂછ્યું.

'હા... કેમ?'

'કમલ ઉખેડવા ઐરાવણની જરૂર ન હોય. એવું કામ તો આપણા સામાન્ય શિષ્યથી થઇ શકે છે, તો કૃપયા મને જ જવા દો.' અગ્નિભૂતિએ કહ્યું: 'હા, બરાબર છે, તે સર્વજ્ઞના આડંબરનું અપહરણ કરવા નથી તારી જરૂર, કે નથી મારી. તે માટે તો આપણો વિદ્યાર્થી જ બસ છે.' ઇન્દ્રભૂતિએ સહાનુભૂતિ દર્શાવી.

'તો પછી તેને મોકલો અથવા તો એટલેથી જ સંતોષ...' અગ્નિભૂતિએ કહ્યું.

'એમ ન બને. જવું તો મારે જ' ઇન્દ્રભૂતિ બોલ્યા.

'કેમ વારૂ, આટલો આગ્રહ શા માટે?' અગ્નિભૂતિએ પુનઃ પ્રશ્ન કર્યો.

'જેને તું આગ્રહ માને છે, પણ વસ્તુતઃ એ આગ્રહ નથી પણ...મારી દૃઢતા છે.' એટલેથી તેમનું વક્તવ્ય પૂર્ણ ન થયું, તેઓએ આગળ ધપાવ્યું.

'કારણ સતી ગણાતી સ્ત્રીઓથી પણ એકજ વાર શીયલનો ભંગ થાય તો એ હંમેશ માટે અસતી જ ગણાય, તેમ મેં હજારો વાદીઓને પરાસ્ત કરી સર્વજ્ઞનું બિરૂદ મેળવ્યું અને સામે ઉપસ્થિત સર્વજ્ઞનાં આડંબરને જો હું છીનવી ન લઉં તો સદા માટે અસર્વજ્ઞતાનો આરોપ મારી ઉપર રહ્યા કરે. વળી એકજ ગગનમંડલમાં કદી બે સૂર્ય ઉગ્યા છે? કે એક જ ગિરિ–ગુફામાં કદીયે બે સિંહો વસતા સાંભળ્યા છે? નહિં જ.

તો પછી આ પૃથ્વી–પટ ઉપર કદીયે બે સર્વજ્ઞનો વસવાટ થવો એટલો જ અસંભવિત છે.'

અગ્નિભૂતિને હવે કશુંયે બોલવા જેવું ન રહ્યું. આખરે તેમણે 'હા માં હા' કહેવી પડી; શિષ્યગણ સાથે ઈન્દ્રભૂતિનું પ્રયાણ ત્યાંથી થઇ ચૂકયું...પણ એ પોતે એટલું ન્હોતા જાણી શકયા કે આ મારૂં વિજય-

પ્રયાણ પરાજયના રૂપમાં બદલાઈ જશે ! **यद् भावि तद् भवत्येव.** જે થવાનું હોય તે થાય જ છે, એ ઉક્તિની સામે તેમની બુદ્ધિમત્તા હારી ગઈ. ને એ ઉક્તિનો વિજય થયો એ શું કહેવાય ? એનું નામ જ ભવિતવ્યતા.

સાથે સાથે એ પણ કોણ જાણી શકયું હતું કે એ જ પરાજય એમના આત્મ-વિજય માટે નીવડશે. બિરૂદાવલિ પોકારતો તેમનો શિષ્યગણ તે ઇન્દ્રભૂતિની સર્વજ્ઞતાને વ્યાપક બનાવવા મથી રહ્યો હોય એમ જણાતું હતું. આ બાજુ ઇન્દ્રભૂતિનું મન પણ અંદર-ખાને પોતાની સર્વજ્ઞતાની ચિકિત્સા કરી રહ્યું હતું. તે તે ચિકિત્સા આ રહી: 'મારામાં કોઇ પણ વાતની ઉણપ નથી. સાહિત્યમાં કેળવાયેલી તો મારી બુદ્ધિ છે. લક્ષણશાસ્ત્રમાં દક્ષત્વ તો મારૂં જ. તેમજ તર્ક-શાસ્ત્રોમાં તો પૂછવાનું જ નહિં, તેમાં તો ઘડાઇ ઘડા-ઇને જાણે બુદ્ધિ કર્કશ જ થઇ ગઇ છે.'

કેવી તો એ તાર્કિક-શક્તિ ? ને કેવી તો તેની ખીલવણી ?

કે જેમને પોતાના જ આત્મા ઉપર શ્રદ્ધા રહી નહતી. કેવા તો એ હશે મહાન-તાર્કિક ? રે મિથ્યાજ્ઞાન !

એમનું મન વૈવિધ્ય ઉપમાઓદ્વારા ઉપમા-ઉપમે-યભાવને ઘડી રહ્યું હતુ; 'અરે ! શેષનાગ સમાન મારા મણિ જેવા સર્વજ્ઞપણાને ખેંચવા કોણે હાથ પ્રસાર્યો છે ? કુતૂહલ રૂપે કરેલું એનું સાહસ નક્કી જીવલેણ થશે.' એમનું આંતર-મન્થન પૂરૂં ન થયું ત્યાં તો એ સમવસરણભૂમિ આવી ગઇ...

ત્યાં સમવસરણમાં બિરાજમાન પ્રભુને જોતાં જ તેમના વિચાર-વલણે વળાંક લીધો. તેમની દૃષ્ટિમાંથી નીકળતી ઉષ્મા શીતલતામાં સમાઈ ગઇ. વિચારના વિનિમયમાં તેમનું માનસ ઢળી પડયું.

'શું આ તે બ્રહ્મા છે ? ના, ના. તે તો જરાથી જર્જરિત છે. તો શું વિષ્ણુ છે ? તે પણ, નહિ, તે તો રંગે શ્યામ છે. તો શું ચન્દ્ર છે ? ના, તે તો કલંકથી કલંકિત છે, તો શું સૂર્ય હશે ? તે પણ નહિં, તે તો પ્રચંડ તાપવાળો છે. નથી સમજાતું એ કોણ હશે ?

'હા. હા. થનાર ચરમ તીર્થપતિ વિભુ વર્ધમાન... એ તો કદાચ ન હોય ? હવે એનું ગતિશીલ ચિંતન મંદ બન્યું...પણ એ બીજા જ તરંગોમાં ઉછળી રહ્યા હતા. 'હવે કોઇ ઉપાય ?' અગાધ ચિંતન-સાગરના તળીયે તેમણે ડૂબકી મારી. ને એક મૌલિક રત્ન તેમને લાધ્યું. તેમની મુખાકૃતિ ઉપર ઘેરાયેલી નિરા-શાની છાયા આશાના દિવ્ય-પ્રકાશમાં ઓસરી ગઇ. ને અંદરથી શૂન્ય મનસ્ક છતાં બહારથી તેમની મુખ-મુદ્રા તેજસ્વી જણાતી હતી; 'જો મારૂં દૈવ મને અનુકૂળ હોય ? ને માની લ્યો કે મારો અહીં કદાચ વિજય પણ થઇ જાય ? તો ત્રણે લોકમાં મારૂં સર્વજ્ઞ-શિરોમણિ' એ વિશેષણ સાર્થક તો શું... પણ અમર જ થઇ જાય ને ?

ખરૂં પૂછો તો-તે ઇન્દ્રભૂતિજી હમણાં કલ્પનાના હિંડોળે ઝૂલી રહ્યા હતાં. નજીક આવ્યા એટલે 'ગૌતમ ઇન્દ્રભૂતે ! તું કુશળતાથી આવ્યો છે ને ?' ભગવાન શ્રી મહાવીરદેવે તેમને સંબોધનથી સંબોધ્યા...' જાણે વન-વગડામાં વાંસળીનો મધુર સૂર સંભળાયો.'

'શું આ મારૂં નામ પણ જાણે છે ? કેમ ન જાણે. વિશ્વવિખ્યાત એ નામ કોનાથી અજાણ્યું છે ? પણ...જો ગુપ્તમાં ગુપ્ત અને નિગૂઢ જે સંદેહ છે તેને ઉકેલી દે તો હું જાણું કે આ સર્વજ્ઞ ! બાકી નહિં.'

'ઇન્દ્રભૂતે ! શું તને આત્મવિષયક સંદેહ છે ? તો તું વેદવાકયનો અર્થ બરોબર કેમ વિચારતો નથી ?'

આ બાજુ એમની માનસિક વિચારધારા અને આ તરફ પ્રભુદ્વારા ઉકેલાતો તેમનો સંદેહ. એમ બન્નેનાં સંઘર્ષણથી એવું તો એમનાં મનમાં પડઘાનું પ્રતિબિમ્બ પડયું કે-થોડીવાર સુધી તો એ કાંઇ નિશ્ચય કરી ન શકયા. શું આ તે ગંગા-પ્રવાહનો ધોધ છે ? કે સમુદ્ર-મંથનનો એ અવાજ છે ? અથવા તો શું આદિ બ્રહ્મ-ધ્વનિ છે ? ઇત્યાદિ કલ્પના ચિત્રોને એ માનસ પર જોતા જ રહ્યા...

૨

હવે ઇન્દ્રભૂતિજીની વિજયની ઝંખના ઉપર જિજ્ઞા-સાનું મોજું ફરી વળ્યું. ને તેની મનોવૃત્તિ વેદ-કડીનો સાચો અર્થ સમજવા ઉત્સુક બની. આ રહી તે વેદ-કડી...

'विज्ञानघन एवैतेभ्यो भूतेभ्य: समुत्थाय तान्येवानुविनश्यति, न च प्रेत्यसंज्ञाऽस्ति.॥ (બૃહદારણ્યક. ઉપનિષદ ૨. ૪. ૧૨.)

ઉપર્યુક્ત વેદ-વાક્યના અર્થની અસંગતિથી જ તારા આ પ્રશ્નની ઉપસ્થિતિ થઇ છે.'

'પ્રભો! શી રીતે?' ઇન્દ્રભૂતિએ પૂછ્યું:

ભ. શ્રી મહાવીરદેવ— '**विज्ञानघन**-ગમન-આગમન ઇત્યાદિ ચેષ્ટાવાળી શક્તિ જ **एतेभ्यो भूतेभ्य: समुत्थाय**-પૃથ્વી, પાણી, તેજ, વાયુ, આકાશ આ પાંચ ભૂતોમાંથી પ્રકટ થાય છે. જેમ મદ્યના (કિણ્વ, ઉદક આદિ.) અંગો એકઠાં થવાથી માદક શક્તિ ઉત્પન્ન થાય છે તેમ. વળી **तान्येवानुविनश्यति**-તે પાંચ ભૂતો પાછા તે પાંચ ભૂતોમાં જ વિલય પામે છે. અર્થાત્ તે શક્તિ પણ પાછી તેમાં જ સમાઇ જાય છે પાણીમાંથી પ્રકટ થયેલા પરપોટા જેમ પાછા પાણીમાં જ પરિણમે છે તેમ. પરન્તુ **न च प्रेत्यसंज्ञाऽस्ति.** અર્થાત્-પરલોક યાને પુનર્જન્મ નથી. કારણ પાંચ ભૂતોથી અતિરિક્ત કોઇ આત્મા જેવી વસ્તુ જ ન હોવાથી પરલોક જેવું કશુંયે નથી... એમ માનવું રહ્યું.

બીજું આત્મ-સાધક પ્રત્યક્ષાદિ પ્રમાણોથી પણ તેની સિદ્ધિ થતી નથી. છતાં કેટલાંક વેદપદો આત્માનું અસ્તિત્વ સ્વીકારે છે, તેનું શું?

એ પ્રમાણે પ્રભુએ મધુર વાણીથી ઇન્દ્રિભૂતિનો મનોગત સંદેહ કહી સંભળાવ્યો...

**શંકાનું દૂરીકરણ અને આત્મતત્ત્વનું સ્થાપન:**

ભ. શ્રી મહાવીર દેવ—પણ ઇન્દ્રભૂતે! જે તારા સંદેહના કારણો છે. તે પૈકી જે વેદ-વાક્ય છે તેનાથી જ આત્મસિદ્ધિ થઇ શકે છે. સાંભળ? **विज्ञानघन**-વિશેષ પ્રકારનાં જ્ઞાન-દર્શન (જાણવું અને જોવું)ના ઉપયોગ રૂપ જે **વિજ્ઞાન.** અને તે વિજ્ઞાનથી અત્યંત અભિન્ન હોવાના કારણે યાને એક રૂપ થઇ ગયો હોવાના કારણે આત્માનો '**विज्ञानघन**' એ પદથી પણ નિર્દેશ થાય છે. **एव**-પદથી એ જાણવું કે આત્મા અને વિજ્ઞાનઘન એ બન્ને એટલાં તો ઐક્ય અભિન્ન છે, કે જે આત્મા છે તે જ વિજ્ઞાનઘન અને જે વિજ્ઞાનઘન છે તે જ આત્મા. એવું ફલિત થાય છે [1].

**एतेभ्यो भूतेभ्य: समुत्थाय**- એ પદથી ઘટ, પટ વગેરે ભૂતો છે. તેનાથી વિજ્ઞાનઘન-આત્મા જ્યારે ઘટ વિજ્ઞાન રૂપે કે પટ વિજ્ઞાન રૂપે ઉત્પન્ન થાય છે. ત્યારે આત્મા તે તે વિશેષ પર્યાયને પામી તેવા તેવા જ્ઞાનવાળો બને છે.

**तान्येवानुविनश्यति**-જ્યારે ઘટાદિનું જ્ઞાન નાશ પામે છે. ત્યારે આત્માનો ઘટરૂપી જ્ઞાનનો પર્યાય પણ નાશ થાય છે. અને અન્ય વસ્તુના જ્ઞાનથી વર્તે છે. કાંઇ નહિ તો સામાન્યપણે પ્રવર્તે છે

ઇન્દ્રભૂતિ—વિજ્ઞાનની ઉત્પત્તિ ભૂતોથી થઇ એટલે વિજ્ઞાન એ પણ ભૂતોનો જ ધર્મ ગણાય ને?

ભ. શ્રી મહાવીર દેવ—ના. વિજ્ઞાન એ ભૂતોનો ધર્મ નથી તો કેમ ગણાય? વિજ્ઞાન-સંતતિ (પ્રવાહ) તો ચાલુ જ હોય છે. તેનો સામાન્ય રૂપથી કદી નાશ થતો નથી. નાશ થયા કરે છે માત્ર વિશેષ વિજ્ઞાનનો; જો! વેદપંક્તિ જ શું કહે છે!

'अस्तमिते आदित्ये याज्ञवल्क्य? चन्द्रमस्यस्तमिते, शान्तेऽग्नौ. शान्तायां वाचि, किं ज्योतिरेवाय परुष:? आत्मज्योतिर्ज्योति रेवायं सम्राडिति'

હે યાજ્ઞવલ્કય? જ્યારે સૂર્ય-ચન્દ્ર અસ્ત થઈ જાય, અગ્નિ શાન્ત થઈ જાય, વાણી શાન્ત થઇ જાય, ત્યારે પુરૂષમાં કઇ જ્યોતિ હોય છે.? ત્યારે માત્ર આત્મ-જ્યોતિ જ જ્વલંત હોય છે. આગળ '**न प्रेत्यसंज्ञाऽस्ति.** એટલે કે-આત્મા જ્યારે ઘટના જ્ઞાનથી નિવૃત્ત થઈ અન્ય વસ્તુના જ્ઞાનમાં પ્રવર્તમાન હોય છે ત્યારે પહેલાંની ઘટની સંજ્ઞા રહેતી નથી, આથી કહેવાય છે કે:-

**गयणं जहा अरुवी, अवगाह गुणेण धिप्पई त तु ।**
**जीवो तहा अरुवी, विन्नाणगुणेण घित्तव्वो ॥**

અર્થાત્-જેમ આકાશ અરૂપી છે. છતાં અવકાશ ગુણથી તે ગ્રહણ થાય છે. તેમ આત્મા પણ અરૂપી છે છતાં જ્ઞાન-ગુણથી ગ્રહણ કરવો. આથી જ્ઞાન ગુણ સ્વ-સંવેદન રૂપ (Sensation.) હોવાથી આત્મા પ્રત્યક્ષ જ છે'

---

૧. આથી-નૈયાયિક મતે જ્ઞાન અને આત્માનું તદ્રૂપ ન હોવાથી આત્મા જડ રૂપ મનાય છે, તે અસત્ય છે.

આ પ્રમાણે મધુર છતાં પ્રભુની વેધક વાણીએ ઇન્દ્રભૂતિજીના સંશયને વીંધી નાખ્યો, થોડીવાર પહેલાંના એ ગર્વિત ગૌતમ ઇન્દ્રભૂતિજી હમણાં વિનયથી વિનમ્ર જણાતા હતાં. કેવો તો એ હશે વિભુ વર્ધમાનની વાણી રૂપી વીજળીનો કરંટ? જોત-જોતામાં એકલાં નહિ પણ પાંચસોના પરિવાર સાથે ઇન્દ્રભૂતિજી પ્રવ્રજિત બન્યાં. પ્રભુએ પણ વાસક્ષેપ નાંખી શ્રી ઇન્દ્રભૂતિજીને ગણધરપદે સ્થાપિત કર્યાં. સૌએ ભાવભર્યાં હૈયે વન્દન કર્યું:

પરંતુ દીક્ષાનું આ દિવ્ય દૃશ્ય અગ્નિભૂતિ વગેરેથી જોયું જતું નહોતું. કાલે ઉઠીને કદાચ સમુદ્ર પોતાની મર્યાદા મૂકી સૃષ્ટિને સાગરનો સ્વાંગ પહેરાવી દે, તો પણ આ મારો ભાઈ આમ પરાજય તો ન જ પામે. પણ આ દૃશ્યે તેના નિશ્ચયની પોકળતા પરખાવી દીધી; છેવટે તેઓનાં પણ સંશયો છેદાઇ ગયાં અને પરિવાર સાથે સૌએ પ્રવ્રજ્યા સ્વીકારી. આ છે અનુયાયીઓની સાચી અનુકરણતાનું મૂર્ત સ્વરૂપ. બાકી તો દંભ જ. અત્યારસુધી તે બધાની પ્રગતિની આગળ અહંકારનું વિરામચિહ્ન પડ્યું હતું. પછી બિચારી પ્રગતિ આગેકૂચ કરે શી રીતે? કિંકર્તવ્યમૂઢ એ પ્રગતિ ત્યાંથી નાસી છૂટવાની કયારની પ્રતીક્ષા કરી રહી હતી તે અહંકારના વિરામચિહ્નને ઉઠાવવા કોઈનીયે તાકાત નહોતી રહી. બસ. ભ૦ શ્રી મહાવીરદેવે તે વિરામચિહ્નને ઉઠાવી લીધું ને તે બધાયનો પ્રગતિનો રાહ ખુલ્લો કર્યો...

હવે તો ભ૦ મહાવીરની સુધામયી વાણી-સરિતામાં શ્રી ઇન્દ્રભૂતિજી મહારાજાનો પ્રજ્ઞા-પ્રવાહ વહેવા લાગ્યો... નહિ આડો જાય? કે ન ટેડો જાય? સીધો ને સીધો એ ચાલ્યો જ જાય. ન તો એ સરિતાના બન્ને કાંઠા ઉલ્લંઘે? કે ન તો એ મન્દ-અમન્દ ગતિશીલ બને? કોઇ'દિ પણ એ પ્રવાહને સરિતાથી વિખૂટા પડી સ્વતંત્ર જવાનો વિચાર સરખોયે ન આવે? અહાહા. કેવી તો એ સરિતા ને કેવો તો એ પ્રવાહ? એના જેવી જોડી શોધી ન મલે. પણ આસો વ. ૦)) એ સુધામયી સરિતાનું પૃથ્વી પરથી મહાભિનિષ્ક્રમણ થયું, પરંતુ એ કયાં ભૂલાય તેવું છે? કે જેણે છેલ્લે છેલ્લે સહુને આકંઠ સુધામયી વાણીનું પાન કરાવ્યું હતું. એનો આસ્વાદ હજીયે ભૂલાતો નથી. બસ! એ હવે અદૃશ્ય સરિતા બની. પણ પેલો પ્રજ્ઞા-પ્રવાહ એકલો અટૂલો પડયો કયાં જાય? ને કયાં વિહરે? એને મન એ મોટી ચિંતા હતી. સરિતા જે ચીલો પાડી ગઇ હતી ત્યાં એ પ્રવાહ વિહરવા લાગ્યો. તો પણ શું? પુણ્યમયી સરિતા સાથે એકમેક થઇને વિહરવાનું તો નહિંજને? તે આનંદ આ એકલા પડેલા પ્રવાહને કયાંથી મલે? પણ એ પ્રજ્ઞા-પ્રવાહ કયાં નહોતો સમજતો? કે તન્મય થઇને વિહરવાનો સંબંધ અનિત્ય છે. ગમે ત્યારે પણ છોડયે જ છૂટકો? એ બધુંયે સમજતો હતો. અરે! નામ એનું પ્રજ્ઞા-પ્રવાહ ...પછી તો તે જ પ્રજ્ઞાપ્રવાહ પેલી સ્વર્ગીય સરિતાની જેમ જ વિહરવા લાગ્યો. સમય જતાં તે પણ પૃથ્વીપરથી વિદાય લઇ પેલી પુણ્યમયી પતિતપાવની સરિતામાં પાછો સમાઇ ગયો. પોતાનું સ્થાન તેણે પાછું મેળવી લીધું. પૃથ્વી પર કદી નહિ ઉતરવાની તે નહિંજ ઉતરવાની???

અહો કેવું તો એ આશ્ચર્ય..?

(૧) જેવું અહંકારનું વિરામચિન્હ પણ એની આત્મિક પ્રગતિ માટે નીવડયું.

(૨) એનો પરાજય પણ એના આત્મિક-વિજય સારૂ નીવડયો.

(૩) અને પ્રભુ પ્રત્યે કરેલી આટલી અવજ્ઞા પણ ગર્વની પરાકાષ્ટાએ પહોંચેલા શ્રી ગૌતમસ્વામીને માટે વિનયાદિ ગુણોથી વિનમ્ર બનાવનારી થઇ. અને પોતાની અલ્પતાનો અનુભવ કરાવનારી બની.

(૪) 'રાગ' કર્મબન્ધનનું કારણ હોવા છતાં એમને તો ગુરૂ-ભક્તિ માટે જ નીવડયો. ને તે જ રાગે તેમને નિઃશ્રેયસની પ્રાપ્તિ કરાવી.

જગતનાં અવનવા આશ્ચર્યો કરતાં આ આશ્ચર્યો અતિગહન છે, તેથી તેનો ઉકેલ વિચાર, મનન અને નિદિધ્યાસનથી આપણે કરી શકીએ છીએ...

# વંદન હો સતી સુભદ્રાને !

## પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહારાજ

૧

અસંખ્ય વર્ષોના કાળનાં મોજાં ફરી વળવા છતાં ય જે મહાપુરુષો અને મહાસતીઓની શુભ નામાવલીનું સાધુ-સાધ્વી અને શ્રાવક-શ્રાવિકા-રૂપ ચતુર્વિધ સંઘ પ્રતિદિન વહેલી સવારે આવશ્યક વેળાએ ભરહેસરની સજ્ઝાય ભણતાં સ્મરણ કરે છે, અને પોતાની જિહ્વા પાવન કરે છે, તેમનું જીવન કેટલું ઉચ્ચ અને આદર્શ હશે? કેટલું નિર્મળ અને કેટલું પવિત્ર હશે?

એ પવિત્ર આત્માઓનાં જીવન-ચરિત્રો શ્રવણ કરતાં ભવ્યાત્માઓને અદ્ભુત પ્રેરણા મળે છે, અને તે દ્વારા તેમના જીવન ઉન્નત અને ઉર્ધ્વગામી બને છે, અને તેથી જ એ વારંવાર કહેવાય છે અને વિવિધરૂપે વિવિધ સ્વરૂપે રજૂ થાય છે. અહીં અમે સતી સુભદ્રાનું ચરિત્ર એ જ રીતે રજૂ કરીએ છીએ.

૨

તે સમયની આ વાત છે, જ્યારે વસંતપુર નગરમાં રાજા જીતશત્રુની આણ પ્રવર્તતી હતી અને જિનદાસ નામનો મહાબુદ્ધિશાળી મહામાત્ય તેનું રાજતંત્ર અવ્યાબાધ રીતે ચલાવતો હતો, એ મહામંત્રીને તત્ત્વમાલિની નામની તત્ત્વજ્ઞા પત્ની હતી, તેની કૂક્ષીએ સુભદ્રાનો જન્મ થયો હતો, રૂપરૂપના અંબારસમી સુભદ્રા બુદ્ધિએ તીક્ષ્ણ હતી, જીવાજીવાદિ તત્ત્વોની ભારે જાણકાર હતી, દેવ-ગુરુ અને ધર્મની આરાધના એ જ એનું જીવનવ્રત હતું.

પ્રાતઃકાલના પદ્મની જેમ એનું યૌવન ખીલી ઉઠયું. સાથે લજ્જા, સંસ્કારિતા અને વિનયાદિગુણો પણ વિકાસ પામ્યા. જળથી ભરેલા સરોવરમાં જેમ પક્ષીઓનું આકર્ષણ સ્વાભાવિક જ થાય છે, તેમ રૂપ, લાવણ્ય અને સંસ્કારનો સુમેળ જામ્યો હોય ત્યાં લોકોનું આકર્ષણ થાય તેમાં નવાઇ નથી. મોટા-મોટા ઘરોમાંથી સુભદ્રાને માટે માગાં આવ્યાં. ખાનદાન ગણાતા કુટુંબોએ પોતાના પુત્ર માટે સુભદ્રાની માગણી કરી, પણ મહામંત્રી જિનદાસને કોઇની વાત ધ્યાનમાં ન બેઠી. કારણ કે પોતે ચૂસ્ત શ્રાવક હતા, જૈનધર્મના અનન્ય ઉપાસક હતા, તેથી જેની તેની સાથે પોતાની પુત્રીને પરણાવવા ઇચ્છતા નહોતા, તેઓ સુશીલ અને ધર્માનુરાગી યોગ્ય વર મળે તે માટે તીવ્ર ઉત્કંઠા રાખતા હતા.

એવામાં ચંપાનગરીના બુદ્ધદાસ નામના એક યુવાને સુભદ્રાનાં વખાણ સાંભળ્યાં, તેના રૂપગુણની પ્રશંસા સાંભળી, એટલે તેને થયું કે-પરણવું તો સુભદ્રાને જ પરણવું; પરંતુ તેણે એ પણ સાંભળ્યું હતું કે- તેના માતા-પિતા અત્યંત ધર્મચૂસ્ત છે. અને તે જૈન સિવાય બીજાની સાથે પોતાની પુત્રીને પરણાવવા ઇચ્છતા નથી, એટલે કામ ઘણું કપરું હતું. કારણ કે પોતે બુદ્ધનો અનુયાયી હતો અને આખું કુટુંબ બૌદ્ધ ધર્મ પાળતું હતું. પરંતુ તે મુશ્કેલીથી ડરી જાય તેમ ન હતો, ગમે તેવી મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢીને આગળ વધવું એ સિદ્ધાંતનો તે હતો. એટલે તેણે ઉપાયો વિચારવા માંડયા, અને તેમાં એક ઉપાય આબાદ હાથ આવી ગયો!

'જૈનધર્મના આચાર-વિચારનું જ્ઞાન મેળવી લેવું, એક ચુસ્ત જૈન તરીકે દેખાવ કરવો અને ધારી મુરાદ બર લાવવી' એ રીતે થોડા દિવસમાં બુદ્ધદાસે જૈનધર્મના આચાર-વિચાર જાણી લીધા અને એ એક ચૂસ્ત શ્રાવક બન્યો.

'દગલબાજ દુના નમે' એ ન્યાયે માયાવી શ્રાવક બની બુદ્ધદાસે સુભદ્રાના માતા-પિતાનું ચિત્ત હરી લીધું. મંત્રીએ તેને જમવાનું આમંત્રણ આપ્યું, ત્યાં બુદ્ધદાસે ખૂબ ત્યાગવૃત્તિ દાખવી, મારે અમુક દ્રવ્યોનો ત્યાગ છે, અમુક વસ્તુના પચ્ચક્ખાણ છે વગેરે.

આ પ્રકારની બાહ્ય રીત-ભાતથી જિનદાસ મંત્રી આકર્ષાયા. અને પોતાની પુત્રી સુભદ્રાને આપવા નિર્ણય કર્યો.

શુભ મુહૂર્તે સુભદ્રાનાં લગ્ન લેવાયાં, પતિ સાથે સુભદ્રા સાસરે સિધાવી. સુભદ્રાના માતા-પિતા મનમાં ખૂબ હરખાયા કે ઠીક યોગ્ય વર મળી ગયો. માથેથી મોટી ચિંતા ટળી.

૩

રાખ ઢાંકયો અગ્નિ કયાં સુધી છાનો રહે? જરાક પવનના ઝપાટાથી જેમ રાખ ઉડે અને અગ્નિ પોતાનું સ્વરૂપ પ્રગટ કરે તેમ સૌએ પોત પ્રકાશ્યું. સુભદ્રાને એ વાતની ખબર પડી કે-આ બધા તો મિથ્યાત્વી છે, ખરેખર હું ઠગાણી, મારા માતા-પિતા પણ ઠગાણા, પણ હવે થાય શું ? કહ્યું છે કે-

सकृत् जल्पन्ति राजानो
सकृत् वल्गन्ति साधवः ।
सकृत् कन्याः प्रदीयन्ते
त्रिण्येतानि सकृत् सकृत् ॥

[રાજાનું વચન એક હોય છે, સાધુઓ પણ એક એક વાર જ બોલે છે, અને કન્યા પણ એક જ વાર અપાય છે.]

સતી સ્ત્રી મનથી પણ બીજા પતિને ચાહતી નથી. સુભદ્રા હંમેશાં પોતાની ધર્મક્રિયામાં આરાધનામાં લીન-તલ્લીન રહેતી હતી. આ બધું સાસુથી ન સહેવાયું. તે સુભદ્રાના છિદ્રો નિહાળ્યા જ કરતી, અને મનમાં બબડતી હતી કે આ વળી ઢોંગ શા ? વાત-વાતમાં ધર્મ, ધર્મ ને ધર્મ ! ઓહો જુઓને ધર્મની ઢીંગલી ન જોઇ હોય તો !

વાતે વાતે સાસુ સુભદ્રાને ધમકાવે, ઘડીએ ઘડીએ છણકા કરે. પરંતુ આ બધુંય અમૃતના ઘૂંટડાની જેમ સુભદ્રા ગળી જતી અને સાસુનો વિનય સેવા વગેરે કાર્યોમાં સતત તત્પર રહેતી હતી. એની ફરજનું એને સંપૂર્ણ ભાન હતું.

આમ દિવસો અને મહિનાઓ વીત્યા, એક વખત ચંપાનગરીમાં એક મહાન તપસ્વી સંતના પગલાં થયાં. જેઓ માસખમણનાં પારણે માસખમણની ઉગ્ર તપશ્ચર્યાદ્વારા જીવનને નિર્મળ અને પવિત્ર બનાવી રહ્યા હતા. પારણાના દિવસે તેઓ ગૌચરી માટે ગામમાં પધાર્યા, એવામાં ભારે વંટોળ ચઢયો અને એ તપસ્વીમુનિની આંખમાં એક તિક્ષ્ણ તણખલું ખુંચી ગયું.

તેઓ મહાત્યાગી હતા. શરીરની પરવા કરે તેવા ન હતા, તેથી તેમણે આંખમાંથી તણખલું કાઢવાની દરકાર ન કરી, તેઓ ફરતા ફરતા સુભદ્રાને ઘેર આવ્યા અને ધર્મલાભ કહીને ઘરમાં પ્રવેશ કર્યો. પોતાના આંગણે ભિક્ષા માટે એક મહાતપસ્વી સંતને જોઇ સુભદ્રાને અત્યંત આનંદ થયો. તેણે વિનયપૂર્વક વંદના કરી અને સુઝતો આહાર વહોરાવવાની તૈયારી કરી. એવામાં તેની નજર મુનિના મુખ પર પડી તેમની આંખને નુકસાન થશે ! અરે આંખ તો આ કાયાનું મહાન રત્ન છે.

સુભદ્રા ઘણી ચતુર હતી. તેણીએ તરત જ લઘુ-લાઘવી કળાદ્વારા પોતાની જીભથી મુનિશ્રીની આંખમાંથી તરણું કાઢી નાંખ્યું. આ કાર્ય તેણે એટલી ઝડપથી કર્યું કે જાણે કંઈજ બન્યું નથી.

મુનિશ્રીને તો કંઈ ખબર જ ન પડી.

સુભદ્રાનું હૃદય હર્ષથી પુલકિત બન્યું કે મેં ઠીક સેવા બજાવી પછી તેણે સુઝતો આહાર વહોરાવ્યો, એટલે મુનિ ત્યાંથી ધર્મલાભ આપી ઘરની બહાર નીકળ્યા, જ્યાં સુભદ્રાની સાસુએ મુનિને જોયાં અને જોતાં જ એ તો ચમકી ઉઠી. આ શું ? મુનિના કપાળમાં તિલક કેમ ?

વાત એમ હતી કે, સુભદ્રાએ જ્યારે જીભદ્વારા મુનિની આંખમાંથી તણખલું કાઢયું, ત્યારે તેના કપાળમાં રહેલું કુંકુમનું તિલક મુનિશ્રીના કપાળે ચોંટી ગયું હતું.

મિથ્યાત્વના રંગથી રંગાયેલી સુભદ્રાની સાસુ સુભદ્રાનાં દૂષણો ખોળતી જ હતી. અને આજે આ તક મળી ગઇ એટલે પૂછવું જ શું ? જ્યાં પોતાના પુત્રે ઘરમાં પગ મૂકયો કે, તેણે ધમપછાડા શરૂ કર્યા, અને 'જોયાં તારી સ્ત્રીનાં ચરિત્ર ?' રાંડે આપણા

કુળને કલંકિત કર્યું ! એ અભાગણી કોઇને સુખે રહેવા નહીં દે, વગેરે પ્રલાપો કરવા માંડયા.

બુદ્ધદાસે કહ્યું 'માતાજી ! શી હકીકત છે ?' માતાએ કહ્યું 'અરે બેટા શું કહું ! એ વાત કહેતાં મારી તો જીભ ઉપડતી નથી, એવું અધમ કામ આ રાંડે કર્યું છે, રાંડને લાજ-શરમે નથી, હું તો બહાર જ બેઠી હતી, ધોળા દહાડે આવા દુષ્કૃત્ય ! અરે ધિક્કાર છે, એના જનમારાને !'

'બેટા ! વાત એમ બની કે હું ઘર બહાર બેઠી હતી અને એક જૈન સાધુ આપણે ત્યાં વહોરવા માટે આવ્યા. તેની સાથે એણે કાળું કામ કર્યું.'

'મને તો કહેતાં ય લાજ આવે છે, એ સાધુ ગયા ત્યારે એના કપાળમાં કુંકુમનું તિલક હતું, મેં મારી સગી આંખે જોયું. દીકરા ! શું કહું ? તારી સ્ત્રી આવી અધમ અને કુલટા છે, એ નીચ સ્ત્રી આપણા ઘરમાં ન જોઇએ, 'ધરમનો દેખાવ કરે છે અને કામો આવાં કાળાં કરે છે !'

સાસુએ બુદ્ધદાસને બરાબર પારો ચઢાવ્યો. પછી કંઇ બાકી રહે ? બુદ્ધદાસ આ વાત સાંભળી સળગી ઉઠયો, એને ભારે કોપ ચઢયો. તેણે સુભદ્રા સાથે બોલવાનું બંધ કર્યું. એટલું જ નહિ પણ તેને તિરસ્કારની નજરે જોવા લાગ્યો.

સુભદ્રા સતી હતી. પવિત્ર હતી, એના રૂંવાડામાં ય ખરાબ ભાવના નહોતી, એણે તો શુદ્ધ બુદ્ધિથી સેવાભાવે આ કાર્ય કર્યું હતું. પણ ભવિતવ્યતાએ પોતાનું તિલક મુનિના કપાળે ચોંટયું અને પોતાને શિરે આળ આવ્યું.

વધારામાં પોતાના નિમિત્તે એક ત્યાગી, તપસ્વી સાધુને કલંક લાગ્યું, એનું પણ એને અપાર દુઃખ હતું. એટલે તરત જ તેણે અન્નપાન તજી દીધાં અને એવો નિર્ણય કર્યો કે જ્યાંસુધી આ કલંક ન ઉતરે ત્યાં સુધી કાઉસ્સગ્ગ ધ્યાનમાં જ રહેવું. એ તો કાઉસ્સગ્ગ ધ્યાનમાં લીન બની. એના શિયળના પ્રભાવે શાસનદેવીનું આસન કંપી ઉઠયું. શાસનદેવીએ અવધિજ્ઞાનથી નિહાળ્યું કે, એક પવિત્ર સતી ઉપર કલંક આવ્યું છે, તે મારે સત્વર દૂર કરવું જોઇએ. શાસનદેવી તેજ ક્ષણે સુભદ્રાની સમક્ષ હાજર થઇ અને જણાવ્યું કે- 'સુભદ્રા ! પારણું કરી લે, કાલે જ તારૂં કલંક ઉતરી જશે.'

દેવીના આગ્રહથી સુભદ્રાએ પારણું કર્યું.

આ તરફ ચંપાનગરીના ચારે દિશાના ચાર મોટા દરવાજાઓ અચાનક બંધ થઇ ગયા. નગરીમાં હાહાકાર મચ્યો. અવર જવર બંધ થઈ, વાહનવ્યવહાર બંધ થયો, હરતા ફરતા અને ચરતા જાનવરો ત્રાસી ઉઠયાં, પ્રજામાં બૂમરાણ મચી. સૌ ત્રાસી તોબા પોકારવા લાગ્યા. પ્રજાએ રાજા પાસે પોકાર કર્યો, 'મહારાજ ! જુલમ ! જુલમ ! નગરીના ચારે દરવાજા બંધ થઇ ગયા છે ! જનાવરો ભૂખે મરે છે, જવું-આવવું કયાંથી ? કેમેય ઉઘડતાં નથી. રાજા તો સાંભળતાં જ આભો બની ગયો, 'શું થયું' શું કોઇ દુશ્મન રાજા ચઢી આવ્યો ? જુઓ, જુઓ મંત્રીરાજ ! તપાસ કરો મોટા મોટા સુભટોને લોખંડના ઘણ દ્વારા દરવાજા તોડવાનો હુકમ આપ્યો. એક બે નહિ, સંખ્યાબંધ સુભટો દરવાજા તોડવા કટિબદ્ધ થયા. પણ કોની મગદૂર છે કે-દરવાજો તોડી શકે ? મૂછે હાથ ફેરવનારા સુભટો ઢીલાઢસ બની ગયા. સૌનું પાણી ઉતરી ગયું. વાત ગઇ મહારાજા પાસે 'મહારાજ ! દરવાજો કેમેય તૂટતો નથી.' રાજા પ્રજા સૌ વગર આમંત્રણે દરવાજા પાસે આવીને ઊભા. હજારો નરનારીઓ કીડીયારાની જેમ ઉભરાણા, સૌના મુખ નિસ્તેજ બની ગયાં, આ વળી શી આફત ? ઓહ, જરૂર કોઇ દૈવી કોપ હશે ? નહિતર આમ ન બને. સૌ ચિંતાગ્રસ્ત બન્યા, અને દુઃખસાગરમાં ડૂબી ગયા. કોઇને કાંઇ જ ઉપાય ન સૂઝયો, તેવામાં આકાશવાણી થઇ કે 'સાંભળો ! સાંભળો !' આવેલા દુઃખને દૂર કરવાનો માત્ર એક જ ઉપાય છે, અને તે એ કે-મન, વચન અને કાયાથી શિયળવ્રત પાળનારી સ્ત્રી જો કાચા સુતરના તાંતણે ચાલણી બાંધી કૂવામાંથી પાણી કાઢીને દરવાજાને છાંટશે તો દરવાજો ઉઘડશે'

આ પ્રકારની આકાશવાણી સાંભળી લોકોને આશા બંધાણી કે-હવે આપણું દુઃખ જરૂર દૂર થશે. કારણ કે આવી સ્ત્રીઓ તો જરૂર આ નગરમાં અનેક મળી રહેશે. સમસ્ત નગરમાં ધમાલ મચી રહી. રાજાની

રાણીઓ પોતાનું સતીત્વ બતાવવા તૈયાર થઇ, શેઠાણીઓ અને મોટા ઘરની વહુઓએ પણ કમ્મર કસી. અને નગરની વચ્ચે કુવો હતો, ત્યાં સહુ આવવા લાગી. પ્રથમ રાજાની માનીતી રાણીએ ચાલણીને કાચા સૂતરથી બાંધીને કુવામાં ઉતારી પણ સૂતરના તાર તટ તટ તૂટી ગયા ને ચાલણી પાણીના તળીયે જઇને બેઠી. બિચારીની ભોંઠપનો પાર રહ્યો નહિ. મોં છુપાવી તે ચાલતી થઇ. પછી બીજી રાણી આવી. તેણે ચાલણીને કાચા સૂતરના તાંતણે બાંધીને પાણીમાં ઉતારી, તો તેના પણ તે જ હાલ થયા. એ બિચારી પણ વિલે મોઢે વિદાઈ થઈ. પછી ત્રીજી રાણી આવી, ચોથી રાણી આવી પણ કોઇ કુવામાંથી ચાલણી ભરીને જળ કાઢી શક્યું નહિ, પછી શેઠાણીઓ અને મોટા ઘરની વહુઓએ પ્રયત્ન કર્યો, પણ તેમાં સફળતા મળી નહિ. ખરેખર ! મન, વચન અને કાયાથી શિયળ વ્રત પાળવું એ ઘણું દુષ્કર છે. અને તે વિરલ સ્ત્રીઓ જ પાળી શકે છે.

હજારો નરનારીઓ એકી નજરે આ દૃશ્યને નિહાળી રહ્યા તે, અને અંદર અંદર વાતો કરે છે. ભારે થઇ, અલ્યા ! ગામમાં કોઇ સતીજ નથી કે શું? રાજાના ખેદનો પાર ન રહ્યો, તે વિચારવા લાગ્યો, 'આ બધી રાણીઓ અસતી જ? મારા અંતેઉરમાં કોઇ સતીજ નથી?

આખરે રાજાએ મંત્રીની સલાહથી નગરીમાં ઢંઢેરો પીટાવ્યો કે–જે કોઇ સ્ત્રી કાચા સુતરના તાંતણે ચાલણી બાંધી કૂવામાંથી જળ કાઢી તેના છંટકાવ વડે નગરીનો દરવાજો ઉઘાડશે તેને અડધું રાજ્ય અને ધનનો ભંડાર આપવામાં આવશે.'

આ પ્રમાણે રાજાની આજ્ઞાથી ચોરે ને ચૌટે, ગલીએ અને શેરીએ સર્વત્ર ઢંઢેરો પીટાવા લાગ્યો. પણ કોઈએ દરવાજો ઉઘાડવાની હામ ભીડી નહીં. એમ કરતાં સુભદ્રાના આંગણામાં ઢંઢેરો પીટવામાં આવ્યો. સુભદ્રાએ તે સાંભળ્યો, એટલે તેને થયું કે– 'હું દરવાજો ઉઘાડું. પણ આ મહાન કાર્યમાં સાસુજીની સંમતિ મેળવવી જોઈએ, સુભદ્રાએ સાસુજીને નમસ્કાર કરી પૂછ્યું: 'સાસુજી ! આપની આજ્ઞા હોય તો હું નગરીના દ્વાર ઉઘાડું !'

સાસુ તો સાંભળતાં જ ત્રાડુકી ઉઠી 'જોઇ તું હવે, તારા ચરિત્ર કંઇ મારાથી અજાણ્યા નથી.' 'તું વળી શું ઉઘાડતી હતી. શું મોં લઇને પૂછવા આવી છે. જા–જા મોં ઢાંક.'

તપેલું સીસુ જાણે કાનમાં ન રેડતી હોય તેવી કટુ વાણીથી સાસુએ સુભદ્રાને તિરસ્કારી હાંકી કાઢી.

છતાંય જેના દીલમાં સચ્ચાઈ છે, જેનું હૃદય પવિત્ર છે, જેને પોતા ઉપર વિશ્વાસ છે, અને જે નિર્મળ અને પવિત્ર છે, તેને કોઇ વાતનો ડર નથી હોતો, અને કોઇનોય ભય નથી હોતો. એ તો શાંત ચિત્તે બધુંય ગળી જતી હતી, અને ફરી પાછી હાથ જોડીને કહેવા લાગી 'સાસુજી ! જરા જુઓ તો ખરા ?'

'રાંડ પાછી બોલી ? તને ભાનબાન છે કે નહીં ? શું આખી નગરીમાં ઢોલ પીટીને તારે એ બતાવવું છે કે–હું આવી કુલટા છું. ! શું આખી નગરીમાં ફજેત થવું છે, ? બેસ–બેસ છાનીમાની' સાસુએ પોતાની રીતે જવાબ આપ્યો.

સાસુએ ન સંભળાવવાનું સંભળાવ્યું, છતાંય હિંમત ન હારતાં, સુભદ્રાએ ફરીવાર કહ્યું, 'આપ કહો તો આકાશને પૂછી જોઉં ?'

'ઓહ ! આકાશમાંથી તે વળી જવાબ આવવાનો છે ? જુઓને 'સો ચુહે માર કે–બીલ્લી હજ કરનેકું જાતી હૈ' એવી દશા થઇ. અલી, તારૂં કાળજુ ઠેકાણે છે કે નહીં ? ઘેલી થઇ છે ઘેલી ! જા પૂછ આકાશને, તને જવાબ આપશે.' સાસુએ ઠાવકા મોઢે જણાવ્યું.

સુભદ્રા મહાસતી હતી, એને પોતાના શિયળવ્રત ઉપર દૃઢ વિશ્વાસ હતો, તેણે ઘરની બહાર જઇ આકાશને પૂછ્યું.

'કેમ દ્વાર ઉઘાડુ ?'

તરત જ આકાશમાંથી જવાબ આવ્યો, 'જાવ, જાવ, દ્વાર ઉઘાડો અને સૌને આફતમાંથી બચાવો' કેવી અદ્‌ભૂત વાત. ? કેવી આશ્ચર્યકારક ઘટના !

આ પ્રકારની આકાશવાણી કર્ણગોચર કરી સૌ સુભદ્રાના આંગણે આવ્યાં, રાજા–પ્રજાએ વિનંતિ

કરી 'બચાવો નગરીના પ્રાણ' ? સાસુ તો મનમાં જ બબડવા લાગી 'રાંડ આખા ગામમાં ફજેત થવાની છે ઠીક–થવા દો, જે થાય તે સારાના માટે.'

રાજા ને પ્રજા પાછળ ચાલી રહ્યા છે, સુભદ્રા આગળ ચાલે છે, સૌને કંઈક આશા બંધાણી કે જરૂર દરવાજા ઉઘાડશે.

સતી સુભદ્રાએ પરમાત્માનું સ્મરણ કરી. હાથમાં ચાલણી લીધી, કાચા સુતરના તાંતણે બાંધી અને કૂવામાં નાખી, સડડડડ સૌનાં જોતાં ચાલણીમાં પાણી ભરીને કાઢયું. દેવોએ ફૂલોની વૃષ્ટિ કરી, પ્રજા જય–જયના પોકાર કરવા લાગી, પછી સુભદ્રાએ તે જળ દરવાજાને છાંટયું, દરવાજા ફડોફડ ઉઘડી ગયા, રાજા–પ્રજા સૌ પ્રસન્ન થયા.

સુભદ્રાના ભરથારને પણ ભારે આશ્ચર્ય થયું. 'હમણાં ફજેતી થશે' એમ સાસુ માળા જપી રહી હતી, એના ય હોશકોશ ઉડી ગયા. ભારે કરી. આ શું આશ્ચર્ય ? જે કામ કોઇએ ન કર્યું, એ આ સુભદ્રાએ કર્યું ? એ તો વિલખી પડી ગઇ.

સૌ નગરજનો સુભદ્રાના ગુણગાન કરે છે, તેના શિયળનાં વખાણ કરે છે, કેવી સતી ! ધન્ય છે એને ! એમ વિધવિધ લોકમુખથી હૃદયના ઉદ્ગારો નીકળી રહ્યા છે. સતી સુભદ્રાએ સૌને જૈનધર્મનો મર્મ સમજાવ્યો, સુદેવ–સુગુરુ અને સુધર્મનું સ્વરૂપ સમજાવ્યું. પરિણામે રાજા–પ્રજાએ જૈનધર્મ અંગીકાર કર્યો. કઇક આત્માઓએ મિથ્યાત્વને તજી સમકિત અંગીકાર કર્યું.

સતી સુભદ્રાના શિયળના પ્રતાપે નગરીના દરવાજા ઉઘડી ગયા, તેનું કલંક દૂર થયું, આ બધું નિહાળી સૌ શીલવ્રતમાં દૃઢ બન્યા, અને જૈનધર્મનો જય જયકાર થયો.

સુભદ્રાએ નગરીના ચાર દરવાજા–પૈકી ત્રણ દરવાજા ઉઘાડયા. એક બાકી રાખ્યો તે એટલા માટે કે–કોઇ સતીત્વનો ડોળ કરતી હોય તો તે આવી જાય અને દરવાજો ઉઘાડે. એ ચોથો દરવાજો કોઈએ ન ઉઘાડયો, તે અત્યાર સુધી બંધ જ રહ્યો છે, એમ સંભળાય છે.

કાયાથી શિયળ પાળનારા ઘણા મહાનુભાવો મળી આવશે, પણ મન–વચન અને કાયા એમ ત્રિકરણ શુદ્ધ શિયળ વ્રત પાળનારા પવિત્ર અને શુદ્ધ લાખ્ખો કરોડોમાં વિરલ જ હોય છે.

સુભદ્રાએ સાધુજીની આંખમાં તણખલું ખૂંચ્યાની વાત જણાવી સૌનો ભ્રમ ભાંગ્યો. સાસુ–સસરા–ભરથાર અને સૌ કોઈના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો–હવે તો સુભદ્રાના સૌ સો મુખે વખાણ કરવા લાગ્યા. અંતે સુભદ્રાએ ચારિત્ર અંગીકાર કર્યું. ઘોર અને ઉત્કટ તપદ્વારા ક્ષમા અને શાંતિ દ્વારા ચીકણાં કર્મોનો ચૂરો કરી ઘાતિકર્મનો વિનાશ કરી કેવળજ્ઞાન પામી, જગતના જીવોને ઉદ્ધારનો માર્ગ ચીંધ્યો, કૈંક આત્માઓ કલ્યાણ સાધી ગયા. અંતે અઘાતિ કર્મોનો વિનાશ કરી મુક્તિપુરીમાં હંમેશ માટે સીધાવી ગયા. જ્યાં શાશ્વત આનંદને લુંટવા લાગ્યા.

શિયળનો મહિમા અપાર છે, એ વાતને આ કથા કહી જાય છે.

**વંદન હો સતી સુભદ્રાને !**

❀

## ધર્મનું મૂળ

વૃક્ષના મૂળમાંથી થડ ઉગે છે, થડમાંથી જુદી જુદી શાખાઓ પ્રસરે છે, એ શાખાઓમાંથી નાની નાની ડાળીઓ ફૂટે છે, એ ડાળીઓ ઉપર પાંદડાં ઊગે છે, પછી તેને ફૂલ આવે છે, ફળ લાગે છે અને અંતે એ ફળોમાં રસ જામે છે.

એ જ પ્રમાણે ધર્મરૂપ વૃક્ષનું મૂળ વિનય છે. અને મોક્ષ તે મૂળમાંથી પ્રગટ થતો ઉત્તમોત્તમ રસ છે. વિનયથી જ મનુષ્ય કીર્તિ, વિદ્યા, શ્લાઘા, અને કલ્યાણ મંગળને શીઘ્ર મેળવે છે.

**—મહાવીર વાણી**

# શંકા અને સમાધાન

સમાધાનકારઃ **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ ખંભાત**

[ પ્રશ્નકારઃ **મુનિ શ્રી મૃગાંકવિજયજી મહારાજ** અમદાવાદ ]

**શં૦** મહાવીરસ્વામીના નિર્વાણ પછી ભગવાનના દેહને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યો પછી એમ સાંભળવામાં આવ્યું કે સાધુ કાલ કરી ગયા પછી જંગલમાં મૂકી આવતા, તો જંગલમાં મૂકવાનો રિવાજ કયા આચાર્યના સમયમાં થયો અને હાલમાં અગ્નિ સંસ્કાર કરવાનો રિવાજ કયા આચાર્યના સમયથી થયો ?

**સ૦** પૂ. આચાર્યદેવ શ્રીમદ્ આર્યદિન્નસૂરીશ્વરજી મહારાજના સમયથી સાધુ–સાધ્વીઓના દેહને અગ્નિ-સંસ્કાર કરવાનો રિવાજ શરૂ થયો છે, પ્રભુજીના નિર્વાણ વખતે ગણધર મહારાજા અને સાધુઓ કાલધર્મને પામ્યા હોય તેઓના દેહને અગ્નિસંસ્કાર કરવાનો આચાર ઇન્દ્રોનો છે. અન્યથા સાધુ–સાધ્વીઓના દેહને શાસ્ત્રોક્તવિધિ મુજબ સઘળી ય વ્યવસ્થા કરાય છે.

**શં૦** કપિલાદાસી ભવિ કે અભવિ ?

**સ૦** કપિલાદાસી અભવિ છે.

**શં૦** 'સકલકુશલવલ્લી' તપગચ્છના આચાર્યે કરેલું છે કે ખરતરગચ્છના. ? અને તેના કર્તા કોણ ?

**સ૦** સકલકુશલવલ્લીની કૃતિ ખરતરગચ્છની નથી. હમણાં હસ્તલેખિત પાનાઓનું નિરીક્ષણ થતાં શ્રી પંચતીર્થિ ચૈત્યવંદનમાંનો બીજો શ્લોક છે. તેમાં રચનારનું નામ દેખાતું ન હતું, એટલે કર્તાનો નિર્ણય હજી જાણવામાં આવ્યો નથી.

**શં૦** ઘંટાકર્ણ વીર તપગચ્છના છે કે ખરતર-ગચ્છના ? અને તેમને સમ્યકત્વ હોય છે કે કેમ ?

**સ૦** ઘંટાકર્ણ વીર બૌદ્ધના દેવ છે, એટલે સમ્યક્ત્વનો પ્રશ્ન રહેતો નથી.

[પ્રશ્નકારઃ **રજનીકાંત ફતેહચંદ વોરા.** પૂના કેમ્પ]

**શં૦** ભગવાન મહાવીરસ્વામી દીક્ષા લીધા પછી વહાણમાં બેસી નદી પાર કરતા હતા એવું 'શ્રી મહાવીર કથા' નામની ચોપડીમાં લખાણ છે. તો તે વખતે દીક્ષા લીધા પછી નાવમાં બેસી શકાતું હશે ?

**સ૦** સામો કિનારો દેખાતો હોય એવી નદીઓ ઓળંગવા માટે નાવનો ઉપયોગ કરી શકાય છે.

**શં૦** વસ્તુપાળ, તેજપાળ એ અણહિલપુરના આભુમંત્રીની પુત્રી કુમારદેવીના પુત્રો હતા. કુમારદેવી બાળપણમાં વિધવા થયાં હતાં તેમણે મંત્રી આસરાજ સાથે ફરીથી પાણિગ્રહણ કર્યું હતું તે સાચું હોય તો તે વખતે પુનર્લગ્ન ( વિધવા વિવાહ )નો રિવાજ હશે ?

**સ૦** આ વાત કિંવદન્તી છે અને કથાઓ ઉપર ચડી ગઈ છે. નિર્ણયાત્મક હોય એમ લાગતું નથી અને એમ કદાચ બનવા પામ્યું હોય તો તે રિવાજ હતો એમ પણ ન સમજવું, પણ અપવાદ સમજવો. મંત્રી આસરાજને જ્યોતિષદ્વારા કોઈ જ્યોતિર્વેત્તાથી માલમ પડયું કે–આની કુખે રત્ન પેદા થવાના છે અને કથનકાર વિશ્વસનીય વ્યક્તિ હોવાથી તેમણે તે અપવાદ સેવ્યો

**શં૦** કોઇના ઘરમાં ઝેરી જનાવર જતું જોવામાં આવે તો જોનારે એ ઘરવાળાનું ધ્યાન ખેંચવું કે નહિ ! ધ્યાન ન ખેંચતા મૌન રહે તેથી તે ઘરમાં રહેતા કોઇને એ જીવ ઇજા પહોંચાડે (જાનહાનિ થાય ) તો તેનું પ્રાયશ્ચિત ધ્યાન ન ખેંચનારને લાગે કે કે નહિ ! ધ્યાન ખેંચે અને એ ઝેરી જીવને કોઈ મારી નાંખે તો ધ્યાન ખેંચનાર દોષિત થાય કે નહિ ?

**સ૦** ઝેરી જંતુ અંગેનું ધ્યાન ખેંચવું ઠીક છે પણ તે ઘરવાળો જંતુના પ્રાણ લેનાર ન હોવો જોઇએ,

અને પ્રાણુ લે એવો હોય તો પ્રાણિઓનો રક્ષક બને એવો ઉપદેશ આપવો, જેથી પોતે તથા ઝેરી જંતુ બન્ને બચી જાય..

[ प्रश्नकारः–भण्डारी विवेकचंद जैन. जोधपुर. ]

शं० क्या अकेला साधु अकेली औरतके साथ फोटू उतरवा सकता है ?

स० ऐसा फोटू खिंचाना साधुओंका आचार नहि है.

शं० क्या साधु व साध्वीके फोटू एक ग्रूपमें उतरवा सकते हैं।

स० केवल साधु साध्वीका एकसाथ फोटू खिंचवाना नहीं चाहिए ।

शं० जलेबी खमीर उठे विना नहीं बन सकती, क्या उसीदिन खमीर उठी हुई जलेबी भक्ष्य है या अभक्ष्य ?

स० बडीफजरमें खमीर जल्दी उठे ऐसी चीजों डालकर बनायी हुई जलेबीमें दोषकी संभावका कम है । बजारमें मिलती हुई जलेबी अभक्ष्य है, क्योंकि सारी रात रहनेबाद खमीर उठती है. इसलिये श्रावकोंको वासीका दोष और सूक्ष्म त्रसजन्तुकी उत्पत्ति होनेसे ऐसी चीजें खाना अच्छा नहीं ।

शं० अणाहारी चीजोंमें चायका (Tea) नाम नहीं है, क्योंकि उस वक्त चायका चलन नहीं था तो क्या खाली पाणीमें कोरी चाय (दूध व खांडके बिना) उकाले हुवे पाणीको पीकर उपवासादिव्रत कर सकता है ?

स० अणाहारी चीज पाणीके साथ अगर पाणीमें डालकर वापरनेसे आहारक बन जाती है और चहा अणाहारक चीजोंमें गीनी गई नहीं है । अणाहारक चीजें, बहुत कटुक, बेस्वाद होती हैं अतः उपवासादिमें चायको अणाहारक गिनकर उसका उपयोग करना नहीं चाहीए ।

शं० मन्दिरजीमें मूल गभारेमें बीजलीकी रोशनीमें सूर्योदय पहिले प्रक्षालन पूजादि करना ठीक है ?

स० इस तरहसे सूर्योदय पहले प्रक्षालनादि पूजन करना ठीक नहीं । जो करते है उसको अविधि समजना ।

शं० रात्रिजागरण मन्दिरजीमें व पुस्तको आदिके उत्सवमें किया जाता है क्या यह ठीक है ? यदि ठीक है तो इसकी विधि कौनसी पुस्तकमें है ?

स० प्रभुजीके और श्रुतज्ञानके आगे रात्रि जागरण करनेका रीवाज परंपरासे है ओर अनेक चरित्र ग्रन्थोमें स्पष्ट दीखा जाता है ।

शं० पर्युषणपर्वमें, स्वप्न, पालनादिकी बोलीकी आमदानी कौनसे क्षेत्रमें ले जानी चाहिए ?

स० स्वप्न, पालनादिकी उपज श्री पर्युषण-पर्वमें होती है यह देवद्रव्यमें जानी चाहिए ।

शं० पर्युषणपर्वमें कल्पसूत्रजीके पाने झेल-नेकी बोली संवत्सरीके रोज बोली जाती है इसकी आमदानी कौनसे क्षेत्रमें जानी चाहिए ?

स० ज्ञानद्रव्यमें जानी चाहिए.

[ પ્રશ્નકારઃ–પલ્લવી સી. ઝવેરી. સુરત ]

**શં૦** સાધુ-સાધ્વીના કાલધર્મ અંગે જે દેવવંદન કરાય છે તેમાં કેટલાક સમુદાય સ્તુતિ-થોય તરીકે કલ્લાણકંદં અને સંસારદાવા બોલે છે અને કેટલાક સમુદાય સ્નાતસ્યા અને સંસારદાવા બોલે છે તો તેમાં આમ ફેરફાર કેમ ?

**સ૦** કલ્લાણકંદં અને સ્નાતસ્યા આ બેમાંથી ગમે તે બોલી શકે છે, છતાં કલ્લાણકંદં એ પ્રાચીન તેમજ પાંચ તીર્થંકર ભગવંતોની સ્તુતિરૂપ હોવાથી વધારે મંગલ છે.

**શં૦** શ્રી જિનમંદિરના ઓટલે અને ઉપાશ્રય તેમજ જ્ઞાનમંદિરના ઓટલે શ્રાવકો આદિ ગામગપા-ટાદિથી સમય પસાર કરે **છે**, તે ઉચિત ખરૂં ?

**સ૦** ઉપરોક્ત સ્થાનોમાં ધર્મકથા હોવી જોઈએ. ગામગપાટા મારવાથી દોષ લાગે છે.

[ પ્રશ્નકારઃ-છોટાલાલ છગનલાલ કાજી. ડભોઈ. ]

**શં૦** કલ્યાણ માસિક વર્ષ ૧૧, અંક. ૮ના શંકા-સમાધાન વિભાગમાં 'ગણધર અવસ્થાની મૂર્તિનું પૂજન કર્યા પછી વીતરાગ પરમાત્માની મૂર્તિનું પૂજન થઇ શકે નહિ, કારણ કે સિદ્ધાવસ્થાની આકૃતિ નથી માટે' આ મુજબનું લખાણ છે, પણ ગણધર ભગવંતો વગેરેનો મોક્ષ તો થઇ ગયેલો છે, જેથી કરીને ત્રણ નિક્ષેપા તો શુદ્ધ જ છે. છતાં ચોથો નિક્ષેપો કેવલી તરીકે તે છે, તો ગણધર અવસ્થાના મૂર્તિનું પૂજન કરવામાં શું બાધો ?

**સ૦** આ બાબત માટે ગોધાવી. (જિ. અમદાવાદ)માં શ્રી ગણધર ભગવંતની સાધુ અવસ્થાની મૂર્તિ છે તેથી તેમની પૂજા કર્યા બાદ શ્રી તીર્થંકર ભગવંતની પૂજા કોઇ કરતું નથી. અને તે વાસ્તવિક છે. શ્રી સિદ્ધક્ષેત્રમાં ગિરિરાજ ઉપર શ્રી પુંડરીક ગણધર ભગવાનની પૂજા કર્યા પછી શ્રી તીર્થંકર ભગવંતોની પૂજા કરાય છે, કારણ કે તેમની સ્થાપના સિદ્ધ ભગવંત તરીકે કરવામાં આવી છે, એટલે જેમ તીર્થંકર ભગવંતનો દેવતત્ત્વમાં સમાવેશ છે. તેવો જ સિદ્ધભગવંતોનો પણ તેજ તત્ત્વમાં સમાવેશ છે જ્યારે સાધુ તરીકેની સ્થાપનાના વિષય બનેલા તે જ ગણધર ભગવંત ગુરુતત્ત્વમાં ગણાય છે, એટલે તેમના નિક્ષેપામાં તમારે અનુભવ લેવાની જરૂર છે.

( પ્રશ્નકારઃ **છોટાલાલ ભગવાનજી દોશી** રાજકોટ )

**શં૦** પાષાણનાં મૂલનાયકજી અને તેની આજુબાજુમાં બીજા પાષાણના પ્રતિમા હોય તેને સવારમાં પૂજા કરતાં પુષ્પોના અભાવે કુસુમાંજલી મૂકી શકાય કે નહિ ?

**સ૦** કુસુમ-પુષ્પ સિવાય કુસુમાંજલી ગણી શકાય નહિ.

## "આઇસક્રીમમાં ભેળવાતા રંગોથી કેન્સર થવાનો ભય છે"

મુંબઇના કેન્સર સંશોધન કેન્દ્રના વડા અધિકારી શ્રી વી. આર. ખાનોલકરના કહેવા મુજબ મિઠાઇ, આઇસ્ક્રીમો અને બીજી વસ્તુઓમાં વપરાતા રંગો અને બીજી રંગીન વસ્તુઓને લઇને ઘણીવાર કેન્સરનું દરદ થાય છે બીડી પીવાથી પણ કેન્સર થાય છે, એ વાત હવે સારી રીતે સિધ્ધ થઈ ચૂકી છે. મું. સમાચાર.

## આદર્શ અને અધિકાર

નવા રચાયેલા રાજ્યના મૂખ્ય પ્રધાનપદ માટે પોતાની ઉમેદવારી જાહેર કરી સ્પર્ધામાં ઉતરેલા કોંગ્રેસી નેતા એક વિશાળ સભાને સંબોધી રહ્યા હતાઃ "રામરાજ્યમાં સત્તાના ત્યાગ માટે પડાપડી થતી હતી. જ્યારે આજે સત્તા-પ્રાપ્તિ માટે પડાપડી થાય છે. આપણે દેશના શાસક નહિ, પણ સેવક બનવાનું પસંદ કરીએ તો ભારતમાં રામરાજ્ય પ્રસ્થાપિત કરવાનો આપણો આદર્શ અવશ્ય સિદ્ધ થાય...."

તુરત જ એક શ્રોતાએ ઉભા થઈ પૂછ્યું:

"તો પછી આપે પ્રધાનપદ માટે ઉમેદવારી શા માટે કરી....?"

"કારણ કે લોકશાહીમાં ચુંટણીઓમાં સ્પર્ધા કરવાનો મૂળભૂત અધિકાર મળેલો છે...." કોંગ્રેસી નેતાએ જવાબ આપ્યો.

**શ્રી અમૃતલાલ છ. શાહ.**



# જીવનની સાચી દિશા

**પૂ. મુનિરાજશ્રી મહાપ્રભવિજયજી મહારાજ**

અપાર સંસારની અગાધ અટવીમાં પરિભ્રમણનું મુખ્ય કારણ મમત્વ છે. મમત્વનો પ્રેરાયો પ્રાણી અનેક સંબંધોનો સર્જક બને છે. એ સંબંધો અનેક સ્વરૂપે આત્માને પરિભ્રમણકાળમાં સતાવે છે. સર્જાએલા સંબંધો વાસના મૂકતા જાય છે. ફરી એ સંબંધો સંધાય છે અને વાસના જાગૃત થાય છે.

અનાદિકાલીન વાસનાઓ માનવીને સતાવે છે અને હંફાવે છે. માનવીની શક્તિને વાસનાઓ ક્ષીણ કરે છે. અને એના જીવનનું સત્ત્વ ચૂસી લે છે. ઇંદ્રિયોરૂપી પ્રબળ સાધનથી વાસના આત્માના ઓજસને આવરી લે છે. ઇંદ્રિયોનો પ્રેરાયો આત્મા ભાનભૂલો બને છે અને અસત્ય–અપૂર્ણ અને ક્ષણિક સુખ માટે તરફડીઆ મારે છે. આ પ્રમાણે ક્રમ ચાલ્યા જ કરે છે. વાસનાને જ્યારે દૂર ઠેલાય અને મમત્વને જ્યારે કોરે મૂકાય ત્યારે સંબંધોનો અંત આવે છે, જેની સાથે સંસારછેદ સુલભ બને છે.

વાસનાને વશ કરનાર અને મમતાને દૂર હઠાવનાર આત્મા અનાસક્ત યોગ ધારણ કરી સંસારસુખોથી અલિપ્ત રહી શકે છે. સંસારસુખમાં ઉત્તમ આત્મા રસિક ન બને. તે રસિક બને આત્મસુખના આસ્વાદમાં, વિશ્વકારૂણ્યમાં કે પ્રભુભક્તિમાં. એ રસિકતા સંસારપરિભ્રમણનો અંત લાવે. જ્યારે ભોગસુખની રસિકતા ભવભ્રમણ લંબાવે.

ભાનભૂલા બનેલ આત્માને ક્ષણિક સુખ માટે તરફડીયા મારવાની અસહ્ય પરિસ્થિતિમાંથી બચવા માટે ઇંદ્રિયો સાથે યુદ્ધની નોબતો ગગડાવવી પડે, યુદ્ધ સંબંધી જોખમોભયો આદિના વિવેકપૂર્વક ઉપાયો કરવા પડે. વિજયને વરવાની તીવ્ર ઉત્કંઠાથી માનવ અણનમ યોદ્ધો બને અને સાધનાની સિદ્ધિ થતાં સુધી અવિરત યુદ્ધ ચાલુ જ રાખે.

અલૌકિક અને અનોખું આ આંતરયુદ્ધ બાહ્ય યુદ્ધ કરતાં અનેક ગણું કપરૂં છે. પારાવાર કષ્ટો તેમાં સહન કરવાના છે. દેહ અને મનને ચૂસી નાખવાના છે. પર પ્રત્યેની કુમળી લાગણીઓ છૂંદી નાખવાની છે. નિર્બળતાને સદંતર હઠાવવાની છે; સતત અપ્રમત્ત રહેવાનું છે અને પરના સંયોગનો ત્યાગ કરવાનો છે.

ઇંદ્રિયોનો પરાજય તો જ થશે, કષાયોનો પોતાની ઉપરનો પરાભવ તો જ થશે, આત્મત્વ તો જ પ્રગટશે અને સમાધિસુખનો આહ્લાદક અનુભવ પણ તો જ થશે.

सल्लं कामा विसं कामा, कामा आसीविसोवमा ।
कामे य पत्थेमाणा, अकामा जंति दुग्गइं ॥

કામવાસનાઓ શલ્ય છે; વાસનાઓ વિષ છે. વાસનાઓ આશીવિષ સર્પ સમાન છે. વિષયોની પ્રાપ્તિ ન થવા છતાં વિષયની ઇચ્છામાત્રથી પ્રાણિઓ દુર્ગતિમાં જાય છે.

સૈનિકના દેહમાં પણ ભોંકાએલું બાણ

ખૂબ ખટકે છે. તે ખેંચી કાઢવામાં ન આવે ત્યાં સુધી ચેન ન પડે. બીજું કશું સૂઝે નહિ. ચિત્ત તેમાં જ પરોવાયેલું રહે. એક કાંટો માત્ર વાગે છે ત્યારે પણ મન તેમાંથી ખસતું નથી, તો બાણ જેને ભોંકાયું હોય અગર બંદુકની ગોળી જેના દેહમાં પ્રવેશ પામી હોય તેની અવદશા, કેટલી ભયંકર હોય ?

વિષયેચ્છા શલ્ય જેવી છે. તે માણસને સતાવે છે ત્યારે માણસ મૂઢ બની જાય છે. ચિત્ત વિષયવાસનામાં જ ચોંટેલું રહે છે. એની સ્થિતિ એટલી વિચિત્ર હોય છે કે-જોનારને કયારેક હસવું આવે. વિષયની વેદના અને વિટંબણા અનુભવતા આત્માને નિહાળીને કરૂણા ઉદ્ભવે.

દેહમાંથી બાણ ખસેડવામાં ન આવે તો દેહનો વિલય થાય. આત્મામાંથી વિષયેચ્છા દૂર ન થાય તો આત્માની બરબાદી થાય. શલ્યને દૂર કર્યે જ છુટકો.

શરીરમાંથી શલ્ય કાઢવાને જેમ અનેકવાર શસ્ત્રક્રિયાના આકરા ઉપાયો (Surgical Operations.) અજમાવવા પડે છે, તેમ દિલમાંથી વાસના-શલ્યને દૂર કરવા શસ્ત્રક્રિયા કરતાં પણ આકરા પ્રયોગોની અજમાયશ કરવી પડે. સુખદ સંયોગોને તિલાંજલી આપવી પડે. મીઠા-મધુરા કામોદ્દીપક વચનોનું શ્રવણ બંધ કરવું પડે. નયનાકર્ષક અને મનોહર સૌંદર્ય સામે આંખો બંધ કરવી પડે. અને કુમળા હૈયાને વજ્ર જેવું કરવું પડે. ત્યારે જ વાસના-શલ્ય દૂર ફેંકાય. શલ્ય નીકળી ગયા પછી આત્મા અનેરો આહ્લાદ અનુભવે સહજ-સુખનો લવલેશ આસ્વાદે.

વાસના શલ્યની જેમ આત્માને ભોંકે છે અને વિષની જેમ યમને નિમંત્રે છે અને આત્માની ઘોર ખોદે છે. વિષયવાસનાથી તપ્ત થએલ આત્મા સમયે સમયે ભાવમરણ અનુભવે છે. નિજસ્વભાવથી આત્મા જ્યારે આઘો ખસે છે ત્યારે તે મરેલો જ કહેવાય છે. કારણ પુદ્ગલરમણતા મરણ છે અને આત્મરમણતા એ જીવન છે. Chastity is life and Sensuality is death. આત્મરમણતા-પવિત્રતા એ જીવન છે, જ્યારે પુદ્ગલરમણતા-વિષયવિકારિતા એ મરણ છે. વિષની અસર મંત્ર, તંત્ર, દવાદિ પ્રયોગોથી દૂર પણ થઈ શકે, પરંતુ વિષયવિષની અસર ટળી શકતી નથી. વિષ એક મરણ નોતરે છે, જ્યારે વિષયો અનંતા મરણ. આશીવિષ જેમ નિયમા મૃત્યુ લાવે તેમ વિષયવિષ પણ આત્માનું મૃત્યુ લાવે, વિષ તો સારૂં, ખાવાથી જ દેહનો અંત આવે. જ્યારે વિષયવિષની ઇચ્છામાત્રથી આત્મા પટકાય છે. વિષયલંપટો ઘોર સંસારસાગરમાં ડૂબે છે જ્યારે વિષયત્યાગી (નિરપેક્ષ) આત્માઓ સંસારસાગર તરે છે. વિષયોની ક્ષણિક મધુરતામાં મુગ્ધ બનીને વિકટ ભયસ્થાનોમાં મૂકાવાનું ભયંકર જોખમ શાણો આત્મા ન વહોરે.

પુનીત પંથે વિજય પ્રસ્થાન કરી સૌ પાવન બને એ જ મહેચ્છા.

✽

# સાધુ-સંન્યાસી-બીલનો વિરોધ

## શ્રી ઉજમશી જુઠાભાઇ-અમદાવાદ.

જ્યારે સરકાર સમક્ષ અટપટાં અને ગૂઢ સામાજિક કે ધાર્મિક પ્રશ્નો ઉપસ્થિત થયા છે. ત્યાને તેનો યથા-તથા ઉકેલ કરવાને બદલે, સરકારે હંમેશાં તે માર્ગમાં ખોટી રીતે કાનૂનોથી અવરોધો ઉભા કર્યા છે.

"સાધુ-સન્યાસીઓને નોંધવાનું અને પરવાના આપતું" જે બીલ, તાજેતરમાં લોકસભામાં રજૂ થયું છે. તે પણ વાંધાભર્યું છે. છતાં આશા રાખીએ કે-તે માટે સરકાર બધું જ યોગ્ય કરશે.

ઘરબારી બાવા અને પરિગ્રહી સાધુ આદિની વધતી સંખ્યાથી અકળાઇ, કદાચ સરકારે તે બીલ રજૂ કર્યું હશે. પરંતુ તેથી કંચન-કામિનીના સર્વથા ત્યાગી અને અપરિગ્રહી સંયમી મુનિઓને પણ તે પરિગ્રહી સાધુ અને ઘરબારી બાવાઓની હરોળમાં ભેળવી તે બીલમાં આવરી લેવા તે કોઇ રીતે ઘટિત નથી.

જેઓએ કુટુંબ, નગર, પ્રદેશ અને દેશ પ્રત્યેના બધાં જ સંબંધોને વિવેકયુકત રીતે છેદી નાખ્યા છે. અને માત્ર વિશ્વ-મૈત્રીની ઉદાત્ત ભાવનાને જેઓ વર્યા છે; તે અપરિગ્રહી સંયમી મુનિઓને સરકારી કાનૂનોથી ખોટી રીતે પજવવા તે ભારત સરકાર માટે શોભાસ્પદ નથી.

જે વ્યકિત અપરિગ્રહી બની, સર્વસ્વનો ત્યાગ કરી, સંયમ સ્વીકારે; તે વ્યકિત નૈતિક દૃષ્ટિએ દેશથી પણ પર બની જાય છે. તે વિશ્વ-વ્યકિત માટે, કુટુંબ, નગર, પ્રદેશ કે દેશ જેવું કંઈ પણ અલગ હોતું નથી; તેની સમક્ષ માત્ર વિશ્વ-દૃષ્ટિ પડી હોય છે. અને તે કારણે, તેને કોઇ પ્રદેશ કે દેશ માટે કંઇ અલગ અધિકાર અદા કરવાનો હોતો નથી.

માટે જ, તે અપરિગ્રહી સંયમી સાધુ-સંસ્થા પર કોઇ સરકારી કાનૂન-બંધન લાદવું તે ન્યાય-યુકત નથી.

વાચક એવો અર્થ ન તારવે કે, "સામાન્ય (Common) એવા નૈતિક કાનૂનોને મુનિઓ આધિન નથી" તે સામાન્ય (Common) કાનૂનોનો જો, તે કોઇ મુનિ ભંગ કરે; તો સામાન્ય પ્રજાજન કરતાં પણ તેઓ વધુ ગુનેગાર છે અને શિક્ષાને પાત્ર છે.

પરંતુ એ માટે સરકાર પાસે આજે પૂરતા કાયદા-કાનૂનો છે. પ્રસ્તુત બીલની વાસ્તવ જરૂરજ નથી.

ધારો કે, 'સરકાર તે સંયમી મુનિઓને પણ રાષ્ટ્રના નાગરિક તરીકે જુવે છે. અને તે ધોરણે તેમના પર કાનૂની બંધનો લાદવામાં આવે છે.' તો મારે કહેવું જોઇએ કે-આત્માના મૂળભૂત ગુણોના આવિષ્કાર માટે અહિંસક માર્ગે યથાયોગ્ય પ્રયત્ન કરવા વિશ્વની દરેક વ્યકિત સ્વતંત્ર છે. કારણ છે તે સતની ઉપાસના છે. અને તે વ્યકિતનું જીવન-કર્તવ્ય છે.

લોકશાહીમાં વ્યકિતનું તે સ્વાતંત્ર્ય કોઇથી હણી શકાય નહિ, કે તેની આડે સરકારથી કાનૂનો ધરી શકાય નહિ.

દરેક ક્ષેત્રે અપવાદો હોવાના જ. માત્ર અપવાદોને કારણે ત્યાગના અહિંસક ક્ષેત્રે પણ સરકાર કાનૂની બંધનો લાદે તો વ્યકિત માટે કોઇ ક્ષેત્ર સ્વતંત્ર રીતે જીવવાને યોગ્ય ઠરે નહિ. વ્યકિતસ્વાતંત્ર્ય સમૂળગું હણાઇ જાય. સ્વાતંત્ર્યનો પ્રજાને લગારે સ્વાદ આવે નહિ અને લોકશાહીનો મૂળભૂત હેતુ નિર્મૂળ થાય.

અહિંસક રીતે આજીવન આધ્યાત્મિક પ્રયોગ કરવા માટે પરવાનો લેવાની, કોઇ લોકશાહી સરકાર કદી, કોઈ વ્યકિતને કાયદાથી ફરજ પાડી શકે નહિ. તેમ જ, તે રાહે જવા ઇચ્છતી વ્યકિતની યોગ્યા–યોગ્યતાનો આખરી નિર્ણય લોકશાહીમાં કદી સરકારને આધીન હોઇ શકે નહિ.

બાળકને જ્યારે શાળાએ મોકલવામાં આવે છે, ત્યારે ભણવા માટેની તેની યોગ્યતા જોવાતી નથી. "તે મનુષ્ય છે. તેને યોગ્ય માર્ગે કેળવીશું તો કેળવાશે." તે ઉદાત્ત ભાવનાને જ તે વેળાએ પ્રાધાન્ય અપાય છે, બીજું કશું જ જોવાતું નથી.

તે મુજબ, અહિંસા અને સત્યની પ્રયોગશાળામાં રહી આત્મિક–વિકાસ સાધવા પ્રેરાતા સાધકની યોગ્યા–યોગ્યતા વિચારવાનો સરકાર સમક્ષ કોઇ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી. કારણ કે સાધકનું સાધન શુદ્ધ છે.

જે સાધન વ્યકિતનો આત્મિક વિકાસ રૂંધે નહિ, અને આત્મિક વિકાસમાં જે સહાયક નિવડે તે શુદ્ધ સાધન કહેવાય. શ્રી ભાગવતી દીક્ષા તે શુદ્ધ સાધન છે.

છતાં, તે ઉન્નત માર્ગે ઢળતી વ્યકિતની યોગ્યા–યોગ્યતા જોવાનું ધારો કે, સરકારને મુનાસિબ લાગે તો પણ તે અનુપમ ત્યાગના વિશિષ્ટ રાહે ઢળતી તે વ્યકિતની યોગ્યા–યોગ્યતાનો નિર્ણય; ભોગમાં ફસાયેલા એક કીડાને આધીન હોય તે કેવું બેહૂદું?— ભારતીય સંસ્કૃતિની પ્રતિષ્ઠાને તે કેટલું બધું હાનિ પહોંચાડનારૂં છે?

ભારત સરકાર એ નોંધ લે કે, જૈન સાધુઓ કંચન–કામિનીના સર્વથા ત્યાગી હોય છે. તેમને ઘરબાર કે કોઇ સગું વહાલું હોતું નથી. કોઇના જન્મનું કે મરણનું તેમને સૂતક કે સ્નાન હોતું નથી. ગામ, નગર કે દેશથી તેઓ પર હોય છે.

ધર્મની આરાધના કરવા શ્રાવકો સંઘ માટે જે ઉપાશ્રયો બાંધે છે, બહુધા, તે સ્થાનકોમાં (તે સ્થાનકોના આગેવાનોની ખુશી જુવે તો પરવાનગી લઇ) તે મુનિઓ ખપ પૂરતું રહે છે. કોઇ એક અમુક જ સ્થળે તેઓ કાયમ માટે રહેતા નથી.

સરકાર એ પણ ખ્યાલ કરે કે, રેશનીંગના જમાનામાં તેઓએ કોઇ પણ પ્રકારના રેશન કાર્ડ માટે કદી દાવો કર્યો નથી. કારણ કે, તેમ કરવું તે તેમનો અધિકાર નથી. તેમના માટે એ અકર્તવ્ય છે.

તેઓ મધુકરની પેઠે માધુકરી લે છે. કોઇ ગૃહસ્થ આગ્રહપૂર્વક કંઇક ધરે, છતાં જો જૈન મુનિના આચાર વિરુદ્ધનું હોય તો તેઓ તે ગ્રહણ કરતા નથી. લેવા જેવું પણ ખપ કરતાં વધુ લેતા નથી.

ગામે ગામ પગપાળા વિહાર કરી, તેઓ અહિંસા અને સત્યનો પેગામ જનતાને પહોંચાડે છે. વિશ્વના કલ્યાણની તેમને હૈયે ભાવના વસેલી હોય છે. વિશ્વમૈત્રી તેમનો જીવનમંત્ર હોય છે.

જે જે ક્ષેત્રે, તે મુનિઓ ઠરે છે, તે તે ક્ષેત્રે, ત્યાંની રાજા–પ્રજા, તેમ જ, વિશ્વના અન્ય સર્વે જીવોના કલ્યાણ માટે તેઓ હંમેશાં શાંતિપાઠ ભણે છે, અને નિરંતર વિશ્વશાંતિની ભાવના ભાવે છે.

જૈન મુનિઓના રોજિંદા જીવનનો સરકાર પરિચય કરે તો સરકારને અવશ્ય ખાત્રી

# ભારત સરકારની અહિંસાની નીતિ શું છે?

## શ્રી રાયચંદ મગનલાલ શાહ-મુંબઈ

છેલ્લા કેટલાંક વર્ષોથી આપણી સરકારની અહિંસા વિષેની નીતિરીતિ જોતાં અહિંસક પ્રજા સંપૂર્ણપણે શંકાશીલ અને ભયભીત બની ગઇ છે, મૂંગા નરપરાધી પ્રાણીઓ પ્રત્યેનો તેનો વર્તાવ પૂરેપૂરો હિંસક અને દયાહીન માલુમ પડે છે. એક બાજુથી ભારતની સરકારનો અહિંસાનો સિદ્ધાંત જાહેર કરવામાં આવે છે, અને બીજી બાજુ ઘોર હિંસાની તાંડવ-લીલા આચરવામાં આવે છે.

આઝાદીની લડત વખતે કહેવામાં આવતું કે-સ્વરાજ્ય મલ્યા પછી દેશમાં ઘી-દૂધની નદીઓ વહેશે. એ સૂત્ર આજે વિસારી દઇ બિચારા નિરપરાધી મૂંગા પ્રાણીઓની ઘોર કતલથી લોહી અને માંસની નદીઓ વહી રહી છે. યા તો વહેવડાવવાના પ્રયાસો ખુદ સરકાર તરફથી થઇ રહ્યા છે! ઘીને બદલે વેજીટેબલ ઘીના કારખાના અને દૂધને બદલે પરદેશી પાવડરના ગંધાતા બનાવટી દુધ જનતાની પાસે ધરવામાં આવે છે, અને હવે તેનાથી આગળ વધી માંસાહાર વધારવા રાજ્ય સરકારો ઉપર હુકમો કરાઇ રહ્યા છે અને પ્રાણીઓની હિંસાવડે લોહી-માંસ પ્રાપ્ત કરી પરદેશમાંથી ધન (પૈસો) પ્રાપ્ત કરવાની લાલસા જાગી છે. એની વૃત્તિઓ-માન્યતાઓ એટલી હદે નીચે ગઇ છે કે-આ ક્રૂરતા અને ઘાતકીપણાના કાર્યને-ઉદ્યોગ તરીકે સંબોધવામાં આવે છે. નિર્દોષ પ્રાણીઓને વધ કરવાના અને કરોડો માછલાઓનો પ્રાણ હરવાના ભયંકર કાર્યને ઉદ્યોગ મનાવવા જેવી ધૃષ્ટતા બીજી કઇ હોઇ શકે?

જો આપણી કોંગ્રેસ સરકાર અહિંસાને સિદ્ધાંત તરીકે સ્વીકારે છે, તો પ્રાણીઓની હિંસા એ હિંસા છે કે અહિંસા? તેની સ્પષ્ટતા કરે તે જરૂરી છે. પ્રાણીઓની હિંસા કરવી, તેના લોહી-માંસ વગેરેનો વેપાર કરવો અને ઘોર ક્રૂરતા માટે પરદેશમાં તેની નિકાશ જેવા કાર્યો કરવા, કરાવવા અને તેને ઉત્તેજન આપવા જે કંઇ આજે સરકાર તરફથી થઇ રહ્યું છે, તે અહિંસાના સિધ્ધાંત સાથે કેવી રીતે સુમેળ ધરાવે છે? તેની ખાત્રી કરી આપવી ઘટે છે. 'મુખમેં રામ ઔર બગલમેં છુરી'ની કહેવત મુજબ વર્તવું તે ઇષ્ટ નથી. આપણી કોંગ્રેસ સરકારે કાં તો હિંસાની પ્રવૃત્તિ તજી દેવી જોઇએ અને કાં તો અહિંસાનો સિદ્ધાંત છોડી દેવો જોઇએ. એક સિદ્ધાંતના પરસ્પર વિરોધી બે સ્વરૂપો હોઈ શકે જ નહીં.

ભારતમાંથી પ્રાણીઓની હિંસાને ટાળવા એક દયાળુ બેન રૂક્ષ્મણીદેવી અરૂંડેલ તરફથી દિલ્હી પાર્લામેન્ટમાં એક બીલ લાવવામાં આવ્યું હતું, જેને પંડિત જવાહરલાલ નહેરૂએ મોકુફ રખાવી બીલને વધુ અસરકારક બનાવવાનો અભ્યાસ કરી રિપોર્ટ રજુ કરવા એક કમીટી

---

થશે કે-તેમને માટે કોઇ કાનૂનની જરૂર નથી. તેમનું સ્વાતંત્ર્ય વિશ્વના કોઇ જીવને લેશ પણ પીડા ઉપજાવનારૂં નથી.

આ બધું અત્રે ટાંકવાનો આશય એ છે કે-ભારત સરકાર ઉપર્યુકત હકીકતનો વિવેકપૂર્વક વિચાર કરે. અને વિશ્વપ્રેમની ઉન્નત ભાવનાને વરેલા તે અપરિગ્રહી સંયમી મુનિઓને સંકુચિત રાષ્ટ્રવાદ ભણી, કાયદાની શિરજોરીથી ખેંચવાનો અનૈતિક પ્રયોગ બંધ કરે. સરકારી કાનૂનોથી તેમના પર કોઈ પણ પ્રકારનું ખોટું દબાણ ન લાવે. પ્રસ્તુત બીલ રદ કરે; અથવા તેમાંથી જૈનમુનિઓને સર્વથા બાકાત રાખે.

સરકાર તરફથી નીમવામાં આવી હતી. તેણે સરકારને રિપોર્ટ કર્યો છે કે 'ભારતમાં જો પશુઓની કતલ બંધ કરવામાં આવશે તો સારાએ પશુઓને ઘાસચારાની તંગી પડશે, માટે ઢોરોની કતલ ચાલુ રાખવી વધુ ઇષ્ટ છે.'

બીજો એક બનાવ એ છે કે,–આપણા આરોગ્યપ્રધાન કુમારી અમૃતકુંવરના ખાતા તરફથી 'માંસ મારકીટ'નો અભ્યાસ કરી રિપોર્ટ રજુ કરવા એક કમિટી નિમવામાં આવી હતી. તે કમિટીએ રીપોર્ટ કર્યો છે કે,–'ભારતની પ્રજાની શારીરિક શક્તિ ઘણીજ નબળી છે માટે માંસાહાર વધારવા પ્રયાસ કરવો જરૂરી છે. વધુમાં પશુઓના ગ્લેન્ડઝ અને લીવર વગેરે અદ્યતન પૈદ્ધતિએ સંઘરવા. **અદ્યતન પદ્ધતિના નવાં કતલખાનાઓ મોટા શહેરમાં ઊભા કરવાની ઘણીજ અગત્યતા છે.** વળી પશુઓના માંસ અને હાડચામની પરદેશમાં નિકાશ કરી ધન કમાવવું અને તે માટે રાજ્ય સરકારને આગ્રહ કરવો.'

વધુમાં આ કમિટીએ ગૌહત્યાના વિરોધ કરવાવાળા થોડાક વેદિઆઓ સિવાય કોઇ નથી માટે જે જે પ્રાંતમાં ગૌહત્યાવિરોધી કાયદાઓ કરવામાં આવ્યા હોય ત્યાંથી ગૌહત્યાની બંધી ઉઠાવી લેવી' એવો મત દર્શાવ્યો છે.

આ કમીટીના રિપોર્ટ ઉપરથી તેને સક્રિય ટેકો આપી આરોગ્ય–પ્રધાનના ખાતા તરફથી એને અનુરૂપ આગ્રહભરી સૂચના સાથે રાજ્ય સરકારો ઉપર હુકમો સુધ્ધાં પણ ગયા છે.

## ભારત સરકારની અહિંસાની નીતિનું આ કેવું પ્રતિબિંબ છે?

ગૌસેવાની ભાવનાવાળી કરોડોની સંખ્યામાં જનતા તરફથી ગૌહત્યા બંધ કરવા સરકારને વિનવવા અનેક પ્રયાસો કરવામાં આવ્યા છે, છતાં એ વિનંતિઓને ઠોકરે મારવામાં આવી છે. વળી નિર્દોષ વાંદરા જે જંગલમાં વસી કુદરતના ખોળે ગેલ કરી રહ્યા છે, તેને પકડી પરદેશની પિશાચલીલાના ભોગ બનાવવા થોડા પૈસાની લાલચે નિકાશ કરવામાં આવે છે, તેને અટકાવવાની વિનંતિઓ પણ બહેરા કાન ઉપર જ અથડાય છે.

સરકારના આ વર્તનથી ભારતની અહિંસક પ્રજાની લાગણી અતિશય દુભાય છે; માટે જનતા, સરકારને તેમજ જે કોંગ્રેસદ્વારા આ સરકાર ચુંટાઈને સત્તા ઉપર આવી છે, તે કોંગ્રેસના સૂત્રધારોની પાસે નમ્ર ભાવે ખુલાસો માંગે છે કે–તમારી અહિંસાના સૂત્રની સ્પષ્ટ વ્યાખ્યા શું છે? તે જલ્દીથી જનતાની જાણ માટે જાહેર કરો.

અહિંસક પ્રજાએ તેમાંયે ખાસ કરીને જૈનો અને જૈન સાધુઓએ સમૂહબળ કેળવી સરકારની અહિંસક નીતિની વ્યાખ્યા માગવી ખાસ જરૂરી છે. તેમજ સાચી અહિંસા તરફ વાળવાની ફરજ છે. આજે લોકશાહીનો યુગ છે. જે પ્રતિનિધિઓને મત આપી ચૂંટીને આપણે સત્તા ઉપર મોકલીએ છીએ, તે જો હિંસાને માર્ગે જતા હોય તો પરોક્ષ રીતે એના કાર્યની જવાબદારી આપણે શિરે આવે છે, એ ભૂલવાનું નથી. આપણા પ્રતિનિધિ અને આપણી વચ્ચે જો પ્રમાણિક મતભેદ હોય તો ખુલ્લા દિલથી ચર્ચા કરવી જોઇએ, તેનો વિરોધ કરવા જેવું હોય તો વિરોધ કરી સત્યવસ્તુને પ્રગટ કરવી જોઇએ; પણ છતી શક્તિને ગોપવી, થતું હોય તે થવા દેવું તે તો નિર્બળતા અને કાયરતા છે.

અહિંસક સજ્જનો! કમ્મર કસો અને અહિંસાની રક્ષા માટે યાહોમ કરીને આગળ

# કતારગામનો રસ્તો

**શ્રી જ્યોતીન્દ્ર દવે**

(કટાક્ષ લેખ)

**કેટલીક વખતે એવા માણસોની સાથે પ્રસંગ પડે છે કે, તે માણસોને આપણે પૂછીએ કાંઇ, ને તેઓ તો પોતાની ધૂનમાં પોતાનું જ હાંકે, આવા અજ્ઞાની જીવ સાથેની અથડામણ કેટલી કંટાળાજનક છે, તેનું આછું દર્શન, આ કટાક્ષલેખમાં ગુજરાતના સુપ્રસિદ્ધ હાસ્ય લેખક કરાવે છે.**

સુરત નજીક કતારગામ રહેતા એક ગૃહસ્થને મારે મળવા જવાનું હતું. શહેરનું પાદર વટાવી હું નિર્જન જેવા રસ્તે આવ્યો ને પછી બે સ્થળે ફંટાતા રસ્તા જોઇ, આમાંથી કયે રસ્તે કતારગામ જવાશે તેનો સંશય થયો. જરાક દૂર ઝાડની છાયા હેઠળ ચલમ ફૂકતો કોઇ વૃધ્ધ ગ્રામજન બેઠો હતો. મેં તેની પાસે જઇ કહ્યું, 'કાકા, રામરામ!'

'રામરામ ભાઇ, કીફા રેવું?'

'સુરતથી આવું છું. કતારગામનો રસ્તો કયો?'

'હું પૂછ્છું? કતારગામનો રસ્તો?'

'હા, ને ત્યાં જતાં કેટલી વાર લાગશે?'

'કતારગામ કે ની?'

'હા.'

"હું કામ છે તંઇયાં?"

'એક જણને મળવું છે.'

'તો હુરત હું કામ ની જાઓ? કતારગામમાં મનખ કેટલા? બે વીહુ પણ ની હોય; ને હુરતમાં કંઇ મનખ, કંઈ મનખ! એક કરતાં એકવીહ મળહે.'

'સુરતથી તો હું આવું છું. મારે કતારગામ એક જણને મળવું છે માટે જવાનું છે.'

હું ક'યું? કતારગામ? તંઇ કંતારે હરમા'દેવ પણ છે જો! દરહન કરવાના?'

'જરૂર, ત્યાં જઇશ તો દર્શન કરતો આવીશ.'

'તો પછી અસનીકુમાર હું કામ ને જાઓ? ફૂલપાડાની પાટે જ છે, તંઇયાં પણ મા'દેવ છે. દરહન બહુ હારાં થહે.'

'પણ—'

'મંગીને ઓળખો કે?'

'ના. પણ મારે તો કતારગામનો રસ્તો—'

'મંગીનાં માબાપ મરી પરવારેલાં. છપ્પનિયામાં પલાટ થઈ ગિયાં. છપ્પનિયો જોઇલો હું?'

'ના.'

મારૂં શરીર જોઈને આણે છપ્પનિયો દુકાળ નહિ જોયો હોય એમ જાણે મનાતું ન હોય, એવી રીતે મારા તરફ અશ્રદ્ધાભરી નજર ફેંકી પછી ચલમ ખંખેરી જોરમાં દમ લઇને મારા મોં પર ધુમાડો કાઢતાં એણે કહ્યું, 'મંગી નાની ઉતી તારે એની ફઇ હારે અસનીકુમાર

---

આવો! આપણે કોઇ દેશદ્રોહીનું કામ કરવાનું નથી, પણ દેશના કલ્યાણના જ કાજે, દેશનો જે અહિંસાનો મંત્ર છે તેને ટેકો આપવાનો છે. તેના મંત્રમાં જણાતી ભૂલ સુધારવાની છે. આપણું કર્તવ્ય બજાવી દેશની જ સેવા કરવાની છે.

અહિંસા એ જ જૈનધર્મનો આધાર છે. જૈનધર્મનું સર્વસ્વ છે. તેની રક્ષા પ્રાણના ભોગે પણ કરવાની છે. જગતને એ પ્રાણપ્યારો મંત્ર પાઠવી જીવમાત્રને મરણના મહાન્ ભયમાંથી અભયદાન આપો અને વિશ્વમાં સર્વત્ર શાંતિ સ્થાપો એજ પ્રાર્થના!

❀

આવેલી. મેં એને કેડે તેડીમેં છૂટ હૌ વગડા-ઇવો'તો, પણ પોરી ખાઈ બહેલી તે મારા હાથ પર બચકું બઇરું. હૌવે ! તારથી મેં પાણી મેઇલું કોઈનાં પોયરાં ઊંચકવાં નઇ.'

'પણ કાકા, કતારગામનો રસ્તો કયો ?'

હું પૂઇછું ? ક્તારગામ ? કતારગામ કેની ?'

'હા કતારગામ.'

'કતારગામના ખુહાલ વહીના પોયરાના લગન ઉધના થઇલા- તારે એ કંઈ જાન લઇ ગયેલો ! હુરતનું વાજું ને કતારગામનો હજામ પણ જોડે લઇ ગયલો !'

'પણે આ રસ્તો સીધો જાય છે તે જ કતારગામનો ને ?'

'હું કયું ? તમારે કીફા જવું ? કતારગામ ને ? નવહારીનો ગુલાબ જાણો ખરોની ! એણે તો વાડી હૌ રાખેલી. હંધા ક્તારગામમાં એવી બીજી વાડી ની મળે. મારો પોયરો ઉતરાણ પર તાં ગયેલો તે ગુલાબની છાની વાડીએથી કેળાં લેઇ આવેલો. તેનો હવાદ હજી મોંમાં રહી ગયેલો.'

'આ જુઓ, ડોસા !'

'હું કોં?'

'હું કતારગામનો રસ્તો પૂછું છું.'

'તે પૂછો ની ! હું કાં ના પાડતો છેઉં ? કતારગામ હું—ઉધના, નવહારી, અસનીકુમાર, પુલપાડા જે પૂછવું હોય તે પૂછો ની, જમાપ દેવાવાલો હું બેઠો કેની !'

'કતારગામનો રસ્તો ખબર છે તમને ? જાણુતા હો તો કહો.'

'હું ની જાણું, ભાઇ. હું કતારગામ ગયેલો જ નઇ. મારો પોઇરો જાણે. એ ગયેલો, એને પૂછો.'

'કયાં છે એ ?'

'તે હું ની જાણું. ઓહે—કતારગામે જ ગયેલો ઓહે !' (મિલાપ)

❀

## જમણા હાથનું દાન

એક વાર એક વૃધ્ધ માર્ગ પર પડેલી એક મોટરની પાસે ઉભો રહી કોઇની રાહ જોઈ રહ્યો હતો. એટલામાં પાસેના બંગલામાંથી એક સદ્‌ગૃહસ્થ નીકળ્યા. એને જોઇને વૃદ્ધ હાથ જોડીને બોલ્યોઃ સાહેબ તમે મને આ બંગલાના માલિક પાસે પહોંચાડશો ?

તમારે શું કામ છે ?

શું કહું સાહેબ ! બહુ દૂરથી આવ્યો છું. મારી પુત્રીના વિવાહ છે. એ માટે ૩૦૦ રૂપીઆની જરૂર છે. સાંભળ્યું છે કે સાહેબ ભારે દયાળુ છે, એટલે એમને મળવા માટે આવ્યો છું.

આ સાંભળી એ બોલ્યાઃ કંઇ વાંધો નહિ. ચાલો હું તમને એમની મુલાકાત કરાવી આપું.

વૃદ્ધ મોટરમાં બેસતાં અચકાતો હતો પણ સદ્‌ગૃહસ્થે આગ્રહ કરીને એને બેસાડયો.

કચેરી પર આવીને વૃદ્ધને દરવાજા પર ઉભો રાખી એ અંદર ગયા. થોડીવાર બાદ એક પટાવાળાએ આવીને વૃધ્ધના હાથમાં પાંચસો રૂપીઆ મૂકતાં કહ્યું. 'પેલા બંગલાના માલિકે આ આપ્યા છે. ૩૦૦ જરૂરત છે એના, અને ૨૦૦ વાટખર્ચ માટે. વૃધ્ધ ગદ્‌ગદ્ થઇ ગયોઃ પણ સાહેબ તો મળ્યા જ નહિ?

પટાવાળો હસ્યો, એ સાહેબ સાથે બેસીને તમે આવ્યા !

આ સદ્‌ગૃહસ્થ હતા–**શ્રી ચિત્તરંજન દેશબંધુદાસ.** (યાત્રિક નવેમ્બર '૫૬)

મહાગૂજરાતના સુપ્રસિધ્ધ સાહિત્યકાર વૈદ્યરાજ ભાઇ શ્રી **મોહનલાલ ધામીની** તેજસ્વી કલમે આલેખાએલા પ્રાણવાન ભવ્ય ઐતિહાસિક કથાગ્રંથો,

## બંધન તટયાં—ભા. ૧—૨:

૩૫૬ પેજનો પ્રથમ ખંડ, ૩૨૦ પેજનો દ્વિતીય ખંડ; ૬૨ પ્રકરણોના આ બે ભાગના ઐતિહાસિક ગ્રંથોમાં શ્રી મહાવીરદેવના સમકાલીન ઐતિહાસિક પાત્રોને સ્પર્શીને લખાયેલી મહાકથા સુંદર રોચક તથા હૃદયસ્પર્શી શૈલીએ આગળ વધી રહી છે. જે એક વખત વાંચવા હાથમાં લીધી એટલે પૂરી કર્યે જ છુટકો. ભા. ૩ જો હજુ છપાય છે; બન્ને પુસ્તકો દ્વિરંગી જેકેટ: તથા આકર્ષક બાઈન્ડીંગમાં મલે છે. બે ભાગ ભેગાની કિં. રૂા. ૯—૦—૦ પોસ્ટેજ અલગ.

## મગધેશ્વરી ભા. ૧—૨—૩:

ભ૦ શ્રી મહાવીરદેવના નિર્વાણ પછીના ૧૦૦ વર્ષના ગાળામાં મગધ-વંશના સામ્રાજ્યમાં થઇ ગયેલા છેલ્લા નંદ ધનનંદના સામ્રાજ્યના વિનાશની પ્રતિજ્ઞા સ્વીકારનાર મહામુત્સદ્દી ચાણકયનો બુદ્ધિવૈભવ, મગધસામ્રાજ્યની કલાસ્વામિની નૃત્યાંગના ચિત્રલેખાનો તેજસ્વી જીવનપ્રવાહ તથા મૌર્યસમ્રાટ્ ચંદ્રગુપ્તની જીવનસાધના, ઇત્યાદિની સુરેખ, ભાવવાહી તથા અદ્ભૂત છબી અહિં સજીવ બને છે. ૯૭૫ પેજના આ ત્રણ ગ્રંથો રોચક, અદ્ભુત તથા ભવ્ય શૈલીએ આલેખાએલા છે. તદુપરાંત: આર્ય સ્થૂલભદ્ર, રૂપકોશા, શકટાલ મંત્રીશ્વર ઇત્યાદિ ઐતિહાસિક પાત્રોની આસપાસનાં વાતાવરણને અહિં જીવંત કરવામાં લેખકે જે પોતાની કલમનો અદ્ભુત ચમત્કાર સર્જ્યો છે, તે પાને-પાને વાંચવા મલશે. ૧૦૮ પ્રકરણો, ત્રણ પુસ્તકોમાં પૂર્ણ થાય છે. પ્રત્યેક પુસ્તક દ્વિરંગી જેકેટ સહિત, ત્રણેયનું ભેગું મૂલ્ય રૂા. ૧૩—૮—૦ પોસ્ટેજ અલગ.

## રૂપકોશા ભા. ૧—૨:

ભ. શ્રી મહાવીરદેવના નિર્વાણ બાદ ૧૦૦ વર્ષ બાદ થએલા, મહામંત્રીશ્વર શકટાલના પુત્ર આર્ય સ્થૂલભદ્રજી કે જેઓ જૈન શાસ્ત્રોમાં 'મંગલં સ્થૂલભદ્રાદ્યા'ના વાકયથી અમર બન્યા છે, તે તથા મગધસામ્રાજ્યની કલાસ્વામિની નૃત્યાંગના રૂપકોશા બન્નેના જીવનની ભોગ તથા ત્યાગના દ્વંદ્વ યુધ્ધમાં ત્યાગનો વિજયધ્વજ ફરકાવતી યશસ્વી, અદ્ભુત તથા રસિક કથા. પ્રત્યેક પુસ્તકને દ્વિરંગી જેકેટ: ૬૦૦ પેજ ઉપરનું વાંચન: બન્નેનું ભેગું મૂલ્ય: રૂા. ૯—૦—૦

## વિશ્વાસ:

નવકારમંત્રના મહિમા ઉપર ઐતિહાસિક ભાવવાહી કથા મૂલ્ય રૂા. ૬—૪—૦

**શ્રી નવયુગ પુસ્તક ભંડાર. રાજકોટ [ સૌરાષ્ટ્ર ]**

**સોમચંદ ડી. શાહ. પાલીતાણા [ સૌરાષ્ટ્ર ]**

# શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવ

“ પ્રભો, આજ્ઞા આપો બનીશ પરિપાર્શ્વક સદયે,
“ કરૂં મિથ્યા સર્વે દુઃખદ ઉપસર્ગો તમ વને;
“ અરેરે, કષ્ટો સૌ નવ સહન થાશે ભીષણ હ્યાં,
“ હવે આજ્ઞા આપો, વિતથ કરવા કલેશ અસુર.”

ઘેઘૂર વ્યોમે ઘન ઉમટે છે,
ઝંઝાઝડીઓ શત ચક્રાવે !
રે રે; થશે શું, જશે વીર ક્યાં હવે ?
વિચારતો ઇન્દ્ર વદે પ્રભુને.

સુણી એ ઇન્દ્રની વાણી, શાંતિથી પ્રત્યુત્તર વદે,—
“ પરમપદ પ્રાપ્તિના માર્ગે સ્વશક્તિથી જવાય છે !
“ ડરીને માર્ગ છોડું શું ? ના, ના ઇચ્છું જરાય તે,
“ સફળતા અન્યની સ્હાયે ક્યારે ના ચહીશ હવે !
“ જવા દો માર્ગે મ્હારા એ, સ્હાયાર્થે ન કો’ આવતાં;
“ અપેક્ષા લેશ ના મ્હારી અહિંસાના સુમાર્ગમાં !!

ત્હાં હાથિયાની ઝડી તૂટી વ્યોમે;
અંધાર, અંધાર કરાલ જામે.
રે ! ના દિસે દ્વિજ, પશુય માર્ગે;
શ્રી વીર ત્યારે પગલી ઉપાડે !
તીક્ષ્ણ અરે પથ્થર કૈંક માર્ગે;
વેરાયેલા અગ્નિસમા સૌ ગ્રીષ્મે.
ચીરાઇ જાતાં પદ રે, ધખંતા;
ભોંકાઇ જાતા શત કંટકોયે !
ઉની ઉની લૂ દિવસે ફુંકાતી;
કૈં ધૂળ ગોટા વપુએ ઉડાળી.

મધ્યાહ્નમાં કે ઘનઘોર રાત્રે;
પિયાસી જ્ઞાને ધપતા જ આગે !
કૈં સ્નિગ્ધ છાય તરુઓ પ્રસારે;
કિન્તુ ન બેસે જરી શ્રાંતિ કાજે.
પ્રસ્વેદ ભાલે ! પગમાં રૂધિર !
ના હાયના શબ્દ જરા ઉચ્ચારે !

ગળી જાજો ભલે સર્વે અંગે સ્નાયુ હાડકાં;
ભલેને છો સુકાતા આ લોહિ કેરાં બિન્દુડાં !
હવે લીધેલ માર્ગે આ પગલી ના થંભશે જરા.
પિયાસી જ્ઞાનનો આત્મા જ્ઞાન વિણ જંપશે કદા ?

રટંત એવું ઉરમાં સદાય;
ભૂલી જઈ બાહ્ય શરીર માયા.
એ કોતરીને નિજ લક્ષ્ય બિન્દુ;
ને દોરતાં પંથ સુરેખ આત્મે !
કદિ વસંતો તણી લ્હેર શીળી;
ફરી જતી અંગ ઉપાંગે ધીમી.
હર્ષે સુવાસે કરવાને ચાહે;
હૈયું સદાયે પુલકિત એમનું.
રે, હર્ષ કે શોક તણી નિશાની;
અંકાય ના, ના કદિ હોઠપે એ.
છે સૌમ્ય દુઃખે સુખમાં વા એતો;
ના ક્રોધ લેશ વદને પ્રકાશે.
ચક્ષુ સમેટી લઇ બાહ્ય પૃષ્ટ;
થયા સ્થિર દૃઢ ઉરમાં મળીને.
ભૂલી જઇ બાહ્ય સુખ–દુઃખો;
એ સ્થિત–પ્રજ્ઞ ઉરમાં રહે છે !!

છે એજ હર્ષ નિરખી વસંતો;
ને ગ્રીષ્મમાંયે ઉર એજ ભાવો.
ના રોધનો એ પથપે ક્યાં ભાળે;
છે રોધનો તો પથદર્શી માર્ગ !!
ના શુદ્ર આત્મા તરણું સમું કે;
ડોલી ઉઠે હર્ષ કે શોક લ્હેરે.
છે એક માર્ગ, બસ એક લક્ષ્ય;
તે ભાળીને આગે ધપે તપસ્વી.
હા, એજ લક્ષ્ય લઇ જનમીયા એ;
ને એજ લક્ષ્ય લઇ જીવવાના !
લક્ષ્ય કાજે પણ પ્રાણ દેશે;
નહિ કદિયે નિજ લક્ષ્ય ચૂકે.
ક્યાં શુદ્ર આ માનવ તૃણ શા જે;
ડોલી ઉઠંતા પલમાં જ લહરે;
ને ઉચ્ચ ક્યાં આ હિમ શૈલ સરખા
સમીરને યે નવ માર્ગ દેતા !!

ભીષણ વટોળની ફુંકે વિશાળા ખડકો ધ્રુજે;
અને આકાશથી આવે ઇન્દ્રનાદ ફરી ફરી.

" પ્રભો, આજ્ઞા આપો
બનીશ પરિપાર્શ્વક સદયે."

ન સ્પર્શે એ આત્મે વિતથ સમીરે રે! વહી જતો !

—દુલ્લાઃ

# સુખી થવા માટે સૂક્ષ્મ બુદ્ધિથી ધર્મ સમજવો જોઈએ.

## પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ

सूक्ष्मबुद्धया सदा ज्ञेयो, धर्मो धर्मार्थिभिः नरैः ।
अन्यथा धर्मबुद्धयैव, तद्विघातः प्रसज्यते ॥ १ ॥
( श्री हरिभद्रसूरिजी )

'ધર્મના અર્થીએ હંમેશાં ધર્મને સૂક્ષ્મ-બુદ્ધિએ સમજવો જોઈએ, અન્યથા તેની બુદ્ધિ ધર્મની હોવા છતાં તેનાથી જ ધર્મનો નાશ થાય છે.'

જગતમાં રાગ, દ્વેષ, ક્રોધાદિની જેમ ધર્મ પણ અનાદિ છે. મનુષ્ય રાગ-દ્વેષ, ક્રોધ, કામ, મદ, મોહ વગેરેને ઓળખી શકે છે, અને તેનો તિરસ્કાર પણ કરે છે. ભલે, પોતે રાગ-દ્વેષાદિને છોડી શકે નહિ, પણ બીજાએ કરેલા રાગ-દ્વેષાદિ તેને ગમતા નથી, એથી સિદ્ધ થાય છે કે-તે ધર્મનો અર્થી છે.

જીવ ધર્મનો અર્થી છે, ધર્મી બનવા ઈચ્છે છે, પ્રયત્નો પણ કરે છે, અને એ પ્રયત્નોથી પોતાને ધર્મી માની સંતોષ-આનંદને અનુભવે છે. તો પણ કોઇક જ આત્મા સાચા ધર્મથી ધર્મી હોય છે, ઘણા જીવો કાચને મણી કે પિત્તળને સોનું માનવાની જેમ ખોટા ધર્મથી જ રાચે છે, આનંદ માને છે, અને આખરે ઠગાયાનું દુઃખ અનુભવે છે.

સત્ય કહીએ તો જીવને સંસારમાં અનંતા જન્મ-મરણાદિ દુઃખો એકલા અધર્મથી નહિ, ખોટા ધર્મથી પણ ભોગવવાં પડયાં છે. પ્રગટ શત્રુ જેટલું નથી કરી શકતો, તેથી ઘણું નુકશાન મિત્ર બનેલો શત્રુ કરી શકે છે અધર્મ પ્રગટ શત્રુ છે, જીવ તેનાથી દૂર દૂર ભાગે છે જ્યારે ખોટો ધર્મ મિત્ર રૂપે શત્રુ છે, માટે જીવ તેનાથી ઠગાય છે. અને આખરે દુઃખી થાય છે.

આ વાતને સમજાવનારા શ્રી જિનેશ્વરો ધર્મનું સત્ય સ્વરૂપ સમજાવતા કહે છે કે- 'જે ધર્મથી જીવને વિષયોનો વૈરાગ્ય થાય, કષાયોનો ત્યાગ થાય, ગુણો-ગુણીઓ પ્રત્યે અનુરાગ (પૂજ્ય ભાવ) પ્રગટ થાય અને વિષય-કષાયનો ત્યાગ તથા ગુણોનો પ્રાદુર્ભાવ કરાવનારી ક્રિયામાં પ્રમાદ ટળી જાય તે આત્માની મુક્તિ માટેનો સાચો ધર્મ જાણવો.

ધર્મના અર્થી આત્માએ આ વાતને ધ્યાનમાં લઇ પોતે ધર્મી છે કે નહિ? તે સૂક્ષ્મ દષ્ટિએ તપાસવું ઘટે, જો એમ ન કરે તો બુધ્ધિ ધર્મની હોવા છતાં એ જ બુધ્ધિથી ધર્મનો નાશ થશે, ધર્મીને બદલે જીવન અધર્મી બની જશે, સુખને બદલે દુઃખોની પરંપરા ભોગવવી પડશે.

ધર્મ રાગ-દ્વેષાદિ અંતરંગ શત્રુઓનો પ્રતિપક્ષી છે. જે આત્મામાં ધર્મનું બળ વધે તેના રાગ-દ્વેષાદિ ઘટવાં જ જોઇએ. જો ધર્મના પ્રેમથી ધર્મક્રિયાઓ કરવા છતાં જીવના રાગ-દ્વેષ, મોહ, અજ્ઞાન, કામ, ક્રોધ, મદ, માન વગેરે ઓછા ન થાય તો તેણે સમજી લેવું જોઇએ કે-તેની ધર્મક્રિયાઓ સફળ થઇ નથી, તે ક્રિયાઓથી તે ધર્મી બની શકયો નથી.

રાગ-દ્વેષાદિનું જોર મંદ પડતાં જીવમાં સહિષ્ણુતા પ્રગટ થાય છે. જગતના પાપી જીવોને જાણવા છતાં તે જીવો ઉપર તેને દ્વેષ થતો નથી. કિન્તુ દયા-અનુકંપા ઉપજે છે. સાંસારિક આપત્તિઓથી તે અકળાતો નથી, કિંતુ તેમાંથી પસાર થવાનું સત્ત્વ કેળવે છે, આપત્તિઓને હટાવવાને બદલે તેને સહી લેવામાં અને તેથી થતી કર્મની નિર્જરામાં તેને આનંદ

થાય છે, તેમ સંપત્તિકાળમાં તે શાણો–સાવધ બને છે, અને તેમાં ફસાઈ ન જવાય, સંપત્તિના બળે પોતાનામાં રાગ–દ્વેષ, કામ, ક્રોધ, મદ, મોહ વગેરે વધી ન જાય, તે શત્રુઓ ફાવી ન જાય તેની સતત ચિંતા કરે છે, સંપત્તિનો વિરાગી બને છે, સંપત્તિ જેમ જેમ વધે તેમ તેમ તેનો વૈરાગ્ય વધુ અને વધુ બળવાન બનતો જાય છે. પરિણામે સંપત્તિને ભોગવવા છતાં રાગને બદલે વૈરાગ્યને ખીલવે છે કે–જે વૈરાગ્યના બળે આપત્તિકાળમાં અકળામણ કે સંપત્તિકાળમાં મુંઝવણ કર્યા વિના બન્નેથી મુક્ત થાય છે.

આવો ધર્મ–વૈરાગ્ય આત્માને ઇચ્છા માત્રથી પ્રગટ થતો નથી, તે માટે પુરુષાર્થ કરવો પડે છે. જેઓ આ ધર્મને પામ્યા છે, પ્રરૂપક અને પ્રચારક છે તેવા શ્રી અરિહંતાદિની ઉપાસના (સેવા) વિના આવા શુદ્ધ ધર્મને પ્રાપ્ત કરવાનો બીજો કોઇ રાજમાર્ગ નથી. જે વસ્તુ મેળવવી હોય તે જેની પાસે હોય તેની સેવાથી જ મેળવી શકાય છે. ભૂખ્યો ભોજન માટે, દરિદ્ર ધન માટે, રોગી આરોગ્ય માટે, તે તે વસ્તુ જેની પાસેથી મળે તેમ હોય તેને પ્રાર્થના કરે છે, તેની સેવા કરીને મેળવે છે, તેમ ધર્મ માટે પણ એ જ વ્યવહાર છે. કે જેઓ ધર્મને પામ્યા હોય તેમની સેવા,–પ્રાર્થના કરવી જોઇએ. આ નીતિને અનુસરીને જ દરેક ધર્મવાળાઓએ દેવ,–ગુરુની સેવા જરૂરી માની છે.

હા, ભોજન, ધન, વસ્ત્ર, કે ઔષધ વગેરેની જેમ ધર્મ કોઇને આપી શકાતો કે બીજાની પાસેથી લઇ શકાતો નથી, આત્મામાંથી જ પ્રગટ કરવાનો છે. તો પણ એ નક્કર સત્ય છે કે–ધર્મના નાયક દેવ અને ગુર્વાદિકની સેવા વિના તેને પ્રગટ કરી શકાતો નથી જ. દેવ–ગુરુની સેવા કરવાથી જીવ પ્રસન્નતાને અનુભવે છે. અને તેના ફળ સ્વરૂપે તેનો રાગ–દ્વેષ, વગેરે અંતરંગ મેલ સાફ થવા માંડે છે. ધર્મનો પ્રકાશ બહાર આવે છે. પરિણામે હિંસા, જૂઠ, ચોરી, વ્યભિચાર, મૂર્છા, ક્રોધ, માન, માયા, લોભ, કલહ, ચાડી, નિન્દા, રાગ–દ્વેષ દુરાગ્રહ, કામ, દુર્બુધ્ધિ અન્યાય વગેરેની બીમારી નષ્ટ થાય છે. અહિંસા, સત્ય વગેરેનો પક્ષ આત્મામાં વધતો જાય છે. પરિણામે આત્મા પાપમુક્ત બની પરમસુખનો ભોગી, સત્–ચિત્–આનંદ રૂપ બને છે. એજ એનું અજરામર સ્વરૂપ છે, અવિનશ્વર સુખ છે. એને જ આત્મા ઇચ્છે છે.

આ વિષયમાં કેટલાક એમ માને છે કે–જો ધર્મ લઇ–દઇ શકાતો નથી તો દેવ–ગુર્વાદિકની સેવાથી પણ તે કેમ મળે? આત્મા પોતે જ સ્વયમેવ ધર્મી કેમ ન બની શકે? ત્યાં એ સમજવાનું છે કે–ધર્મ બીજાની પાસેથી લઇ શકાય તેમ નથી, છતાં દેવ–ગુર્વાદિકની સેવા વિના તે આત્મામાં પ્રગટ પણ કરી શકાતો નથી. વિદ્યાર્થિને શિક્ષક શું પોતાની વિદ્યા આપે છે? ના, તો પણ વિદ્યાર્થી શિક્ષકનો વિનય વગેરે કર્યા વિના–તેની સહાય વિના ભણી શકતો નથી, તેમ કોઇ પણ આત્માએ ગુણોને પ્રગટ કરવા માટે તે તે ગુણને પામેલા ગુણીઓની સેવા કરવી આવશ્યક છે જ. હા, કોઈ વિદ્યાર્થી શિક્ષકની સહાય વિના વિદ્યાને કે કોઇ જીવ ગુર્વાદિકની સેવા વિના પોતાના ગુણોને પ્રગટ કરવાનાં દૃષ્ટાન્તો છે, તો પણ ત્યાંએ જીવોએ પૂર્વભવોમાં એ સેવા કરવાના પરિણામે અન્ય (આ) ભવમાં તે તે ગુણોની પ્રાપ્તિ કરી છે એ નિઃશંક છે. મરૂદેવા માતા જેવાનાં દૃષ્ટાન્તો આશ્ચર્યભૂત હોઇ તેનો આશ્રય લેવો તે હિતકર નથી. જો એમ ન માનીએ તો

બધા ય વિના—ગુરુએ પણ વિદ્વાન્ બનવા જોઈએ. પણ તેમ તો બનતું નથી, માટે ગુરુ વિદ્યા કે ગુણો માટે સહાયક છે એ નિશ્ચિત છે.

આ જગતમાં ક્ષમા નમ્રતા સરળતા સંતોષ બ્રહ્મચર્ય, સત્ય, દયા વગેરે જે કંઈ સુંદર છે, સુખકારક છે, તે શ્રી વીતરાગદેવને આભારી છે અને હિંસા, જૂઠ, ચોરી, કે કામ—ક્રોધાદિ જે દુઃખજનક અનિષ્ટ છે, તે અજ્ઞાન અને મોહને આભારી છે. માટે જ તેનો નાશ કરી ઇષ્ટ ગુણોની પ્રાપ્તિ કે જે સર્વ સુખોનું મૂળ છે તે તે માટે દેવની સેવા આવશ્યક છે.

સુદેવની સેવાથી બુદ્ધિ, જ્ઞાન અને તેના આધારભૂત ચિત્તની શુદ્ધિ તથા પુણ્યની પુષ્ટિ થાય છે. એમ શુદ્ધ-પુષ્ટ બનેલા ચિત્ત અને પુણ્યથી જીવ સઘળું સુંદર પામી શકે છે, સતત સુખી થઈ શકે છે, માટે સુખના અર્થીએ દેવ-સેવા એક જ સુખનો સાચો ઉપાય છે એમ માનવું જ જોઈએ.

દેવસેવાના દ્રવ્ય-ભાવ કે તેઓના નામનો જાપ, ધ્યાન, આજ્ઞાપાલન, પૂજન—અર્ચન વગેરે ઘણા પ્રકારો છે, તેમાં તેઓની મૂર્તિની પૂજા—અર્ચા સ્તુતિ—સ્તવનાદિ કરવું એ પ્રાથમિક પ્રકાર છે, સાચું કહીએ તો પ્રાથમિક અવસ્થામાં મંદબુદ્ધિવાળા જીવને જાપ—ધ્યાન વગેરે દુષ્કર બને છે, મૂર્તિ—પૂજા સહેલાઈથી કરી શકે છે, જીવને મળેલાં નેત્રો, કાન, જિહ્વા કે શરીરબળ યા સંપત્તિ વગેરેની સાચી સફળતા જિનપૂજાથી થાય છે, એના જેવો બીજો સદુપયોગ કયો થઈ શકે ? નેત્રો વગેરેનું સાચું ફળ જિનપૂજા છે, જિનદર્શનથી ભવાન્તરમાં દિવ્ય નેત્રો મળે છે, સંપત્તિ વિપુલ મળે છે, બુદ્ધિ નિર્મળ થાય છે, એથી સદાચારી બનેલો જીવ પાપપ્રવૃત્તિઓનો અનાદર કરી સ્વભાવે જ સદાચારી બને છે અને પોતાના જીવનથી કર્મોનો હ્રાસ કરી સુખી થઈ શકે છે.

કોઈ આ મૂર્તિપૂજામાં હિંસાદિને માનીને પૂજા કરવામાં પાપ મનાવે છે, તેઓએ સૂક્ષ્મ—નિષ્પક્ષ બુદ્ધિથી સત્ય સમજવા પ્રયત્ન કરવો જોઈએ. મૂર્તિપૂજા શાસ્ત્રો ઉપરાંત યુક્તિ અને જીવનના વ્યવહાર તથા અનુભવથી પણ સિદ્ધ છે. હિંદમાં શ્રમણ, બુદ્ધ અને વેદસંસ્કૃતિઓ પ્રાચીન મનાય છે, તેમાં પણ શ્રમણ (જૈન) સંસ્કૃતિની પ્રાચીનતાનો તો છેડો જ નથી (એ વિષય પ્રસંગે જણાવીશું.) આ ત્રણે સંસ્કૃતિઓમાં મૂર્તિપૂજાને પૂર્ણ મહત્ત્વ આપવામાં આવ્યું છે. કાળબળે પ્રગટેલી નવી—નવી વિચારધારામાંથી પ્રગટેલા તર્કોમાં કોઈ મૂર્તિ-પૂજાને અયોગ્ય માને છે, પણ તે સૂક્ષ્મબુદ્ધિ કે માધ્યસ્થ્યના અભાવનું પરિણામ છે. મૂર્તિ-પૂજાનો નિષેધ કરનારા પણ પોતાના એકે એક વ્યવહારમાં મૂર્તિને સ્વીકારી જ રહ્યા છે એ સિવાય એની નેત્રોની પ્રાપ્તિ જ નિષ્ફળ છે, આ વાત અનુભવથી સમજાય તેવી સાદી છે. જે અનાદિ સત્ય છે, તેનો ઇન્કાર કરવા છતાં તેને ટાળી શકાતું નથી. જીવનની સાથે લાગેલું હોય છે, તેને સ્વીકારવું જ પડે છે. મૂર્તિપૂજા એ સંસારી જીવનો સહજ સ્વભાવ છે, તેનો ગમે તેટલો તે ઇન્કાર કરે પણ તેના જીવન-વ્યવહારમાં તે મૂર્તિસ્વરૂપ આકાર અને રૂપને પ્રતિવ્યવહારોમાં માની રહ્યો છે. ભલે તે સ્પષ્ટ રીતે સમજે કે ન સમજે, પણ જગતમાં પ્રકાશનો, સૂર્યોદયનો, નેત્રોનો, કે આકાર—રૂપનો મહિમા છે તો મૂર્તિપૂજાનો મહિમા કદી ટાળી શકાતો નથી.

પુણ્યથી મળેલાં નેત્રો, જીભ—બળ કે સંપત્તિ વગેરેનો શું પાપપોષણમાં ઉપયોગ કરવો તે

# યોગબિન્દુ [ભાવાનુવાદ] શ્રી વિદૂર

[લેખાંક ૧૪ મો]

પ્રથમ યોગમાહાત્મ્યનો ઉદ્દેશ છે તેથી પ્રથમ તેનુંજ વર્ણન કરે છે. કારણ–જેવો ઉદ્દેશ હોય, તે પ્રમાણે જ નિર્દેશ આલેખન હોવું જોઈએ. જે વાત ગ્રંથકાર મહર્ષિ જણાવે છે.

योगः कल्पतरुः श्रेष्ठो, योगश्चिन्तामणिः परः।
योगः प्रधानं धर्माणां, योगः सिद्धेः स्वयंग्रहः ॥૩૭॥

યોગ એ શ્રેષ્ઠ કલ્પવૃક્ષ છે, ઉત્કૃષ્ટ ચિંતામણિ છે, સકળ ધર્મોમાં ઉત્તમ પ્રધાન છે અને સિદ્ધિનો સ્વયંગ્રહ છે.

ઉપર્યુક્ત યોગ જગતમાં વિદ્યમાન કલ્પતરુથી અતિશ્રેષ્ઠ છે. કારણ,–એ કલ્પવૃક્ષો માત્ર આ લોકના જ તુચ્છ ભોગોનું પ્રદાન કરે છે. તે પણ યાચના કરાવીને, અને આપે તે પણ પરિમિત; જ્યારે યોગ તો શાશ્વત–સુખ–આનંદને વગર–માગ્યે અને સંપૂર્ણતાએ આપે છે.

યોગ એ અન્ય ચિંતામણિથી પણ આ રીતે શ્રેષ્ઠ છે, જે બીજાં ધર્મસ્થાનકો છે તેથી પણ વધુ શ્રેષ્ઠ યોગ જ છે. કારણ–મુક્તિના સાક્ષાત્કારણરૂપ છે.

આ યોગવંતને મુક્તિરમણી સ્વયમેવ ગ્રહે છે એટલે યોગ એ મુક્તિસુંદરીના સ્વયંગ્રહણમાં કારણ છે.

શ્લોકમાં ‘યોગ’ શબ્દનું પુનઃ પુનઃ ગ્રહણ, યોગની અત્યંત આદરણીયતાનું સૂચક છે. જ્યારે એક વસ્તુ અત્યંત આદરપાત્ર હોય ત્યારે એનું વારંવાર નામગ્રહણ થાય જ.

વળી યોગના વર્ણન માટે ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે–

तथाच जन्मबीजाग्नि–र्जरसोऽपि जरा परा।
दुःखानां राजयक्ष्मायं, मृत्योर्मृत्युरुदाहृतः ॥૩૮॥

યોગ એ જન્મના બીજને માટે અગ્નિરૂપ છે. જરા માટે ઉત્કટ જરારૂપ છે, દુઃખો માટે રાજરોગરૂપ છે અને મૃત્યુ માટે મૃત્યુરૂપ છે.

જેમ બીજ પર અંગારા ખેરવવામાં આવે, તો બીજ જલી જાય, તેથી અંકુરોત્પત્તિ ન થાય. તેમ જન્મના બીજરૂપ કર્મશક્તિને મૂળમાંથી જલાવવામાં–બાળીને ખાખ કરવામાં યોગ એ ધગધગતા અંગારા તુલ્ય છે. જરા એ સહુને ગ્રસી જનાર રાક્ષસી છે.

તેના યોગે વયની હાનિ થાય છે. જ્યારે યોગ એ જરારાક્ષસીને ગ્રસી જવા જબરદસ્ત રાક્ષસીરૂપ છે. રાજરોગ એ પીડાનું કારણ છે. યોગ તો દુઃખોને બાધા કરવા–પીડવા રાજરોગરૂપ છે અને યમરાજાનો અંત આણવા યમતુલ્ય છે, એમ શાસ્ત્રકારો જણાવે છે. જેના માટે આ ગ્રંથકાર મહર્ષિ પણ જણાવે છે કે–

कुण्ठीभवन्ति तीक्ष्णानि, मन्मथास्त्राणि सर्वथा।
योगवर्मावृते चित्ते, तपश्छिद्रकराण्यपि ॥ ૩૯ ॥

પોતાનું માનસ યોગરૂપ બખ્તરથી સુરક્ષિત થઈ જાય, તો તપોનાશક પણ કામદેવનાં કાતિલ

---

ન્યાય છે? જો અન્યાય છે તો તેનો સદુપયોગ ક્યાં કરશો? જે કંઈ સારું કાર્ય છે તે બધું મૂર્તિપૂજામાં ઉતરે છે, તો મૂર્તિપૂજાનો વિરોધ કેમ ઘટે?

માનવીય શરીરની મીમાંસા કરતાં ય એ જ સાર પ્રગટે છે કે–આ શરીર દેવ–ગુરુ–ધર્મની યથાશક્ય સેવા સિવાય કંઈ કરવા સૂચન કરતું નથી, વગેરે આ વિષયમાં નવી દૃષ્ટિ મળે તેવી ઘણી વિચારણા કરવા જેવી છે, તે અવસરે.

શસ્ત્રો કુંઠિત થઇ જાય છે.

શબ્દાદિ વિષયો કામદેવનાં શસ્ત્રો છે એ જગજાહેર છે. એની આધીનતાથી તપસ્વિઓ પણ તપસ્યાથી ચૂકી જાય છે; પણ જો જીવ પોતાના ચિત્તને યોગરૂપ બખ્તરથી સુરક્ષિત બનાવી દે, તો તથાવિધ યોગરહિત તપસ્વિઓને માસક્ષમણ આદિ તપોથી ચૂકવનાર ભ્રષ્ટ કરનાર એવા પણ કામદેવનાં કાતિલ શસ્ત્રો બુઠ્ઠાં બની જાય છે, નાકામીયાબ બની જાય છે.

યોગ માટે ગ્રંથકાર મહર્ષિ મહાત્માઓની ઘોષણા જણાવે છે.

अक्षरद्वयमप्येत–च्छ्रूयमाणं विधानतः ।
गीतं पापक्षयायोच्चै र्योगसिद्धै र्महात्मभिः ॥४०॥

વિશેષ શું! અગર વિધિપૂર્વક 'યોગ' નામના બે અક્ષરોનું પણ શ્રવણ કરવામાં આવે તો નિબિડ પાપનો પણ નાશ થઇ જાય છે એમ યોગસિદ્ધ મહાત્માઓની ઘોષણા છે.

પંચપરમેષ્ઠિનમસ્કાર યા નવકારાદિરૂપ અનેક અક્ષરો તો દૂર રહો, પણ માત્ર 'યોગ' આ નામના બે અક્ષરોનું જ વિશિષ્ટ ક્ષયોપશમ નહિ હોવાથી તેનો અર્થ–ભાવાર્થ ન સમજાય તોય વિધિપૂર્વક–નિર્મલ જ્ઞાનપૂર્વક વિશિષ્ટ શ્રદ્ધા, તીવ્રસંવેગ, શુદ્ધભાવ, અત્યુલ્લાસ, હસ્તયોજન–વિનય-વિવેક આદિ પૂર્વક શ્રવણ કરી લેવામાં આવે તો ય મિથ્યાત્વ–મોહાદિ પાપકર્મનો આમૂલચૂલ વિનાશ થઇ જાય. તે પણ અત્યંત અપુનર્ભાવે થઇ જાય.

જેનું વિધિપૂર્વક શ્રવણ પણ પાપનાશક હોય, તેનું વિધિપૂર્વકનું આચરણ તો પાપવિનાશક હોયજ એમાં શક જ કેમ હોય.

આ પ્રકારે જેઓએ યોગને સિદ્ધ કર્યો છે, તે જિનેશ્વરદેવ અને ગણધરાદિરૂપ મહાત્માઓ ઘોષિત કરે છે–જાહેર કરે છે.

मलिनस्य यथा हेम्नो, वह्नेः शुद्धिर्नियोगतः ।
योगाग्नेश्चेतसस्तद्व–दविद्यामलिनात्मनः ॥ ४१ ॥

જેમ મલિન સુવર્ણની વહ્નિના યોગે નિયમા શુધ્ધિ થાય છે, તેમ અવિદ્યાના યોગે મલિન બનેલ ચિત્તની પણ યોગરૂપ અગ્નિદ્વારા અવશ્ય શુદ્ધિ થાય જ છે.

સુવર્ણ ઉપર તામ્રાદિનો મલ ચઢી ગયો હોય અને તેથી સુવર્ણ મલિન થઇ ગયું હોય, ત્યારે એની શુધ્ધિ અગ્નિના યોગે થાય છે. તેમજ ચિત્ત પણ અવિદ્યાના યોગે મલિન થાય છે. અવિદ્યા એ ચિત્તની મલિનતાનું જનક અનાદિકાલીન મલિન તત્ત્વ છે. તેના યોગે સદ્ભૂત વસ્તુ વિષયક ભ્રાન્તિ થાય છે. એ ભ્રમણાના પ્રતાપે ચિત્ત અશુધ્ધ થાય છે, તેની પણ શુદ્ધિ યોગરૂપ વહ્નિના યોગે થાય છે. કારણ–સામગ્રી કદાપિ કાર્ય વિના ન જ રહે.

વળી ગ્રંથકાર મહર્ષિ જણાવે છે કે–

अमुत्र संशयापन्न–चेतसोऽपि ह्यतो ध्रुवम् ।
सत्स्वप्नप्रत्ययादिभ्यः, संशयो विनिवर्त्तते ॥४२॥

જેના દીલમાં સંયોગવશાત્ પરલોકના વિષે સંશય પેદા થયો હોય, તેનો પણ સંશય યોગના પ્રભાવે થયેલ સત્સ્વપ્ન અને સત્પ્રત્યયના યોગે નિવૃત્ત થાય છે.

કોઇ નાસ્તિક આદિના સંપર્કથી જેને પરલોકના વિષે સંશય થઇ ગયો હોય કે પરલોક હશે યા નહિ.? આવી વ્યક્તિનો પણ સંશય યોગના પ્રભાવે થતા સત્સ્વપ્નાદિના યોગે નિવૃત્તિ થઈ જાય છે, તો અન્યની તો વાતજ શી કરવી!

❀

# ❁ અ૦મી૦ઝ૦ર૦ણાં ❁

## પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજ.

**સાચા**–ખોટા બેયમાં મધ્યસ્થ રહેનાર તો દુનીયામાં પહેલા નંબરનો બેવકુફ છે.

**જે** દાનના યોગે અપૂર્વ સુખ મળે, એ દાનમાં અગ્નિ મૂકનારા હવે આર્યદેશમાં પણ પાકયા છે.

**આજનાં** બધાં બહારના સાધનો આત્માનું નિકંદન કાઢનારાં છે.

**દાનનું** ફળ જો લક્ષ્મીની લાલસા હોય, તો એ દાન નહિ પણ સટ્ટો.

**દાન** એ ત્યાગની શરૂઆત છે. ત્યાગ તો ઉંચી વસ્તુ છે, આ દાન, થોડું શીલ, તપશ્ચર્યા એ બધું તમને મહાત્યાગી બનાવવા માટે છે.

**જગતમાં** સાચો સેવક તે જ કહેવાય કે જેને સેવ્યની આજ્ઞા એ જ શિરસાવંદ્ય હોય!

**વડીલ** વડીલતાને ગુમાવી આજ્ઞા કરે તો એને વડીલ ગણવાનો હક્ક નથી.

**મા**–બાપ એ સંતાનના શરીરના પાલક અને પોષક છતાં પણ એ મા–બાપ શરીરના અધિષ્ઠાતાને ન ભૂલે.

**મા**–બાપની શરીર ઉપર સત્તા જરૂર. શરીર પર મા–બાપનો અખંડ ઉપકાર. મા–બાપનો ઉપકાર દુષ્પ્રતિકાર છે. એનો ઉપકાર વાળવા દિકરાએ ઘણું કરવું જોઈએ. એ ~~ફરજ~~ મરતાં સુધીએ વિસરવી જોઇએ નહિ. પોતે સન્માર્ગમાં સ્થિર થાય ~~અને મા~~-બાપને એ માર્ગે યોજે, તો જ તે ઉપકારનો બદલો વાળી શકાય.

**ખોટી** શાંતિમાં પડી છતી તાકાતે વિરોધિઓના પ્રહાર સામે, કંઇ પણ ન બોલનારા, મૂંગા રહેનારા, એ જૈનશાસનમાં કિંમત વિનાના છે, વસ્તુતઃ તેમનામાં જૈનશાસન પરિણમેલું નથી.

**શાસનના** રક્ષણમાં આવતી અશાંતિ એ તો પરમ શાંતિ છે.

**શાસનના** રાગી તે અમારા રાગી, અને શાસનના વિરોધી તે અમારા વિરોધી.

દુનીયાના રાગરંગને, દુનીયાની મોજ–મજાને જ્ઞાનીઓ એકાંતે દુઃખની ખાણ કહે છે.

**મને** વિશ્વાસ છે કે–જિનેશ્વરદેવનો ત્યાગમાર્ગ ઉત્તમ આત્માને ખટકે નહિ.

**આ** ભવ–સંસાર ભયંકર છે. ત્યારે દુનિયાના જીવોને ધર્મ ભયંકર દેખાય છે. દુનિયાની સામગ્રી દેખીતી મીઠી અને પરિણામે કડવી છે, એટલે સંયમ પર એકદમ રાગ થાય એ બનવું અશકય છે.

**પડવાની** બીકે નહિ ચડનારાં કરતાં ચડીને પડેલો કંઇ ગુણો ઉંચો છે.

પડવાની બીકે નહિ ચડેલાની સ્થિતિ નિયત નથી. જ્યારે ચઢીને પડેલાની સ્થિતિ નિયત છે.

**કોઇ** પડે એમાં નવાઇ નથી, ચઢે એમાં નવાઈ છે, પડનારના દષ્ટાંતો આગળ ન કરાય, પડે એમાં આશ્ચર્ય નહિ, ચઢેલ ચઢી જાય એ આશ્ચર્ય.

**કર્મસ્થિતિ** ભયંકર છે, પણ એને આધીન થવાનું નથી. પુરુષાર્થને પ્રધાનપદ આપવાનું છે. પુરુષાર્થનો ઉપયોગ કર્મને કાઢવામાં કરવાનો છે. પણ ભેળાં કરવામાં કરવાનો નથી.

**સમ્યગ્દષ્ટિ** આત્મા માટે પ્રધાનતા કર્મનાશ માટેના પુરુષાર્થની.

**અશુભના** ઉદય કરતાં શુભનો ઉદય

ભયંકર છે.

**આ**ત્માને પૂછો કે-તમારી કાલની ખામી આજે પૂરાણી કે વધી?

**ધ**ર્મિ પાસે અધર્મિને આવતાં વાંધો નહિ, પણ ધર્મના વિરોધીને આવતાં ગભરાટ થાય. ધર્મી કાંઇ નિર્દય નથી પણ એની આંખમાં એ તાકાત છે.

**દુ**નિયાના અયોગ્ય વ્યવહારને શાસન સાથે કાંઇ લાગતું-વળગતું નથી.

**ધ**ર્મશુદ્ધિ ત્યાં વ્યવહારશુદ્ધિ છે.

**ત**મે જ્ઞાનીઓની આજ્ઞા મુજબ ત્રિકાળ જિનપૂજન કરો, ઉભયકાળ આવશ્યક એટલે કે કરેલાં પાપોના પશ્ચાત્તાપ આદિની ક્રિયા કરો, નિરંતર વ્યાખ્યાન શ્રવણ વગેરે કરો તો ભૂખે મરો, એ હું માનતો નથી.

**ત**મારો આત્મા ધર્મના સ્વરૂપને સમજે. ધર્મની સાચી આરાધના તમારા હાથમાં આવી જાય, તો દુનિયાનો વ્યવહાર તમારા ધર્મને બાધ કરેજ નહિ.

**જે** બળ આત્મધર્મનો નાશ કરે તે પૌદ્ગલિક બળ.

**સ**મ્યગ્દૃષ્ટિ આત્મા, આત્મસાધના માટે ખરચાતા બળની પ્રશંસા કરે.

**બ**ળવાન આત્માના ગુણને પણ જડનો ભયંકર યોગ ભૂલાવી દે છે.

**અ**શુભના ઉદયમાં ખરાબ સંયોગો ઉભા થાય ને શુભના ઉદયમાં સારા સંયોગો ઉભા થાય. પણ એ ઉદયને આધીન ન થઈએ તો સુખપૂર્વક આત્મકલ્યાણ સાધી શકાય.

**જા**ગૃત આત્મા આગળ કર્મસત્તા પણ નિર્બળ થઇ જાય છે.

**ઘ**ણાએ ગરીબો શ્રીમંતો કરતાં સુખી હોય છે, પણ વ્યવહારમાં સુખી શ્રીમંત કહેવાય.

**ની**તિપૂર્વક જે ચીજ કરીએ, પૈસા કમાઇએ, એમાં નીતિની પ્રવૃત્તિ એ ધર્મ, પૈસા એ અધર્મ.

**સ્યા**દ્વાદના નામે ઉંધી વાતો કરવાથી જૈનશાસનનો નાશ થાય છે. સ્યાદ્વાદ એટલે મરજી આવે એમ વર્તવું એમ નથી.

**જ**ગતના ભોળા જીવોને ઉંધે માર્ગે દોરનારાઓ દોરી રહ્યા હોય ત્યારે ભોળા જીવોને સન્માર્ગની અંદર સ્થિર કરવામાં મુનિઓ જો પોતાની શક્તિનો ઉપયોગ કરે તો આરાધક, અને ન કરે તો વિરાધક.

**શ્રી** જિનેશ્વરદેવના શાસનની અપભ્રાજના થઇ રહી હોય, ધર્મ એ અધર્મ તરીકે ઓળખાય. એવી રીતનું ધર્મના વિરોધીઓ મનમાન્યું બોલ્યા કરતા હોય તે વખતે છતી શક્તિએ તેનો પ્રતિકાર કરવાનો એટલે જગતના જીવો ઉન્માર્ગે દોરાઇ ન જાય તેને માટે પ્રયત્ન ન કરતાં ખોટી શાંતિના પાઠ જપનારા અને જપવાનું કહેનારા શ્રી જિનેશ્વરદેવના શાસનને પામ્યા જ નથી, એમ કહેવામાં લેશ પણ અતિશયોક્તિ નથી.

**સા**ધુ સમતાના સાગર ધ્યાન મગ્ન, અરે કેવળજ્ઞાન નિકટવર્તી હોય, છતાં એ શાસનની હાનિ થતી હોય, ધર્મના વિરોધિઓ ધર્મનો ઘાત કરતા હોય તે વખતે પોતાનાં હૃદયમાં હિતબુદ્ધિને બરાબર જાગૃત રાખી, ધર્મની રક્ષા માટે જે કાંઇ કરવું ઘટે તે કરે, સુધારવા માટે શિક્ષા પણ કરે, તોય એ આરાધકની કોટિમાં છે, કારણ કે જગતના ભલા માટે સન્માર્ગના રક્ષણની જરૂર છે, એવા વખતે પણ સમતાની વાતો કરનારાઓ પોતાનું મુનિપણું, શ્રાવકપણું યા સમ્યગ્દૃષ્ટિપણું ગુમાવી દે છે.

# એ ભૂલવું જોઈએ નહિ !

## શ્રી મફતલાલ સંઘવી.

ઉમંગભેર માતાના ખોળામાં ખેલતા બાળકની, એક પગારદાર આયાના ખોળામાં જતાં જે દુઃખમય હાલત થાય, તેવી જ હાલત ખાસ કરીને આજે ભારત અને દુનિયાભરમાંની રંગીન પ્રજાઓની-સ્વપર કલ્યાણકર સંસ્કૃતિમાતાની ગોદ છોડીને, નિજના મોહક રૂપ-સંગીત વડે નાચતી-નચવતી પ્રગતિરૂપી આયાના ખોળે જવાથી થઇ છે.

નથી જેની પાસે માતૃ-હૃદયનો ધબકાર કે નીતર્યું વાત્સલ્ય એવી પ્રગતિરૂપી આયા, નંદવંશની છેલ્લા રાજવીની પાપલીલાના નાશ કાજે મહાવિચક્ષણ કૌટિલ્યે તૈયાર કરેલી વિષકન્યાની માફક, અજબ આકર્ષક સ્વાંગ સજીને, સંસ્કૃતિ અને તેના સાચા અનુયાયીઓને પરાસ્ત કરવા માટે અવનવા કીમિયા અજમાવી રહી છે.

પીપરમીન્ટની લાલચમાં કાંડાનું કડું ઉતારી આપનાર બાળક જેવી આપણી-સંસ્કૃતિભક્તોની દશા થતી જાય છે. કારણ કે યુગોથી જેણે પ્રજાઓને ધર્મના મુક્તિદાયક મંગલમાર્ગે આગળ વધવાની સર્વ પ્રકારની જોગવાઇઓ કરી આપી છે, તે સંસ્કૃતિની સામે આંતરરાષ્ટ્રીય ગૌરાંગ મુત્સદ્દીઓએ પ્રગતિને એવી સફાઇથી ઊભી કરી દીધી છે કે, આપણે પણ સંસ્કૃતિની ઉપાસના દ્વારા સાંપડતી આંતરબાહ્ય વિશિષ્ટતાને બદલે, પ્રગતિ મારફત મળતી તાત્કાલિક ભૌતિક વિશિષ્ટતામાં અંજાઈ જઇ, સંસ્કૃતિને છેહ દેવા સુધીની માનસિક સ્થિતિમાં મૂકાયા યા મૂકાતા જઇએ છીએ.

ભૌતિક આબાદીના એકાંતિક લક્ષ્યપૂર્વક આરંભાતી અને પૂર્ણ કરાતી યોજનાઓ વિપુલ જનશકિત ધરાવતા આ મહાન રાષ્ટ્રની પ્રજાના સાંસ્કૃતિક જીવનના સર્વનાશમાં જ પરિણમશે.

આ રહ્યાં તેનાં કારણો:

(૧) યોજનાઓના મૂળમાં હેતુ છે ઊંચા જીવન-ધોરણનો.

(૨) યોજનાઓ પૂરી થતાં પ્રજારૂપી શક્તિ, યોજનાજન્ય યાંત્રિક શક્તિ સાથે અથડામણમાં આવશે.

(૩) આદર્શોનું ધોરણ નીચું આવશે.

(૪) સાંસ્કૃતિક બળો, લુપ્તપ્રાયઃ થશે.

(૫) ધર્મારાધના કાજે મળેલું માનવજીવન, સુખના ઉંચ આંકને આંબવામાં વિલીન થશે.

(૬) ભારતભૂમિના પ્રાણ તુલ્ય આર્યત્વ, આસુરીબળોનો અખાડો બની જશે.

(૭) રાજકારણમાં કેવળ નિષ્પ્રાણ કાવાદાવા કાયમ રહેશે.

(૮) આ દેશ, ભારતીય જનતાનો મટી જઇ, યાંત્રિક શક્તિના આરાધકોનો બની જશે.

સુખ, સંપત્તિના હેતુઓની સાધનામાં જીવનની મહત્તા પ્રદાન કરનાર, સિદ્ધાન્તોની આજે જે રીતે ઠેકડી ઉઠાવાઇ રહી છે, તે જોતાં એમ ખાત્રી થાય છે કે, ભારતના વર્તમાન રાજકીય આગેવાનો, ભારતીય પ્રજાનાં જીવનગૌરવના પ્રતીકરૂપ હોવાને બદલે પાશ્ચાત્ય રાષ્ટ્રોના મુત્સદ્દીઓની કુનેહભરી આંતરરાષ્ટ્રીય રાજરમતની પ્રેરણા મુજબનો ઘાટ ભારતના આંતર-બાહ્ય સ્વરૂપને આપવા મથી રહ્યા છે.

ધર્મનાં મૂળ તત્ત્વોનાં આધારવિહોણી પ્રગતિની દિશામાં ડોકિયું કરવામાં પણ જેના પૂર્વ પુરુષો પાપ સમજતા હતાં, તે ભારતીય પ્રજાના મનાતા રાજકીય આગેવાનો, તેમનો જેના ઉપર અધિકાર નથી, તેવા ક્ષેત્રોને પણ ધર્મરહિત બનાવવા અને તેના સ્થાને પ્રગતિને

સ્થાપવા પ્રયાસો કરે છે તે જાણ્યા અને જોયા પછી, **ભારતના સાચા ગૌરવની ચોકી-આત સાધુપુરુષો, પ્રજાને દોરવણી આપવા તત્પર નહિ થાય તો મહા-અનર્થની શકયતા રહેલી છે,** આ વસ્તુ આજે ખૂબ જ મહત્ત્વની અને વિચારણીય છે.

હજારો પાપ, પ્રપંચ, અનાચાર, અનર્થો, અસત્ય અને દુષ્કૃત્યો દ્વારા હાંસલ કરાતા સુખ, સાહ્યબી, સંપત્તિ વગેરેમાં શું ભારતીય પ્રજાનો આરાધક આત્મા પ્રગટ થશે?

જે યોજના કે કાર્યના કેન્દ્રમાં ધબકતો નથી ભારતીય સંસ્કૃતિનો આત્મા, તે ભારતની ભૂમિ પર પ્રગતિના તાંડવનૃત્ય સિવાય બીજું શું નિર્માણ કરી શકશે? ભારતીય સંસ્કૃતિનો માનદંડ છે સર્વકલ્યાણ, યાને પ્રત્યેક જીવનું ઓછામાં ઓછું અકલ્યાણ, તેના સઘળા નીતિ-નિયમો તે જ આદર્શ અનુસાર ઘડાએલા છે. અને કોને દુ:ખના દરિયામાં હડસેલી દઇ, સુખી થવાની પ્રગતિ દીધી શિખામણ, સંસ્કૃતિનો સાચો અનુયાયી સાંભળવા પણ રાજી ન જ હોય.

જે જન્મ અને જીવનનો હેતુ, સ્વપર કલ્યાણ છે, તે જ જીવન વડે કોઈના ય પ્રત્યક્ષ યા પરોક્ષ અકલ્યાણના નિમિત્તરૂપ બનવામાં ભારતીય સ્ત્રી યા પુરુષનો આત્મા અપાર દુ:ખ જ અનુભવે. જ્યારે પ્રાગતિક શિક્ષણને વરેલા આપણા આગેવાન મનાતા રાજ્યપુરુષો કાયદા દ્વારા તેમજ પ્રચાર દ્વારા ભારતીય પ્રજામાંથી ધર્મ, સમાજ, અહિંસા, ચારિત્ર, સાંસ્કૃતિક પ્રતીકો વગેરેને આમૂલ નાબૂદ કરવાના આંતરરાષ્ટ્રીય મુત્સદ્દીના મુખ્ય ધ્યેયને ચરિતાર્થ કરવા માટે દિન-રાત પ્રયાસો કરે છે. અને આ દેશની પ્રજા સમક્ષ, પાશ્ચાત્યદેશોની એઠે જૂઠી હકીકતો રજુ કરે છે.

આધ્યાત્મિક સંસ્કૃતિ મૂલક ભારતીય બંધા-રણના સિવાય જીવનનો જયવારો નથી. ધર્મની સુરક્ષા નથી. જીવન જો તે આદર્શ મુજબનું ઘડવું હોય તો, તેમાં પ્રગતિની પ્રલયંકારી પાપપ્રતિમાની છાયાને પણ ન પડવા દેશો. ધ્રુવને ત્યજી કૃત્રિમ-અધ્રુવને પકડવા પ્રયત્ન કરવો **તેનું નામ છે વર્તમાનની પ્રગતિ.** મૂળ-રહિત બનેલો એક નાનો છોડ પણ પાંગરી શકતો નથી, તો જીવનનાં મૂળ તત્ત્વોથી રહિત બનેલું માનવજીવન ડાળા-પાંદડારૂપ ભૌતિકક્ષેત્રે પાંગરવા સિવાય, કોઇના ય કામ નહિ જ આવે!

ભારતની યુગયુગપ્રાચીન સંસ્કૃતિની સર્વતો-મુખી પ્રતિભાને સંસારમાં સર્વત્ર પુન:પ્રતિષ્ઠિત કરવા માટે કોરી રાખવો ઘટે આપણે સહુએ મંત્ર અંતરદ્વાર પર, 'જીવન ધર્મને વરેલું છે, શરીર જ સુખના સપનામાં રાચે છે.'

શારીરિક સુખ માટેની સંસ્કૃતિ તે વર્ત-માનની ઝાંઝવાના નીર જેવી પ્રગતિ. જ્યારે જીવનને સર્વકલ્યાણના ઉત્કૃષ્ટ મંગલ ધ્યેયના માર્ગે આગળ વધવાની સર્વ સાનુકૂળતાઓ બક્ષનારી જે સંસ્કૃતિ તેનું જ નામ ભારતીય આધ્યાત્મિક સંસ્કૃતિ. પચાસ-સાઠ વર્ષે ખરી પડનારૂં શરીર જ જેને સર્વપ્રકારે વહાલું હોય. તે ભલે આજની પ્રગતિનો આરાધક બને, બાકી ભારતીય માત્રને તો એની યુગયુગપ્રાચીન કલ્યાણ-કારી સંસ્કૃતિ જ આરાધ્ય જણાશે, જણાશે ને જણાશે.

જેના આદિ, મધ્ય, અને અંતમાં ગૂંજી રહ્યું છે સાંસ્કૃતિક પ્રજાઓના (સર્વનાશનું સંગીત તે વર્તમાનકાલીન પ્રગતિના પંથે પગલું ભરતા પહેલાં, આજના રાષ્ટ્રનાયકોએ સ્વપર-હિતનો ખૂબ ખૂબ વિચાર કરવો તે સર્વકોઇના શ્રેય માટે **આવશ્યક નહિ પણ અનિવાર્ય છે.** એ ભૂલવું જોઇએ નહિ!

# પુરુષાર્થ અને પ્રારબ્ધ:

## પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી ગણિવરઃ

[ એક તલસ્પર્શી વિચારણા ]

"પૈસા કમાવા તે સહેલું કામ નથી, એ માટે તો ઘણી ઘણી વિટંબણાઓમાંથી પસાર થવું પડે છે." દુનિયાના માણસોનું આ કથન છે. પણ જેવી રીતે એ જોવાય છે કે, 'પૈસા કમાવા એ સહેલું નથી....' તેમ 'પૈસા કમાવા તે આપણું ધાર્યું કામ નથી.' એ નથી જોવાતું!

"હું આમ બજારમાં જાઉં.... આમ ધંધો કરૂં.... ને ઝટ આટલા પૈસા લઇ આવું...." એ વિચારાય છે પણ "આમાં મારૂં કંઇ ઉપજશે કે નહિ?" એ વિચારાતું નથી!

પરંતુ એના પર. પ્રશ્ન થાય છે કે-ભાઇ! દુનિયામાં તો સ્પષ્ટ છે કે 'દુકાન ખોલીયે.... માલ લાવીયે, ઘરાક આવે.... ઠીક ભાવે માલ લે.... તો પૈસા મલે.' આ બધું પુરુષાર્થથી સાધ્ય છે. જ્યારે બીજી બાજુ ધર્મમાં દેખાય છે કે 'ઘણા લોકો ધર્મ તો કરે છે પણ ઉજમાળતા દેખાતી નથી? ને કેટલાકનું જો ભાગ્ય ખીલ્યું હોય છે, તો ધર્મમાં આગળ ધપે છે!' આનો અર્થ એ છે કે-પૈસા મહેનતથી મળે અને ધર્મ ભાગ્યથી. પણ પાછું વિચારતાં એક કોયડો ઉભો થઇ જાય છે! કે તો પછી બધે ધાર્યું કેમ નથી બનતું? અને અને ધર્મની વાતમાં કેમ હાથ જોડીને બેસી રહે કામ પતી નથી જતું?

આના સ્પષ્ટીકરણમાં વસ્તુસ્થિતિ એવી છે કે-દુન્યવી સગવડ-અગવડનો મુખ્ય આધાર પ્રારબ્ધ છે.

પ્ર૦- "એટલે શું પ્રારબ્ધ છે માટે મોંમાં કોળીયો આવી જાય ઘેર બેઠાં?"

ઉ૦- હા! તમારી શ્રદ્ધા જો એવી હોય તો તે પણ થાય. પણ તે શ્રધ્ધા નથી માટે બજારમાં દોડવું પડે છે!

પ્ર૦- બજારમાં પણ રોજી ક્યાં મલે છે? નહિતર આટલી બેકારી હોય?

ઉ:- માટે જ કહો કે પુરુષાર્થનું કંઈ ઉપજતું નથી, જો પ્રારબ્ધ નબળું છે તો. દહીંમાંથી માખણ કાઢવા દહીંમાં પાણી નાખવું પડે છે. તો દહીં જેટલું સ્થાન પ્રારબ્ધનું છે, અને પાણી જેટલું સ્થાન પુરુષાર્થનું છે, માખણ પાણીમાંથી આવે કે દહીંમાંથી? જેમ ધન તો તિજોરીમાં જ છે, ચાવીમાં નહિ. પણ ચાવી નિમિત્ત બને છે. તેમ સગવડ-સંપત્તિ પ્રારબ્ધમાં છે. પુરુષાર્થ એને ખોલવા નિમિત્ત બને છે. પરંતુ જો પ્રારબ્ધની તિજોરીમાં ધન નહિ, તો પુરુષાર્થની ચાવી નકામી.

પ્રારબ્ધ બે પ્રકારનાં હોય છે (૧) નિમિત્ત આપો તો ઉઘાડાં થાય. (૨) વિના નિમિત્તે ઉઘાડા થાય. ચોમાસાની ઋતુ છે. પેટ ભરીને ખાઈ લીધું છે પણ મરચું મીઠું ભભરાવેલી, પાણીથી ભરચક કાકડી જોઈ, ને ઉડાવી ગયા. સાંજ પડીને તાવ આવ્યો તો તાવરૂપી પ્રારબ્ધ તો જ ઉદયમાં આવ્યું, જો કાકડી ખાધી. તાવ આવે પ્રારબ્ધથી જ; પણ અસત્ પુરુષાર્થનું નિમિત્ત મલ્યું. પ્રારબ્ધના બીજા પ્રકારમાં. માણસ ઘણુંયે આરોગ્ય સાચવતો હોય છતાં અવસરે ડાકટર કહી દે છે-તમને ક્ષય છે, કેન્સર છે, આ વિના-નિમિત્તે માંદો પડયો તે ય પ્રારબ્ધ. પણ નિમિત્ત કોઈ નહિ તમે

દુકાને જાઓ છો કે નોકરી—મહેનત કરો છો, તો પૈસા મેળવો છો. આ તમારો પુરુષાર્થ તો ખરો;

પરંતુ તેનું સ્થાન કેટલું ને પ્રારબ્ધનું સ્થાન કેટલું? આ પ્રારબ્ધ સનિમિત્તિક છે, તે જે ઉદયમાં આવે છે તેમાં વિશેષતા પ્રારબ્ધની કે પ્રારબ્ધને ઉઘાડનારની? જેમ ઝવેરી ઝવેરાતનું માપ કાટલાં મૂકીને કરી આપે છે. પણ કિંમતી કોણ? કાટલાં કે ઝવેરાત? સોનાને સો ટચનું બતાવે છે કસોટીનો પાષાણ પણ કિંમતી કોણ? સોનું કે કસોટી? તેમ પ્રારબ્ધને ઉઘાડનાર પુરુષાર્થ છે. પણ કિંમતી કોણ? જેમ ઝવેરાત અને સોનું કિંમતી તેમ પ્રારબ્ધ જ કિંમતી કહેવાય. સેફડીપોઝીટને ચાવી લગાડી, ને પૈસા નીકાળ્યા, તો શું પૈસા ચાવીએ આપ્યા? ના, એ તો અંદરમાં થાપણ મૂકેલી હતી તો મલ્યા. તેમ પુરુષાર્થ કામનો ખરો પણ તેનું સ્થાન ચાવી જેટલું! ચાવી જેમ પૈસા ન આપે તેમ પુરુષાર્થ પૈસા નથી આપતો, પરંતુ પ્રારબ્ધની થાપણ પૈસા આપે છે! આ વસ્તુની જો મનુષ્યને ખબર હોય તો જરૂર તે ઘણા વલોપાતમાંથી મુક્તિ મેળવે.

સવારમાં ઉઠીને બાઈ સીધીજ દહીંની ગોળીમાં પાણી નાંખી મંથન કરવા લાગી જાય, પણ એ ખબર ન રાખી હોય કે અંદર દહીં છે કે નહિ! પછી એક કલાક થયો છતાં માખણ નીકળતું ન જોતાં, અંદરમાં જુવે કે 'ઓહો! આ તો અંદર દહીંજ નથી?' તેમ અહિં બજારમાં પુરુષ દોડયો. છ કલાક વીત્યા પણ કંઈ મળ્યું નહિ તેથી 'હાય! છ કલાક ટીચાયા પણ પૈસા ન મલ્યા!' ત્યાં એણે અંદરમાં જોવું જોઈએ કે પુરુષાર્થનું પાણી લઈને જ છ કલાક મથ્યો, પણ અંદરમાં પ્રારબ્ધરૂપી દહીં નથી, તો પૈસારૂપી માખણ કયાંથી મળે? અહિં એ પૈસા ન મલ્યા, તે બદલનો શોક નહિ કરે; પરંતુ નવું પ્રારબ્ધ ઉભું કરવાની તાલાવેલી જમાવશે.

આ જગાએ 'છ કલાકનો પુરુષાર્થ કરવા છતાં પૈસા ન મલ્યા' આ શોક હશે તો છના બદલે ૧૨ કલાકનો પુરુષાર્થ કરવા તૈયાર થશે? પણ એ તો પેલી ગોળીમાંથી માખણ ન નીકળતું જોઈ, બાઈ જો 'પાણીની ખામીથી માખણ નથી નીકળતું માટે લાવ બીજું પાણી ઝીંકું' એમ કરીને પાણી નાંખે—તો તે જેવી મૂર્ખ ગણાય તેવો આ છના બાર કલાક કરનારો મૂર્ખ ગણાય. ખેડૂત ગમે તેટલી મહેનત કરે પણ અંદરમાં બીજ જ ન હોય તો? અને જો બીજ હોય—તો તે બીજ જેવું હોય તેવો માલ નીકળે! તેમ અહિં જેવું સારૂં—નરસું પ્રારબ્ધ હોય તે મુજબ સુખ—દુઃખ મળે. એ સમજી રાખો કે પૈસા પ્રારબ્ધની ધારણા પર આવે છે. આપણી ધારણા પર નહિ. આપણી ધારણા મુજબ દુન્યવી ધન આવતું, ટકતું કે વર્તતું નથી. ગમે તેટલા દવાના ટંક રાખ્યા હોય છતાં શરીર એની ધારણા મુજબ ચાલતું નથી! કેમ આમ? કહો કે પ્રારબ્ધ વાંકું એટલે બધું જ વાંકું! પ્રારબ્ધની ચીઠ્ઠી પર દુન્યવી સુખ—સગવડો આવવાની, રહેવાની અને વર્તવાની. તેની આગળ પુરૂષાર્થ સાવ ફિક્કો પડી જાય છે. જો પ્રારબ્ધ અનુકૂળ તો પુરુષાર્થ મામુલી જ જોઈએ. આજે રોટલોદાળ ખાઈને જીવનારા અલમસ્ત શરીરના પ્રારબ્ધવાળા છે, જ્યારે કેટલાક એવા શરીરના પ્રારબ્ધ વિનાના છે કે દૂધની મલાઈઓ ઉડાડવા છતાં ટાંટીયા લથડતા હોય છે! આપણે તેને પૂછીયે કે—'કેમ આમ?' કહેશે એ 'ભાઈશાબ, ખબર

જુઓ અનુસંધાન પેજ ૬૯૧

# જ્ઞાન-વિજ્ઞાનની તેજ છાયા.

સંપા૦ શ્રી કિરણ

કલ્યાણ'ના ચાલુ અંકથી એક નવો વિભાગ ઉઘડે છે, તેના સંપાદક તથા લેખક શ્રી 'કિરણ,' ચિંતનશીલ અભ્યાસી છે, તેમનું વાંચન વિશાલ છે, મનન તથા નિદિધ્યાસન પણ ગંભીર છે. 'કલ્યાણ'માં જેમ હળવું તથા સામાન્ય અભ્યાસીને રસપ્રદ અને તેવું વાંચન પીરસાય છે, તેમ 'કલ્યાણ'માં ચિંતનશીલ અને મનનીય ગંભીર વાંચન અવાર-નવાર પીરસાતું રહે તેવો અનેક શુભેચ્છકોનો આગ્રહ રહેતો, તે આગ્રહને અનુલક્ષીને અત્યારસુધી અમે કલ્યાણમાં તેવું અર્થગંભીર તથા મનનપ્રધાન વાંચન અવસરે, અવસરે આપ્યું છે.

આજથી દર અંકે નિયમીતરૂપે પ્રસ્તુત વિભાગમાં લગભગ ફરમા જેટલું મનનપ્રધાન સાહિત્ય, અનેક વિષયોને સ્પર્શીને આત્મલક્ષી શૈલીયે અહિં શ્રી કિરણ દ્વારા તેઓની આગવી શૈલીયે સંયોજિત-સંપાદિત થઇને પ્રસિદ્ધ થશે.

આશા છે કે, કલ્યાણના વાચકવર્ગને આ વિભાગનું વાંચન-મનન અનેક રીતે પ્રેરક તથા ઉદ્‌બોધક બનશે ! સં૦

❀

## કમલને પત્ર

પ્રિય કમલ !

તારો પત્ર મળ્યો છે. તારા આગ્રહને વશ થઇ "જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા" લખવાનું હું સ્વીકારૂં છું.

હું શા માટે આ લેખનને "જ્ઞાન-વિજ્ઞાનની તેજછાયા" કહું છું ?

જ્ઞાન શું છે ?

વિજ્ઞાન શું છે ?

જ્ઞાન અને વિજ્ઞાનનો સંબંધ શું છે ?

જીવનના વિકાસમાં જ્ઞાન-વિજ્ઞાન કઈ રીતે સહાયક થાય ?

આજનું વિજ્ઞાન કેવું છે ?

સાચું વિજ્ઞાન કેવું હોય ?

અહિં આવા અનેક પ્રશ્નો આપણે વિચારીશું.

હું ક્યારેક ભગવાન શ્રી મહાવીરદેવના સ્યાદ્વાદ માટે લખીશ તો ક્યારેક ડૉ. આઇન્સ્ટાઇનના (unified Field theory) વિશ્વ સિધ્ધાંત માટે. ક્યારેક શ્રી નમસ્કાર મહામંત્રમાં રહેલી મહાન શક્તિ માટે લખીશ, તો ક્યારેક અશ્રાવ્ય ધ્વનિ વિજ્ઞાન (Supersonics) માટે. ક્યારેક કર્મમળોને ભસ્મ કરનારા ધ્યાનાગ્નિ માટે લખીશ, તો ક્યારેક માનવતાના ગુણો કેળવવા માટે. ક્યારેક અહિંસા, સંયમ અને તપની અચિંત્ય શક્તિ માટે લખીશ તો ક્યારેક અણુશક્તિ અને ચુંબક શક્તિ (Atomic energy and magnetic energy)ની શકયતાઓ માટે લખીશ તો ક્યારેક સાધનામાર્ગના વિઘ્નો માટે.

અહિં ક્યાંક શ્રી વીરપ્રભુની અમૃતવાણી હશે તો ક્યાંક પૂ. શ્રી સિદ્ધસેન દિવાકરજી મહારાજની કાવ્ય પ્રતિભા. ક્યાંક પૂ. શ્રી હરિભદ્રસૂરિ મહારાજની સૂક્ષ્મ પ્રજ્ઞા હશે તો ક્યાંક પૂ. શ્રી જિનભદ્રગણિ ક્ષમાશ્રમણની જ્ઞાન સુધા, ક્યાંક મહાત્મા શ્રી આનંદઘનજીનો અનુભવ હશે તો ક્યાંક પૂ૦ ઉપા૦ મ૦ શ્રી યશોવિજયજી મહારાજની પિયૂષધારા. ક્યાંક બર્નાર્ડ શોના કટાક્ષ હશે તો ક્યાંક કોન્ફ્યુસિયસની બોધ કથા.

સમુજ્જવલ સ્યાદ્વાદ દૃષ્ટિથી આ લેખન વાંચીશ તો નવો પ્રકાશ પ્રાપ્ત થશે. સમ્યગ્ વિચાર અંશો જ્યાંથી પણ મળે ત્યાંથી પ્રાપ્ત કરવા પ્રયત્ન કરજે.

મારા પત્રો તારા આંતરવિકાસમાં સહાય કરે એમ ઇચ્છું છું. પરંતુ પત્રો માત્ર સમજણ આપી શકે. તે સમજણ તારી પોતાની થયા વિના વિકાસ શક્ય નથી. મારા પત્રોનું વાંચન વિચારના નવા દ્વાર તારામાં ઉઘાડશે તો મારૂં લેખન હું સાર્થક ગણીશ.

હું વિચારો જે સ્વરૂપે રજુ કરૂં તે સ્વરૂપે તું સ્વીકારે એવો મારો આગ્રહ નથી. મારી સમજણ તેના જડ પ્રતિબિંબ રૂપે તારામાં ઉગે એવું હું ક્યારે ય ન ઇચ્છું. મારા પત્રો તારામાં સમ્યગ્ વિચાર શક્તિ જગાડે તો બસ !

વાંચન, વિચાર અને અનુભવનું આ સંમિશ્રણ ક્યાંક અતિ સરળ તો ક્યાંક કિલષ્ટ, ક્યાંક સંકીર્ણ તો ક્યાંક સ્થૂલ વિગતોને સ્પર્શતું મુકત જળપ્રવાહ જેવું પત્રાકારે તારા પ્રતિ વહી રહ્યું છે.

તારી જ્ઞાનતૃષા તેથી ભલે ન છીપાય, મલપ્રક્ષાલન માટે પણ તેનો ઉપયોગ તને શીતળતા આપશે તો મને સંતોષ છે.

સ્નેહાધીન

**કિરણ.**

❀

क्रियाविरहितं हन्त ज्ञानमात्रमनर्थकम् ।
गतिं विना पथज्ञोऽपि नाप्नोति पुरमीप्सितम् ॥
—श्री यशोविजयजी.

—ક્રિયા રહિત એકલું જ્ઞાન અનર્થક–મોક્ષરૂપ ફળ સાધવાને અસમર્થ છે. માર્ગનો જાણનાર પણ પાદવિહરણ–ગમન કર્યા સિવાય ઇચ્છિત નગરે પહોંચતો નથી.

# ❀ આપણી જવાબદારી ❀

પુરાતત્ત્વનું સંશોધન જેમ જેમ વધતું જાય છે, તેમ તેમ સ્પષ્ટ સમજાય છે કે પ્રાચીન-કાળમાં સર્વ જ્ઞાન-વિજ્ઞાનનું ઉદ્‌ભવ સ્થાન આપણો ભારત-દેશ હતો. એક કાળે જ્ઞાનના સર્વ ક્ષેત્રોમાં ભારતે કેટલી પ્રગતિ સાધી હતી, તે આજે કહેવું મુશ્કેલ છે, કદાચ આજના માનવીને તે કલ્પવું પણ મુશ્કેલ છે. વિકાસના આ મહામાર્ગ ઉપરથી કયારે કેમ અને શાથી ભારતનું પતન થયું તેની ચર્ચા અહિં અસ્થાને છે.

આજના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિકો કહે છે કે,– વિજ્ઞાનના બીજ-મન્ત્રો પ્રાચીન ભારતીય ગ્રન્થોમાં ભર્યા છે. માત્ર-વિજ્ઞાન નહિ જ્ઞાનની કોઈ પણ શાખામાં પ્રાચીન ભારતીય સંસ્કૃતિમાંથી આજના માનવીને વિકાસની નવી પ્રેરણા અવશ્ય મળી રહેશે, વર્તમાનકાલીન વિશ્વનો ઇતિહાસ, કવિઓમાં હોમરનું, શૂરવીરોમાં જુલીયસ સીઝરનું, તત્ત્વજ્ઞોમાં એરિસ્ટોટલનું, વૈદ્યોમાં હિપોક્રિટસનું, ગણિતજ્ઞોમાં યુકિલડનું, કલામાં પેરિકલીસનું અને વિચારકોમાં પ્લેટોનું નામ નોંધે છે, ભારત પૂછે છે કે,–શ્રી પાર્શ્વનાથપ્રભુ અને શ્રી મહાવીર પ્રભુ જેવા તીર્થ પ્રવર્તકો, શ્રી બુદ્ધ જેવી વિભૂતિઓ, શ્રી ભરત જેવા રાજાઓ, શ્રી સિદ્ધસેન દિવાકરજી અને કાલિદાસ જેવા કવિઓ, વરાહમિહિર, ધન્વન્તરિ અને નાગાર્જુન જેવા વૈજ્ઞાનિકો પૃથ્વીના અન્ય કોઇ દેશે કયારે ઉત્પન્ન કર્યા છે? જ્યારે સાચો ઈતિહાસ રચાશે ત્યારે પૂર્વના મહાપુરુષો પણ તેમાં યથાયોગ્ય સ્થાન પામશે.

વિચારોની સ્વતંત્રતા છે ભારતીય સંસ્કૃતિની વિશેષતા. જ્યાં સંકીર્ણતા છે–સંકુચિતતા છે ત્યાં વિનાશ છે. વ્યક્તિએ કે સમૂહે જો વિકાસ સાધવો હોય તો સહૃદયતા, સહિષ્ણુતા અને સમભાવ કેળવવા પડશે. જૈન-ધર્મના સ્યાદ્‌-વાદનો સમભાવ સ્વીકારીને ભિન્ન ભિન્ન વિચાર-ધારાઓ આ મહાન્ દેશમાં પાંગરી છે.

જૈન-ધર્મ ભારતીય સંસ્કૃતિનું સૌથી મહત્ત્વનું અંગ છે. ભારતીય સાહિત્યની એવી કોઇ શાખા નથી જેમાં જૈનોનું અત્યન્ત વિશિષ્ટ સ્થાન ન હોય.

આજે જૈન સિદ્ધાન્તોનો–જૈન સંસ્કૃતિનો સૂક્ષ્મ અભ્યાસ થોડા વિશેષજ્ઞો પૂરતો મર્યાદિત છે. ન્યાય, વૈશેષિક અને બૌધ્ધ-દર્શનોના વિકાસમાં જૈન વિચાર-ધારાનો ફાળો શું છે? રામાયણ અને મહાભારતની કથાઓ માટે જૈનોએ કેટલું લખ્યું છે? જૈન ચિત્ર-કલા, શિલ્પ અને સ્થાપત્યનું ભારતીય કલામાં શું સ્થાન છે? હિન્દુ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરનારા વિદ્યાર્થીઓ પણ જૈન સંસ્કૃતિના હાર્દથી સુપરિચિત નથી.

જૈન સાહિત્યમાંથી પ્રાપ્ત થતી સામગ્રી વિશ્વના ઇતિહાસમાં ભારતીય સંસ્કૃતિનું ગૌરવ વધારશે.

આ અમૂલ્ય સાંસ્કૃતિક સંપત્તિ અને સુંદર આધ્યાત્મિક સામગ્રીનું સર્વસ્વના ભોગે રક્ષણ કરવાની, તેવા પ્રકાશનની, પ્રચારની જવાબદારી જૈનોની છે. જો આપણે તે માટે જાગૃત નહિ થઇએ, ઘડીનાય વિલંબ વિના આ મહાન્ કાર્યને સાથ નહિ આપીએ–વેગ નહિ આપીએ તો જ્ઞાનના પવિત્ર પ્રકાશની ઉપેક્ષાનો મહા-દોષ લાગશે.

❀

અતિશયોક્તિ અથવા અલ્પોક્તિ એ સત્યના વિકૃત સ્વરૂપ છે. એને સત્ય કોઇ ન માને.

# હિંસા–અર્વાચીન સંસ્કૃતિનું કેન્સર

આજનો યુગ વિજ્ઞાનનો છે. વિજ્ઞાનની પ્રગતિમાં આપણે ગર્વ લઇએ છીએ. શું વિજ્ઞાનના સંશોધનને નામે થતી હિંસાનો આપણે વિચાર કર્યો છે? વિજ્ઞાનના પ્રયોગો માટે લાખો નિર્દોષ મૂંગા પ્રાણીઓ પર જે ક્રૂરતા થઇ રહી છે, તેનો ખ્યાલ કદાચ સામાન્ય માનવીને નથી.

ધર્મને નામે યજ્ઞમાં જે હિંસા થતી, તેનાથી અનેકગણી હિંસા આજે વિજ્ઞાનને નામે થઈ રહી છે. જેમ હિંસાથી મોક્ષ ન હોય તેમ કયારેય હિંસાથી જ્ઞાન ન હોય.

एवं खु नाणिणो सारं जं न हिंसइ किंचण ।
अहिंसा-समयं चेव एयावन्तं वियाणिया ॥

(सूत्र० શ્રુ. ૧ અ. ૧૧ ગા. ૧૦)

–જ્ઞાન થવું તેનો સાર એજ કે પોતે કોઇ પણ જીવની હિંસા ન કરે. માત્ર આટલા અહિંસાના સિદ્ધાન્તનું જ્ઞાન પૂરતું છે અને આ અહિંસાનું વિજ્ઞાન છે.

વિજ્ઞાનનો વિકાસ આવી હિંસાથી રૂંધાઇ જશે. પ્રાપ્ત થતા નવા સાધનોથી માનવ–જાત માત્ર પોતાનો વિનાશ કરશે. છેલ્લા બે વિશ્વ–યુધ્ધમાં થયેલો માનવ–સંહાર શું આપણી અર્વાચીન સંસ્કૃતિનું લાંછન નથી?

હિંસા–અર્વાચીન સંસ્કૃતિનું કેન્સર છે, જેમ કેન્સર શરીરનો ક્ષય કરે છે, તેમ જો ઉપેક્ષા કરવામાં આવશે તો હિંસાનું કેન્સર આપણી આજની સંસ્કૃતિનો વિનાશ કરશે. કદાચ વૈજ્ઞાનિકોને આ સત્ય આજે નહિ સમજાય, પરંતુ સૂક્ષ્મ વિચારણા કરનાર પ્રત્યેક વિચારકને સ્પષ્ટપણે સમજાશે કે–અન્ય જીવો પ્રત્યેની ક્રૂરતા માનવસંસ્કૃતિના સર્વતો–ભદ્ર વિકાસ Balanced growth of human culture માં કેટલી બાધાકારક છે?

ધર્મના નામે થયેલી હિંસા ઇતિહાસે નોંધી છે. આવતી કાલનો ઈતિહાસ જ્ઞાન–વિજ્ઞાનને નામે થતી હિંસાની નોંધ કરશે. પોતાને સંસ્કારી ગણાવતો માનવી જો અર્વાચીન સંસ્કૃતિનો અભ્યુદય ચાહતો હોય, પોતાની માનવતા વહેતી રાખવા–જીવંત રાખવા તલસતો હોય તો હિંસાના કેન્સર પ્રત્યે દુર્લક્ષ્ય કરે નહિ ચાલે.

આજે અહિંસા સંબંધી થોડો ઉહાપોહ થઇ રહ્યો છે, ત્યારે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવની અહિંસા સૂક્ષ્મ વિચારણા માંગી લે છે. આજે અહિંસાનો મર્મ તેના વાસ્તવિક રૂપમાં જાણનારા ઓછા છે.

ભગવાન શ્રી મહાવીરદેવની અહિંસા સ્થૂલ ક્રિયાકાંડરૂપે કે માત્ર બાહ્ય વ્રત–નિયમરૂપે કેવલ નથી કિંતુ જીવનના સદ્‌ભાવમાંથી પ્રગટતી સ્વાભાવિકતા રૂપે છે. ભારતના લગભગ સર્વ ધર્મોએ અહિંસાનો સિદ્ધાન્ત સ્વીકાર્યો છે. પરન્તુ જૈન–દર્શન જેટલી સૂક્ષ્મ–વિચારણા અન્યત્ર કયાંય નથી. અન્ય વિચારકોએ પ્રબોધેલી અહિંસા માનવી સુધી અને કયારેક પશુ–પક્ષી સુધી પહોંચે છે. ત્યારે ભગવાન શ્રી મહાવીરદેવની અહિંસા સમગ્ર જીવ–સૃષ્ટિને પોતાની સીમાઓમાં આવરી લે છે. જીવનના વ્યવહારમાં આ સિધ્ધાન્તને અશકયવત્ કહેનારાઓને ભગવાન શ્રી મહાવીરદેવનું પોતાનું જીવન એક પડકાર રૂપ હતું. જ્યાં અહિંસાના સ્થૂલ અને સૂક્ષ્મ ભેદોની કિલષ્ટતા નથી, પરન્તુ સર્વ ભિન્ન સ્વરૂપે રહેલા જીવત્વનું બહુમાન છે.

જ્યાં જીવત્વ છે, ત્યાં વિકાસ છે. જ્યાં જીવત્વ છે, ત્યાં જ્ઞાન પ્રાગટ્યનો સંભવ છે. જ્યાં જીવત્વ છે ત્યાં અકલ્પનીય વિશાળ શકયતાઓ ભરી સ્વતંત્ર ભાવ–સૃષ્ટિ છે, તેથી જીવત્વનો

વિનાશ નહિ, જીવત્વને ગુંગળામણુ નહિ, જીવત્વને ઉપદ્રવ નહિ, માત્ર જીવત્વ પ્રત્યેનો સદ્‌ભાવ–સક્રિય સદ્‌ભાવ સાધકને ઈષ્ટ હોય. આવી સુદૃઢ સમજણુમાંથી જન્મેલું જીવત્વનું બહુમાન સાચી અહિંસા પ્રગટાવે, જીવનની મહત્તા જેને સમજાઇ છે, તેજ સાચી અહિંસાનું પાલન કરી શકશે. જીવનની મહત્તા value of life એટલે માત્ર પોતાનાં જીવનની મહત્તા નહિ, જીવ માત્રના જીવનની મહત્તા સમજાવી જોઈએ. આવી મહત્તા સમજાય ત્યારે જ જીવત્વનું સન્માન Reverence of life સહજ બની શકે. આ સદ્‌ભાવમાંથી સાચી અહિંસા જન્મે. અહિંસા–વ્રતનું ચણતર આ સદ્‌ભાવ ઉપર મંડાય છે ત્યારે માત્ર બાહ્ય ક્રિયા–કાંડમાં નહિ, આંતરભાનમાં અહિંસક વૃત્તિ ઉગે છે.

વિચારકને સમજાશે કે–ભગવાન શ્રી મહાવીરદેવની અહિંસા એ માત્ર હિંસાનો અભાવ નથી, Negative નથી, પરન્તુ જીવત્વની સમજણ અને સન્માનનો સદ્‌ભાવ Positive છે. જીવત્વનું માત્ર જ્ઞાન–કોરી સમજણ વ્યક્તિને વિકાસની ચાવી નહિ આપે. જીવત્વનું બહુમાન પ્રાપ્ત થાય તોજ માનવતા પૂર્ણ–પણે વિકસે.

અર્વાચીન વિજ્ઞાનને એક વાત સ્પષ્ટપણે સમજાતી જાય છે કે–All living things are releted to each other. modern science has come to realige thet all living things bacteria, insects. grass, birds, & mammals fit in a pattern that all are intarralated. The whole depends for healthy exis tince on the presince of each of its parts. study of this interralatedness of how one living thing offects another is the science of ecology.

પ્રત્યેક જીવંત વસ્તુઓ એક બીજા સાથે સંકળાયેલી છે. આજના વિજ્ઞાનને હવે સ્પષ્ટ લાગે છે કે–સર્વ જીવંત વસ્તુઓ–બેકટેરીઆ, જંતુઓ, ઘાસ, પશુ–પક્ષીઓ વિશ્વ–રચનામાં એક બીજા સાથે સંકળાયેલા છે. સમગ્રનું અસ્તિત્વ અને સમગ્રનો વિકાસ સર્વના અસ્તિત્વ અને વિકાસમાં રહ્યા છે.

જો કે નવું વિજ્ઞાન હજી વિગતોથી પરે પહોંચ્યું નથી. પરન્તુ વિચારકને સ્પષ્ટપણે સમજાશે કે Sublimation of Totality મોક્ષ–પ્રાપ્તિમાં અહિંસાનું કેટલું મહત્ત્વ છે?

અહિંસા આચાર અને વિચાર બેયમાં પ્રગટવી જોઇએ. જીવત્વનું બહુમાન Reverence for life એ આચારની અહિંસા છે, અને સ્યાદ્‌વાદ Cosmic view point એ વિચારની અહિંસા છે.

અહિંસા વ્યક્તિ વિકાસમાં સહાયક છે. વ્યક્તિની અહિંસા સમષ્ટિ વિકાસમાં સહાયક છે.

★

णय किंचि अणुण्णायं पडिसिद्धं वावि जिणवरिंदेहिं ।
एसा तेसि आणा कज्जे सच्चेण होअव्वं ॥

—શ્રી જિનવરેન્દ્રોએ–શ્રી જિન ભગવંતોએ કોઇની એકાંતે અનુજ્ઞા આપી નથી તેમજ કોઈનો એકાંતે નિષેધ કર્યો નથી. તેમની આ આજ્ઞા છે કે–જ્યારે કાર્ય આવી પડે ત્યારે સત્યથી રહેવું—માયા–રહિતપણે વર્તવું.

**શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ.**

# માનવીનું ગૌરવ

"ચંડિદાસ કહે, સુનરે માનુષભાઇ;
સબાર ઉપરે માનુષ–સત્ય,
તાહાર ઉપરે નાઇ"

કવિ ચંડિદાસ કહે છે, 'હે માનવ બન્ધુ! સાંભળ. સર્વની ઉપર મનુષ્ય સત્ય છે, એની ઉપર કશું નથી.'

કવિ અહિં માનવજીવનની જે શ્રેષ્ઠતા ગાય છે, તે માત્ર કલ્પના નથી એક વૈજ્ઞાનિક સત્ય છે.

સર્વ જીવ–સૃષ્ટિમાં માનવી ઉચ્ચ છે. પરંતુ "માનવી" એટલે માત્ર મનુષ્ય–દેહ નહિ, જેનામાં માનવતા છે તે માનવી. જીવનનું મહત્ત્વ માનવતા પ્રાપ્ત કરવામાં–વિકસાવવામાં છે. જ્યાં માનવતા છે ત્યાં ધર્મ છે–અધ્યાત્મ પ્રત્યે ગતિ છે.

નિરર્થક રીતે જો જીવન વહ્યું જાય તો માનવી અને પશુમાં શો ફેર?

સ્થૂલ સાધનોની પ્રાપ્તિથી આજે આપણે બાહ્ય જીવનને વધુ સગવડભર્યું બનાવ્યું છે. આહાર, આરામ અને ભોગના સાધનોનો વિસ્તાર એટલે માનવતા નહિ. અન્યની સહાનુભૂતિ માટેની માત્ર વાતો એટલે માનવતા નહિ, માનવતા એટલે સમય સમયની જાગૃતિ. Awareness માટેનો પ્રયત્ન, માનવતા એટલે સ્યાદ્વાદ પરિણતિ.

જો લોભ, ભય, સ્વાર્થ અને કપટ ઓછા નહિ થાય તો માનવતા ક્યાંથી પ્રગટશે? સુધરેલી પશુ–ટેવોમાં વિકાસ નથી; વિકાસ છે પોતે પોતાને ઓળંગી જવામાં Dimensional change of consciousness.

પશુથી વિશિષ્ટ એવું માનવીમાં કંઇક છે. જ્ઞાન અને આનંદ પ્રાપ્તિની એક અદમ્ય જિજ્ઞાસા માનવીમાં સુષુપ્તપણે રહેલી છે. પશુ–ભાવોને વશ થઈ આપણે આ ભાવ–તૃષા વિસારી છે.

બહાર પ્રગટવા મથતી ચેતનાનો આંતર અવાજ જે સાંભળે છે તે શરીર–તૃપ્તિ જેમ માનસ–તૃપ્તિ માટે પણ અવશ્ય પ્રયત્ન કરશે. સાહિત્ય, સંગીત, ચિત્ર, શિલ્પ–કલાના જુદા જુદા સ્વરૂપો દ્વારા વ્યકત થવા મથી રહેલું આ માનવ મન પશુત્વથી ભિન્ન સ્વભાવ દર્શાવે છે.

ચેતનાનો આંતર–અવાજ પોકારીને કહે છે કે 'માનવી Advanced animal નથી.'

અવ્યક્તમાંથી વ્યક્ત થવા મથી રહેલા આંતર અવાજને જે સાંભળે છે, અનુસરે છે— અંતરના ગંભીર તલને પ્રાપ્ત કર્યા સિવાય જેનું શ્રવણ શકય નથી, પ્રકૃતિના મહાપ્રવાહનો સામનો કર્યા સિવાય જેનું અનુસરણ શકય નથી–તેને પશુભાવથી મુક્તિ મળી છે. તેણે "માનવ" નામને સાર્થક કર્યું છે.

વ્યવહાર–જીવનની મુશ્કેલીઓ તેના માર્ગને નહિ રૂંધી શકે. ભૂખ, તરસ અને પ્રતિકૂળતા, પરિષહો અને ઉપસર્ગો તેના પ્રયાણને નહિ અટકાવી શકે.

કર્મની વિટંબનાઓનો સામનો કરતા તે કહે છે:—

"હું માનવી છું, પશુ નથી. ભલે આજે હું બાહ્યને ન દોરવી શકું પરન્તુ જે કંઇ બાહ્ય છે તે મને–માનવપ્રાણને નહિ દોરવી શકે. જે અસીમ, અનન્ત, અથાગ મારામાં ભર્યું પડયું છે, તેને હું ભલે આજે ન જાણું. પરન્તુ હું જાણું છું કે–મારી સીમા નથી.

મારો અંત નથી. હું સ્થૂલ નથી, બાહ્ય નથી, હું સૂક્ષ્મ છું, હું આંતર છું. સ્થૂલની પ્રાપ્તિ મારૂં ધ્યેય નથી. સૂક્ષ્મનો વિકાસ મારૂં ધ્યેય છે. હું માનવી છું, અજ્ઞાનના મહા અંધકારરમાં માનવતાના એક પ્રકાશ કણને લઇ આજે હું ઉભો છું. પ્રકાશ-જ્ઞાનનો અધિક પ્રકાશ મારૂં ધ્યેય છે. પશુની જેમ પ્રકૃતિને વશવર્ત્તી મારૂં જીવન હોય નહિ. પ્રકાશની શોધ મારું જીવન છે. પ્રકાશ મારુ જીવન છે. કારણ કે હું પશુ નથી-હું માનવી છું.

"गुह्य ब्रह्म तदिदं वो ब्रवीमि
न मानुषात् श्रेष्ठतरं हि किञ्चित् ॥"
—महाभारत.

—'આ ગુહ્ય સત્ય તમને હું કહું છું, મનુષ્ય કરતા શ્રેષ્ઠ વસ્તુ બીજી કોઇ નથી.'

ચંડિદાસ કહે છે, 'સર્વની ઉપર મનુષ્ય સત્ય છે તેની ઉપર કશું નથી.' મહાભારતકાર કહે છે કે, 'મનુષ્ય કરતાં શ્રેષ્ઠ વસ્તુ બીજી કોઇ નથી.'

સંસાર અને મોક્ષ વચ્ચેનો પુલ મનુષ્ય છે. માનવીનો ધર્મ તેના અંતરમાં છે. માનવીની સાધનામાં મહાન સત્ય માનવી પોતે જ છે—દેવતાઓ નહિ. તેથી દેવો પણ ચારિત્રસંપન્ન એવા મહા-માનવોના ચરણે નમે છે. દેવોને પણ દુર્લભ સિદ્ધિગતિની પ્રાપ્તિ માત્ર મનુષ્ય પામી શકે.

ચરમ વિકાસ મનુષ્ય માટે શક્ય છે, અન્ય માટે નહિ. તેથી જ પરમકલ્યાણકારી ભગવાન શ્રી મહાવીરદેવે પણ ફરમાવ્યું છે, કે— **"માનવભવ દુર્લભ છે."**

★

# नत्वेव आर्यस्य दासभावः ।

ક્યારેય આર્યને દાસભાવ ન હોય.

ભારતની પ્રજા પોતાને આર્ય કહેવડાવતી. આજે આપણે પોતાને આર્ય કહેવામાં ગૌરવ માનીએ છીએ. સૂત્રકાર આર્યની વ્યાખ્યા કરતા કહે છે કે,-'જેનામાં દાસતા ન હોય તે આર્ય.'

દાસ-ભાવ એટલે ગુલામી મનોદશા. Slavish mentality માં રહેલી વ્યક્તિને આર્ય ન કહી શકાય.

આર્યત્વનો સંબંધ માત્ર જન્મ સાથે નથી. સ્વાતંત્ર્ય ભાવ સાથે છે. જ્યાં ગુલામી મનોદશા છે ત્યાં સ્વાર્થ છે, પોતાનાં સ્વત્વનું અજ્ઞાન છે, ત્યાં આર્યત્વ નથી. જે આર્ય છે તે સ્વતંત્ર છે. સર્વ રીતે ભાવ-સ્વતંત્રતા જેનો સ્વભાવ-સિદ્ધ હક્ક છે તે આર્ય. જે પુદ્ગલના મોહમાં બંધાયેલો છે, તે આર્ય નથી.

જે પોતે સ્વતંત્ર છે અને અન્યની સ્વતંત્રતા સ્વીકારે છે, સન્માને છે, તે આર્ય. આર્યત્વ એકાંતે કુલ કે ગોત્રને અનુસરીને નહિ, પરન્તુ જીવનનાં વ્હેણને-મુક્ત વિચાર-વ્હેણને અનુલક્ષીને છે.

તેથીજ પ્રાચીન ભારતીય શાસ્ત્રકારોએ ધર્મનો અધિકાર માત્ર આર્યોને આપેલો છે. જ્યાં આર્યો છે ત્યાં અસિ, મસિ અને કૃષિ છે.—કર્મભૂમિની ઉજ્જવલતા છે. તીર્થની સ્થાપના છે, ધર્મની સુગન્ધ છે, અહિંસા, સંયમ અને તપનું તેજ છે. જ્યાં આર્યો છે ત્યાં માનવી માનવી વચ્ચેનો ઉચ્ચ વ્યવહાર છે. એક બીજા માટેનો સદ્ભાવ છે, સહકાર છે, વાત્સલ્યભાવ છે.

સહયોગનો-એક બીજાને સર્વ રીતે સહાયક થવાનો મહાન્ પ્રયોગ ભારતમાં એક કાળે આર્યોએ આરંભ્યો હતો. આજે પ્રાપ્ત થતા કલા, સાહિત્ય, વિજ્ઞાન અને તત્ત્વજ્ઞાનના વેર-વિખેર અંશો એવા પ્રયત્નની સાર્થકતા દર્શાવે છે.

સહયોગ તો જ શકય બને જો માનવી પોતે પોતાના માનવ સહજ અધિકારો જાણે, તેમાં ગૌરવ લે, અન્યને એ સમજાવે, નષ્ટપ્રાય માનવતા ફરીથી સજીવ થાય.

જ્યાં દાસ-ભાવ છે ત્યાં ભય છે, તિરસ્કાર છે, ઘૃણા છે, સંકોચ છે. જ્યાં દાસભાવ છે ત્યાં સ્વમાન કયારેય ન સંભવે. સ્વમાન એ માનવીય ગુણ છે, જે પ્રાપ્ત કર્યા વિના કયારેય વિકાસની ચાવી પ્રાપ્ત નહિ થાય. જ્યાં દાસ-ભાવ નથી-એકાંતિક બુદ્ધિનો દાસભાવ નથી ત્યાં પરમોજ્જ્વલ અનેકાન્તનો આલોક છે. જે સર્વતોભદ્ર વિકાસનો પથ-પ્રદર્શક છે.

સુષુપ્તપણે રહેલા દાસ-ભાવના અંશો આપણામાં શોધવા પ્રયત્ન કરીએ, હોય તેથી બચવા પ્રયત્ન કરીએ તો જ આપણે સાચા આર્ય બનીશું.

આર્યત્વ વગર મુક્તિ કેવી ?

# ❋ વાંચનની ટેવ ❋

આજે વાંચન માટેનું સાહિત્ય વિપુલ છે. વાંચનારને સમજાતું નથી કે શું વાંચવું ? શું ન વાંચવું ? વાંચનાર વાંચન માટે ભૂખ્યો છે. એક ભૂખ્યા માનવી પાસે વિવિધ પ્રકારની અનેક વાનગીઓ પીરસવામાં આવે તો તેને શું કરવું ?

આજે વાંચનાર પાસે સમય અને શક્તિ પરિમિત છે, વાંચન સામગ્રી ઘણી છે. સારા-સારના વિવેક વિના જે હાથ આવ્યું તે આરો-ગનારને અપચો થશે.

કેટલાકને જે કંઈ હાથમાં આવ્યું તે વાંચ-વાની ટેવ પડી હોય છે. કેટલાકને ખૂબ સરળ-તાથી સમજાય તેવુ જ વાંચવાની ટેવ પડી હોય છે. જે મળે તે ખાવાની ટેવ જેવી, જે મળે તે વાંચવાની ટેવ પણ કયારેક હાનિકારક છે.

પ્રયત્નપૂર્વક સમજણથી જે વાંચ્યું હશે તે જ ઉપયોગી નીવડશે.

વ્યક્તિને પોતાની સમજણ અનુસારનું, રૂચિ પ્રમાણેનું, સુયોગ્ય વાંચન પ્રાપ્ત થાય તો તેવું વાંચન તેના વિકાસમાં સહાયક થશે. જે વાંચન આપણી રૂચિને વધુ શુદ્ધ બનાવે, આપણી સમજણને વધુ સૂક્ષ્મ બનાવે તે આપ-ણને ઉપયોગી થશે.

જ્ઞાન-વિજ્ઞાનની નવી સમજણ પ્રાપ્ત થાય એવું વાંચવાનો પ્રયત્ન કરો. જીવનને વધુ સંસ્કારી બનાવવા સહાય કરે એવું વાંચવાનો પ્રયત્ન કરો.

જો વાંચન સદ્‌વિચાર ભણી ન દોરે તો તે શા કામનું ?

આપણી સમજણ સ્પષ્ટ કરી વધુ શુધ્ધ અને સૂક્ષ્મ ન બનાવે તો વાંચનનો શું ઉપયોગ છે ?

જેને જીવનનું મહત્ત્વ સમજાયું છે, તે જાણે છે કે-વાંચનનો ઉપયોગ સમય ગાળવા માટે તો નથી જ, વિગતો ભેગી કરવા માટે પણ નથી.

વાંચનનો સાચો ઉપયોગ સદ્‌વિચારશક્તિને કેળવવા માટે છે.

# અનેકાંતવાદઃ

**પૂ૦ પંન્યાસજી મહારાજ શ્રીમદ્ ભદ્રંકરવિજયજી ગણિવર.**

**જૈનદર્શનની વિશિષ્ટતા જો કોઇ કારણે હોય તો તેમાં મુખ્યત્વે સ્યાદ્વાદ-અનેકાંતવાદ જ પ્રધાન છે. અનેકાંતવાદ વસ્તુમાત્રનાં યથાર્થ સ્વરૂપને ઓળખાવનાર અદ્વિતીય તત્ત્વ છે. તે અનેકાંતવાદની મૌલિકતા તથા મહત્તાને સમજાવનાર આ લઘુ લેખ, ગંભીર શૈલીયે પૂ૦ મહારાજશ્રીએ લખેલ છે. લેખક પૂ૦ મહારાજ શ્રી, સરલ તથા સ્વચ્છ શૈલીમાં અનેકાંતવાદ, નવકારમંત્ર ઇત્યાદિ વિષયોમાં સુંદર વિચારધારા અવાર-નવાર પ્રસિદ્ધ કરે છે. સં૦**

અનેકાંતવાદ મોક્ષ-સાધનાનું અનન્ય સાધન છે. વસ્તુ અનેક ધર્મવાળી છે, તેથી અનેકાંતવડે શુધ્ધ થયેલી બુધ્ધિ વસ્તુ-સ્વરૂપને યથાર્થ જાણે છે.

સત્યને સત્યરૂપે અને અસત્યને અસત્યરૂપે ઓળખી અસત્યનો પરિહાર તથા સત્યનો સ્વીકાર કરવો એ સ્યાદ્વાદની પરિણતિ છે.

અહિંસા-ધર્મના શ્રેષ્ઠ પાલન વિના મોક્ષ-પ્રાપ્તિ શક્ય નથી. કેવલ શારીરિક જ નહિ, કિન્તુ વાચિક અને માનસિક અહિંસાના શિખરે પહોંચવા માટે સ્યાદ્વાદનો આશ્રય અનિવાર્ય છે. જૈન-દૃષ્ટિની વિશેષતા સ્યાદ્વાદ સિદ્ધાન્તના નિરૂપણમાં રહેલી છે, એવી સમજણ પ્રાપ્ત થવી એ ભાવ સમ્યગ્-દર્શન છે, અને સામાન્યથી ભવ-નિર્વેદ અને ગુણાનુરાગ હોવો એ દ્રવ્ય સમ્યગ્-દર્શન છે.

અહિં દ્રવ્ય એટલે સત્યની રુચિ અને ભાવ એટલે સત્યનો પરીક્ષા પૂર્વક સ્વીકાર, તેથી ભાવ સમ્યગ્-દર્શન સ્વ-પર શાસ્ત્રના વેત્તા ગીતાર્થ પુરુષોને જ માનેલું છે. તેમની નિશ્રાએ વર્તનાર તત્ત્વરુચિમાન્ જીવોને ભાવના કારણ રૂપ દ્રવ્ય સમ્યગ્-દર્શન સ્વીકાર્યું છે.

બીજી રીતે સમ્યગ્-દર્શનના બીજા બે ભેદ છે. તે વ્યવહાર અને નિશ્ચય. વ્યવહાર સમ્યગ્-દર્શન દેવ-પૂજન અને પર્વ-આરાધન આદિ ધર્મક્રિયાઓ કરનારમાં માનેલું છે અને નિશ્ચય સમ્યગ્-દર્શન સાતમે ગુણસ્થાનકે અને તે ઉપર રહેલા અપ્રમત્ત મુનિવરોને સંભવે છે કે જ્યાં જ્ઞાન, દર્શન અને ચારિત્રની એકતા, અર્થાત્ જેવું જ્ઞાન તેવીજ શ્રદ્ધા, અને જેવા જ્ઞાન અને શ્રદ્ધા તેવાજ પ્રકારની પરિણતિ-આત્મસ્થિતિ હોય છે. એ સ્થિતિએ પહોંચવા માટે સ્યાદ્વાદનો આશ્રય અનિવાર્ય છે.

સ્યાદ્વાદ એ એક એવા પ્રકારની ન્યાય-બુદ્ધિ છે કે-જેમાં સત્યના કોઈ પણ અંશનો અસ્વીકાર અને અસત્યના કોઇ પણ અંશનો સ્વીકાર સંભવી શકતો નથી.

---

( અનુસંધાન પેજ ૬૮રનું ચાલુ )

નથી પડતી!' બસ, એ જ, ખરાબ પ્રારબ્ધ!

માટે, આ પરિસ્થતિમાં એક માત્ર પ્રારબ્ધને ધર્મથી જ પુષ્ટ કરવાનું કામ રાખો, **જો પ્રારબ્ધ વાંકુ છે તો તેને સીધું કરવા ધર્મનું શરણુ લ્યો; અને પ્રારબ્ધ જો હોવા છતાં તે ખવાઇ રહ્યું છે, તો પણ ધર્મનું જ શરણુ લ્યો.** સુખી કે દુઃખી સર્વકોઈ ધર્મના શરણે રહેનારા હોય, જીવનમાં જેટલી ભરચક ધર્મની સાધના, તેટલી શુભ પ્રબળતા અને આવી દીર્ઘકાળમાં આબાદી.

માર્ગાનુસારીના 'ન્યાય-સંપન્ન વિભવ' આદિથી માંડીને અંતરંગ અરિષડ્વર્ગના ત્યાગ પર્યન્તના સઘળા નિયમોનું ભાવપૂર્વક પાલન એ સ્યાદ્વાદ સિદ્ધાન્તને પામવાની અને પચાવવાની પૂર્વ લાયકાત છે.

વસ્તુ-માત્ર અનન્ત ધર્માત્મક છે અથવા એક જ સમયે "ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્ય" એ ત્રિધર્માત્મક છે, તથા કાર્ય માત્ર અનેક કારણોના એકત્ર મળવાનું પરિણામ છે. જ્યારે છદ્મસ્થનું જ્ઞાન કોઇ એક ધર્મ કે એક કારણને આગળ કરીને જ થઇ શકે છે, તેવી સ્થિતિમાં તે એક જ ધર્મ કે એક જ કારણ વસ્તુનું સ્વરૂપ કે કાર્યનું હેતુ મનાઇ જાય તો વસ્તુને જ અન્યાય થાય છે, બુધ્ધિનો દ્રોહ થાય છે, સકલ કાર્યના પ્રયોજનભૂત કાર્ય જે આત્મ-મુક્તિ તે અસંભવિત બને છે. માટે જ પ્રત્યેક વાકય 'स्यात्' પદ લાંછિત હોય તો જ પ્રમાણ છે.

પ્રત્યેક વિચાર કોઇ એક અપેક્ષાને આગળ કરીને જ હોય છે, તે પૂર્ણ સત્ય ત્યારે જ બને છે કે જ્યારે અન્ય અપેક્ષાઓ તેમાં ભળે છે અને વસ્તુનાં સમગ્ર રૂપને સ્વીકારવા તત્પર હોય છે. પ્રત્યેક પ્રવૃત્તિ મોક્ષ-ગામી ત્યારે જ બને છે કે-જ્યારે તેની પાછળ પૂર્ણતાની પ્રાપ્તિનો હેતુ હોય છે, પૂર્ણતાના સાધનરૂપ માનીને તેને અપનાવવામાં આવે છે. તે પોતે કદી પૂર્ણરૂપ હોઇ શકતી નથી. પૂર્ણતા તરફ લઇ જનારી અપૂર્ણ પ્રવૃત્તિઓ પણ પૂર્ણતાનો હેતુ હોવાથી ઉપચારથી પૂર્ણ મનાય છે, આ જાતિનો વિચાર સ્યાદ્વાદીને જીવતો અને જાગતો હોય.

વૃત્તિ કે પ્રવૃત્તિને અહિંસક બનાવનાર તથા સત્યનો ઘાત કે વિરોધ નહિ કરનાર એકનું એક— एकमेवाद्वितीयम् સાધન કોઇ પણ હોય તો બુદ્ધિમાં કે પ્રવૃત્તિમાં સ્યાદ્વાદને પરિણમાવવો તે જ છે. કોઇ કહે છે કે-જીવ અનાદિથી જ્ઞાનના અભાવે ભટકે છે, કોઈ કહે છે કે ક્રિયાના અભાવે, અને કોઇ કહે છે કે શ્રધ્ધાના અભાવે, પરંતુ ભટકવાનું સાચું કારણ કોઈ પણ હોય તો એક જ છે કે-જીવની સ્યાદ્વાદ પરિણતિનો અભાવ.

જીવને આગળ વધવામાં જરૂરીમાં જરૂરી કોઇ પણ વસ્તુ હોય તો નિરાગ્રહિતા છે, સત્યમાં જ મમત્વ અને અસત્યનું અમમત્વ-એ નિરાગ્રહિતાનું ચિહ્ન છે, અને એના અભાવે જ જીવ જ્યાં ત્યાં ખત્તા ખાય છે. મોક્ષ-માર્ગમાં તો તેજ એક મોટું વિઘ્ન અને અંતરાય છે. એને દૂર કર્યા વિના એક ડગલું પણ આગળ ભરી શકાતું નથી. એવી સમજણ લઘુ-કર્મી આત્માઓને આવે છે, ત્યારે સ્યાદ્વાદ-રુચિ જાગે છે અને સ્યાદ્વાદી પુરુષોનાં વચનો તેને અમૃત સમાન મીઠાં લાગે છે.

વ્યવહારમાં આ સ્યાદ્વાદ સિધ્ધાન્તનું પાલન ઘણીવાર ભૂલ વિનાનું થાય છે, જ્યારે મોક્ષ-માર્ગમાં તો તેનો વારંવાર ભંગ થાય છે. તે ભંગમાંથી જ અનેક દર્શન, વાદ, મત અને તેની પરંપરાઓ જન્મે છે, જે મોટા ભાગે એકાંતવાદના પાયા ઉપર જ રચાયેલા હોય છે. એ એકાંતને જ જૈન શાસ્ત્રકારો નિશ્ચયથી મિથ્યાત્વ કહે છે અને અનેકાંતને જ સમ્યક્ત્વ તરીકે સંબોધે છે.

એકાંતવાદીને જીવાદિક તત્ત્વના સ્વરૂપ અને તેના નિરૂપણમાં એકાંત નિત્ય કે એકાંત અનિ-ત્યત્વાદિ દૂષણો આવે છે, એટલું જ નહિ પરન્તુ મુક્તિના ઉપાયમાં ખેંચતાણ આવીને ઉભી રહે

છે. એ એક પક્ષની દુરાગ્રહિતા જ જીવના મોક્ષમાં અંતરાયરૂપ નિવડે છે. તેને ટાળવા માટે સ્યાદ્વાદ પરિણતિની જરૂર પડે છે અને એ પરિણતિનું ઘડતર જીવનના પ્રત્યેક વ્યવહારમાં શુધ્ધિની અપેક્ષા રાખે છે. સર્વત્ર ઉચિત પ્રવૃત્તિનું બીજું નામ All life is yoga એમ કહી શકાય. એ ઉચિત પ્રવૃત્તિ તો જ થઇ શકે કે સ્યાદ્વાદ પરિણતિ ઘડાયેલી હોય અથવા સ્યાદ્વાદ પરિણતિને ઘડવાં માટે ઉચિત પ્રવૃત્તિ સાધનરૂપ પણ બની શકે; એમ પરસ્પર કાર્ય-કારણરૂપ બનીને જીવની એક એવી અવસ્થા સર્જાય છે કે જે વડે પછી તે પ્રત્યેક વ્યવહારમાં સત્યનું સાંગોપાંગ પાલન કરી શકે છે. સત્યના એ સાંગોપાંગ પાલનને જ આપણે અહિંસા શબ્દથી સંબોધી શકીએ. અહિંસાની પાછળ આટલો વિશાલ ભાવ રહેલો છે, એ સમજાવવા માટે જ તેને દ્રવ્ય-ભાવરૂપે, હેતુ-સ્વરૂપ, અનુબંધરૂપે, ઉત્સર્ગ-અપવાદરૂપે, એમ બીજી પણ અનેક રીતે વર્ણવવામાં આવેલી હોય છે. એ સમજવું ઘણું જ રસ-મય છે, મુમુક્ષુઓને અત્યન્ત ઉપયોગી છે અને એની ઉપયોગિતા લક્ષ્યમાં આવ્યા પછી જ શ્રી જિનાગમોની ગંભીરતા ખ્યાલમાં આવે છે.

★

**ક્રો**ધ, માન માયા, લોભ એ ચાર કષાયોને જીતનાર સર્વજ્ઞ પરમાત્માને વંદન હો. !

**ટિ**નોપાલથી સ્વચ્છ કરી કપડા પહેરવાવાળાઓએ પોતાના અંદર રહેલા વિષય કષાયોને તપ સંયમ રૂપી ટિનોપાલથી સ્વચ્છ કરવા આવશ્યક છે.

**વં**દન હો એ પંચ મહાવ્રતધારી મુનિરાજોને.

**દ**યા, સંયમ, તપ, શીલ એ મનુષ્યનાં પ્રથમ આભૂષણ છે.

**ન**વકાર મહામંત્ર એ વિઘ્નનાશક છે અને શાશ્વત સુખ આપનાર છે.

**હો**ળી જેવા મિથ્યાત્વી તહેવારો ઉજવી જિન આજ્ઞાનો ભંગ કરવો નહિ.

**પ્રે**મ કરવો ઉત્તમ છે પણ તે અહિંસા, સંયમ તથા શીલ અને તપ, ત્યાગ સાથે.

**ર**ખો પ્રભુ કા ખ્યાલ મનમેં રખો પ્રભુ કા ખ્યાલ.

**ણુ**ાયજનો ઉંધો અર્થ જયણા પાળવી જોઈએ અને તે ઉપયોગપૂર્વક.

**મૂ**ર્તિ પૂજામાં નથી માનતો, કહેવાવાળા પણ આડકતરી રીતે મૂર્તિપૂજાને માને છે.

**ર**વિવારને મોજશોખમાં ઉજવવા કરતાં ગરીબોના દુઃખ જાણવા તથા આપણા આત્માનું કલ્યાણ થાય તેવી રીતે ઉજવીએ તો ?

**તિ**લાંજલી તો ભોગ-વિલાસને આપવી કે જેઓ ક્ષણિક સુખ આપનાર છે તેમને આપવી જોઈએ.

**પ્ર**માદને વશ થઇ ધર્મક્રિયા નથી કરતા એથી આપણને મળેલો ઉત્તમ મનુષ્ય ભવ બગાડી રહ્યા છીએ.

**ભુ**વનોપકારી શ્રી જિનેશ્વરભગવંત નિષ્કારણ કરૂણાનિધાન છે.

**ને**ત્રની સફળતા નાટક-ચેટક જોવામાં નહિ, પણ દેવ-ગુરુનાં દર્શન-વંદનમાં છે.

—'જિજ્ઞાસુ.'

# દ્રવ્યાનુયોગની મહત્તા.

(ઢાળ–૧૦ મી. ગાથા.–૧૦ થી ૨૧ સુધી. દશમી ઢાળ સમ્પૂર્ણ)

**પૂ. પંન્યાસજી ધુરંધરવિજયજી મહારાજ.**

**(૫) કાળને દ્રવ્ય માનવામાં ન આવે તો છ દ્રવ્યની વ્યવસ્થા કઇ રીતે કરાય ?—**

કાળ એ દ્રવ્ય નથી પણ પર્યાય છે આ વાત નિશ્ચિત છે, છતાં શાસ્ત્રોમાં તે તે સ્થળે કાળને દ્રવ્ય સ્વરૂપે જણાવેલ છે. શ્રી ઉત્તરાધ્યયન સૂત્રમાં છ દ્રવ્યોના નામો અને તેની સંખ્યા જણાવતાં કહ્યું છે કે-

**धम्मो अधम्मो आगासं, दव्वमिक्किक्कमाहियं ।**
**अणंताणि य दव्वाणि, कालो पुग्गलजंतवो ।।२८-८।।**

ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાય એ ત્રણ દ્રવ્યો એક એક કહ્યા છે. અને કાળ, પુદ્ગલ અને જીવો એ ત્રણ દ્રવ્યો અનન્તા કહ્યા છે.

આ પ્રમાણને આધારે અન્યાન્ય સ્થળે પણ એ પ્રમાણે કહ્યું છે.

**धर्माधर्माकाशाश्चैकैकमतः परं त्रिकमनन्तम् ।।**

ઇત્યાદિ આ સર્વને આધારે કાળ પણ એક દ્રવ્ય છે, એમ માનવાને મન થાય. અને કાળદ્રવ્ય નથી એ નિશ્ચિત છે, એટલે એ બન્ને વિચારણાઓનો સમન્વય કરવો જોઈએ.

વર્તના લક્ષણ પર્યાયને વિષે અનાદિકાલીન દ્રવ્યોપચારથી કાલદ્રવ્ય મનાય છે. અર્થાત્ કાલ એ વાસ્તવિક રીતે વર્તના લક્ષણ પર્યાય છે, અને ઉપચારથી દ્રવ્ય છે અને એ પ્રમાણે છે માટે કાલને અનંત દ્રવ્ય કહ્યો છે. જીવાજીવ દ્રવ્ય અનંત છે એટલે તેની વર્તના પણ અનંત છે. અને તે સ્વરૂપ કાળ પણ અનંત છે.

સૂત્રમાં કાળને જીવ રૂપ, અને અજીવરૂપ જણાવેલ છે એ અભેદોપચાર કરવાથી કાળદ્રવ્ય માનવામાં આવે છે તેથી.

જીવાભિગમસૂત્રમાં કહ્યું છે- કે.

**'किमयं भंते ! कालो ति पवुच्चइ ?**
**गोयमा ! जीवा चेव अजीवा चेव' त्ति.**

ભગવન્ત ? કાલ એમ કહેવાય છે તે શું છે ? ગૌતમ, જીવ અને અજીવ-કાળ છે.

આ પ્રમાણે કેટલાક આચાર્યો કાળદ્રવ્યને સિદ્ધાન્ત-પાઠને અનુસાર નિર્મળમતિથી પ્રરૂપે છે.

જ્યારે બીજા કેટલાક આચાર્યો કહે છે કે—

મનુષ્યલોકમાં જ્યોતિષ્ચક્ર ચર છે, અને તેને અનુસરીને પરત્વ-અપરત્વ, નવું-જુનું વગેરે ભાવો સમજાય છે. તે તે ભાવોનું અપેક્ષા કારણ કાળદ્રવ્ય છે અને તે મનુષ્યલોકમાં છે. અર્થાત્ સૂર્યક્રિયોપનાયક-દ્રવ્યચાર-ક્ષેત્ર-પ્રમાણ આ વ્યવસ્થા વ્યવસ્થિત છે. તે બહારના ક્ષેત્રમાં આવી કોઇ વ્યવસ્થા વ્યવસ્થિત નથી એટલે ત્યાં કાળની વ્યવસ્થા થઈ શકે નહિં. અહિંને આધારે ચૌદે રાજલોકના સર્વ ભાવોની સ્થિતિ સમજી-સમજાવી શકાય. આ પ્રમાણે કાળદ્રવ્યને સ્વતંત્ર માનવામાં આવે તોજ શ્રી ભગવતીજી સૂત્રમાં—

**'कइणं भंते ! दव्वा पण्णत्ता ? गोयमा ! छद्दव्वा पण्णत्ता, धम्मत्थिकाए, जाव अद्धा समए'**

એ પ્રમાણે જે પાઠ છે તેનું નિરુપચરિત વ્યાખ્યાન કરી શકાય, નહિં તો છ દ્રવ્યોમાં પાંચ દ્રવ્યોને નિરુપચરિત ગણાવવા અને છટ્ઠા દ્રવ્યને ઉપચરિત ગણાવવું એ ઉચિત ન ગણાય. બીજું વર્તનાપર્યાયનું સાધારણાપેક્ષ દ્રવ્ય ન કહીએ તો ગતિ, સ્થિતિ અને અવગાહનાના સાધારણાપેક્ષા કારણરૂપ સિદ્ધ થયેલા ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં પણ અવિશ્વાસ આવે. એટલે વર્તનાના સાધારણાપેક્ષા કારણરૂપ જે દ્રવ્ય તે કાળદ્રવ્ય છે.

શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે ધર્મસંગ્રહણી ગ્રન્થમાં ઉપર પ્રમાણે બન્ને મતો કહ્યા છે. તે ગાથા આ પ્રમાણે છે.

**जं वत्तणाइरूवो, कालो दव्वस्स चेव पज्जाओ ।।**
**सो चेव ततो धम्मो, कालस्स व जस्स जो लोए ।३२।**

જે વર્તનાદિરૂપ કાલ છે તે દ્રવ્યનો પર્યાય છે અને તે વર્તના એ લોકમાં કાલ છે તેનો ધર્મ છે.

શ્રી તત્ત્વાર્થાધિગમ સૂત્રમાં પણ **'कालश्चेत्येके'** પૂ-૩૮ એ પ્રમાણે કહીને કાલને કેટલાક આચાર્યો

દ્રવ્ય સ્વરૂપે સ્વીકારે છે એ મતને માન્ય રાખ્યો છે.

ઉપરોક્ત સૂત્રના વ્યાખ્યાનમાં સમજાવ્યું છે કે-

કેટલાક આચાર્યોને માન્ય આ કાલદ્રવ્ય અનપેક્ષિત-દ્રવ્યાર્થિકનયને મતે માનવું, અર્થાત્ સ્થૂલલોકવ્યવહારસિદ્ધ એ કાલદ્રવ્ય છે, તેમાં કોઇ અપેક્ષાકારણુની કારણુતા નથી. જો એમ ન માનીએ અને વર્તનાપર્યાયના અપેક્ષાકારણરૂપે કાલદ્રવ્યને સાધીએ તો પૂર્વ-પશ્ચિમ આદિ વ્યવહાર વિલક્ષણ પરત્વાપરત્વાદિ નિયામકપણે દિગ્દ્રવ્ય પણ સિદ્ધ થાય.

આકાશદ્રવ્યથી દિશાનું કાર્ય સાધી શકાય છે એટલે દિશાને જુદું દ્રવ્ય માનવાની આવશ્યકતા નથી તો કાળનું કાર્ય પણ એ રીતે સાધી શકાય તેને પણ જુદું સ્વતન્ત્ર દ્રવ્ય માનવાની આવશ્યક્તા નથી. શ્રી સિદ્ધસેન દિવાકર કૃત-નિશ્ચયાર્થ દ્વાત્રિંશિકામાં દિશા અંગે ઉપર પ્રમાણે વિચાર સમજાવ્યો છે.

" आकाशमवगाहाय, तदन्यया दिगन्यथा ।
तावप्येवमनुच्छेदा-त्ताभ्यां वान्यदुदाहृतम् "
॥ १९-२५-॥

એટલે 'कालश्चेत्येके' ૫-૩૮ સૂત્રની વિચારણા અનપેક્ષિત દ્રવ્યાર્થિક નયથી વિચારવી એ સૂક્ષ્મદૃષ્ટિ છે.

આ પ્રમાણે નયભેદે કાળને વર્તનારૂપ પર્યાય માનવામાં કોઈ વિરોધ નથી અને નયભેદે કાળને દ્રવ્ય માનવામાં પણ કોઇ વિરોધ નથી. આગમના બન્ને પ્રકારના ઉલ્લેખોનો એ રીતે માનવાથી સમન્વય પણ થાય છે.

### (૬) કાળને અંગે દિગમ્બરોનું મંતવ્ય.

મંદગતિ પરમાણુ એક આકાશપ્રદેશથી બીજા આકાશપ્રદેશમાં જાય એમાં જેટલો કાળ લાગે તે સમયપર્યાય કહેવાય છે. એ સમયપર્યાય જે દ્રવ્યનાં રહે છે તે દ્રવ્યકાળ છે. તે કાળના અસંખ્યાત અણુઓ છે. સમ્પૂર્ણકાળ લોકાકાશ પ્રદેશ પ્રમાણ છે. દ્રવ્યસંગ્રહમાં આ વાત જણાવતા કહ્યું છે કે-

'रयणाणं रासी इव, ते कालाणू असंखदव्वाणि'

રત્નોના ઢગલાની જેમ તે કાલાણુઓ અસંખ્યાત દ્રવ્યરૂપ છે.

દિગમ્બરોનું આ મંતવ્ય શ્રી હેમચન્દ્રસૂરિજી મહારાજે યોગશાસ્ત્રના અન્તર શ્લોકમાં નીચે પ્રમાણે રજૂ કરેલ છે.

'लोकाकाशप्रदेशस्था, भिन्नाः कालाणवस्तु ये।
भावानां परिवर्ताय, मुख्यः कालः स उच्यते
॥ १ ॥ १७ पृ' ॥

લોકાકાશ પ્રદેશને વ્યાપીને રહેલા જુદા જુદા જે કાલાણુઓ છે, તે ભાવોના પરિવર્તનને માટે છે અને તે મુખ્યકાળ કહેવાય છે.

આમ હોવા છતાં કાળ એ અસ્તિકાય નથી, કારણ કે-કાળને, જેમ માટીને સ્થાસ, કોશ, કુશૂલ વગેરે ઊર્ધ્વતાપ્રચય છે, તેમ-સમય, આવલિ, મુહૂર્ત વગેરે પૂર્વાપર પર્યાયરૂપ ઊર્ધ્વતાપ્રચય છે પણ સ્કંધદેશરૂપ પ્રદેશસમુદાયાત્મક તિર્યક્પ્રચય નથી. ધર્માસ્તિકાય આદિને તિર્યક્પ્રચય છે માટે તે અસ્તિકાય કહેવાય છે અને કાળને તે નથી માટે કાળ અસ્તિકાય કહેવાતો નથી. જેને તિર્યક્પ્રચય હોય તે અસ્તિકાય કહેવાય અને જેને તિર્યક્પ્રચય ન હોય તે અસ્તિકાય ન કહેવાય એ પ્રમાણે વ્યવસ્થા છે.

### (૭)-કાળ વિષયક દિગમ્બર મતનું ખંડન.

તિર્યક્પ્રચય નહિં હોવાને કારણે કાળ એ અસ્તિકાય નથી એમ જે દિગમ્બર કહે છે-પણ કાળને તિર્યક્પ્રચય કેમ નથી? એનો ઉત્તર એની પાસે નથી. કેવળ કહેવામાત્રથી માની લેવું એમ હોય તો-જે પ્રમાણે મંદાણુગતિકાર્યહેતુ પર્યાય સમય ભાજન દ્રવ્યને સમયઅણુ કહ્યો તે પ્રમાણે મન્દાણુગતિહેતુતારૂપ ગુણ ભાજન ધર્માસ્તિકાય-અણુ સિદ્ધ થાય, અને એજ રીતે અધર્માસ્તિકાય વગેરેના પણ અણુઓ જ સિદ્ધ થાય. જો સર્વસાધારણ ગતિ-હેતુતાદિકને આશ્રયીને ધર્માસ્તિકાય વગેરે એક અખંડ સ્કન્ધરૂપ દ્રવ્ય માનવામાં આવે છે અને પછી તેની વ્યવહારાનુરોધે દેશ-પ્રદેશ કલ્પના કરવામાં આવે છે તો-તેજ પ્રમાણે સર્વ જીવાજીવ દ્રવ્ય સાધારણ વર્તના હેતુતાગુણ આશ્રયીને કાળદ્રવ્ય પણ લોકાકાશ પ્રમાણ એક ને અખંડ માનવું જોઇએ.

'ધર્માસ્તિકાયાદિમાં સાધારણગતિ હેતુતાદિની

ઉપસ્થિતિ કારણભૂત છે અને કાળદ્રવ્યમાં મન્દાણુ વર્તના હેતુતોપસ્થિતિ જ કારણભૂત છે ' એ પ્રમાણે કહેવું એ તો કહેવા માત્ર જ છે. કદાગ્રહ સિવાય અન્ય કોઇ પ્રબળ તર્ક તેમાં નથી.

સૂત્રમાં કાળને અપ્રદેશ કહ્યો છે, માટે તેમાં સાધારણહેતુતા નથી અને સાધારણહેતુતા નહિં હોવાને કારણે તે સ્કન્ધ સ્વરૂપ નથી. સ્કન્ધ નથી માટે તિર્યક્‌પ્રચય નથી અને તેથી તે અસ્તિકાય નથી એ પ્રમાણે તર્કનું સૂત્રવચન અનુસાર અનુસંધાન કરવું. એ પણ એક મૂઢતા છે. કારણ કે સૂત્રમાં કાળને જીવાજીવ પર્યાય સ્વરૂપ જ કહ્યો છે. કાળને અણુસ્વરૂપ માનવાથી એ વિરોધ કાયમ રહે છે. એટલે સૂત્રને અનુસાર કાળની વિચારણા કરનારે કાળને મુખ્ય દ્રવ્ય માનવાનો અભિનિવેશ છોડી દેવો જોઇએ.

કાળને દ્રવ્ય માનવું અને લોકાકાશ પ્રદેશ પ્રમાણુ-અનુવચન કહેવું–એ સર્વ ઉપચારથી–ગૌણભાવે માનવું–એમાં કોઇ વિરોધ આવતો નથી. મુખ્યપણે કાળ એ પર્યાયરૂપ છે અને એ સૂત્ર સમ્મત છે. '**कालश्चेत्येके**' પૂ–૩૮. એ પ્રમાણે શ્રી ઉમાસ્વાતિ મહારાજે પણ 'એકે' કહીને કાળદ્રવ્ય સ્વરૂપે સર્વસમ્મત નથી એમ સૂચવ્યું છે. **षडेव द्रव्याणि** એ પ્રમાણે વચનથી દ્રવ્યો છ છે. જો કાળને દ્રવ્ય માન્ય રાખવામાં ન આવે તો દ્રવ્યો પાંચ થાય, એક દ્રવ્ય ખૂટે એની પૂરતી માટે કાળને ઉપચારથી દ્રવ્ય માનીને શ્રી ભગવતીજી સૂત્ર વગેરેના વચનો અબાધિત કરવામાં આવે છે, તે પ્રમાણે સૂત્રને વિષે કાળને અપ્રદેશ કહ્યો છે, અને કાળ પરમાણુ પણ સૂત્રમાં પ્રરૂપ્યા છે, તે વચનને સંગત કરવા માટે લોકાકાશ પ્રદેશસ્થ પુદ્‌ગલાણુમાં કાલાણુનો ઉપચાર કરવો એ ઉચિત છે. શ્રી યોગશાસ્ત્રના અન્તરશ્લોકમાં પણ જે કાલાણુઓ પ્રરૂપ્યા છે તે ઉપચારથી છે

એ શ્લોકમાં–મુખ્યકાળ–એ પ્રમાણે જે કહ્યું છે તે અનાદિકાલીન અપ્રદેશપણાનો જે વ્યવહાર તેને વ્યવસ્થિત રાખવા માટે ઉપચારથી મુખ્ય માનવો એવો અર્થ છે.

આ પ્રમાણે અઢીદ્વીપ પ્રમાણ મનુષ્યક્ષેત્રમાં કાળદ્રવ્ય મુખ્ય છે એમ જે કેટલાક આચાર્યો કહે છે તે પણ મનુષ્યક્ષેત્ર પ્રમાણ જે આકાશ વગેરે છે તેમાં કાળ દ્રવ્યનો ઉપચાર કરવો. બાકી કાળ સ્વરૂપ કોઇ મુખ્ય દ્રવ્ય તો નથી જ. આ હકીકત સમજાવતી પૂ. ઉપાધ્યાયજી મહારાજની પંક્તિઓ આ પ્રમાણે છે.

'**मुख्यः कालः–इत्यस्य चानादिकालीनाप्रदेशत्वव्यवहारनियामकोपचारविषयः इत्यर्थः । अत एव मनुष्यक्षेत्रमात्रवृत्ति कालद्रव्यं ये वर्णयन्ति, तेषामपि मनुष्यक्षेत्रावच्छिन्नाकाशादौ कालद्रव्योपचार एव शरणम् ॥' इति दिग्मात्रमेतत् ॥**

છ દ્રવ્યોમાં બાકી રહેલા પુદ્‌ગલ દ્રવ્ય અને જીવ દ્રવ્યનું સ્વરૂપ ઘણું વિસ્તૃત છે–જેટલું વિસ્તૃત છે તેટલું અન્યાન્ય તે તે ગ્રન્થોમાં પ્રસિદ્ધ પણ છે. એટલે અહિં સ્થાન શૂન્ય રહે માટે ટૂંકમાં દર્શાવવામાં આવે છે.

આમ તો પુદ્‌ગલ દ્રવ્ય પ્રત્યક્ષસિદ્ધ છે. પણ પુદ્‌ગલ માત્ર ચક્ષુગોચર નથી. બીજા દ્રવ્યોથી પુદ્‌ગલ-દ્રવ્યનો ભેદ રૂપ–રસ–ગન્ધ–સ્પર્શ ગુણે સિદ્ધ થાય છે. પુદ્‌ગલ સિવાયના બીજા સર્વદ્રવ્ય વર્ણાદિ રહિત છે. પુદ્‌ગલના ભિન્નભિન્ન પ્રકારો, જુદીવર્ગણાઓ તેનું સામર્થ્ય આદિ પુદ્‌ગલદ્રવ્યની વિચારણાનો વિસ્તાર છે.

ચેતન દ્રવ્ય પણ નિજ નિજ અપેક્ષાએ પ્રત્યક્ષસિદ્ધ છે. બીજા દ્રવ્યોથી તેનો ભેદ સહજ ચેતના–જ્ઞાન ગુણે કરીને થાય છે. વાસ્તવિક પણે જીવદ્રવ્ય રૂપાદિ રહિત છે, છતાં વ્યવહારમાં રૂપ–વેદયુક્ત પણ જણાય છે. જીવદ્રવ્ય કેવું છે તે સમજાવતાં કહ્યું છે કે–

**'अरसमरूवमगंधं अव्वत्त चेअणागुणमसद्दं ॥
जाण अलिंगग्गहणं, जीवमणिदिट्ठसंठाणं ॥१॥'**

રસરહિત, રૂપરહિત, ગન્ધ રહિત, અવ્યક્ત, ચેતનાગુણયુક્ત, શબ્દ રહિત, લિંગ ગ્રહણ રહિત, નિશ્ચિત સંસ્થાન રહિત જીવ દ્રવ્ય છે.

જીવદ્રવ્યનો સિદ્ધ સંસારી આદિ ભેદ વિસ્તાર ઘણો છે.–

આ પ્રમાણે છએ દ્રવ્યોનું સ્વરૂપ સંક્ષેપથી જણાવ્યું છે, વિસ્તારથી જાણવાની ઇચ્છાવાળાએ આગમ–સિદ્ધાન્તથી યથાર્થ પણે જાણીને ખેદરહિતપણે પ્રવચનપાટવ પ્રાપ્ત કરી–ગીતાર્થપણું મેળવીને સુયશ સંપાદન કરવો.

# પ્રતિબિંબ

પૂ૦ પાદ પંન્યાસજી મહારાજ શ્રી કનકવિજયજી ગણિવર

## સત્તા તો જ શોભારૂપ બને !

સત્તા એ સંસાર સમસ્તની સોહામણી શક્તિ છે. એ જેટલી સુંદર છે, તેટલી જ કદરૂપી છે, જો સત્તાનાં સ્થાન પર આરૂઢ થનાર માનવીનું હૈયું વિશાળ, સમભાવી તથા સ્વાર્થના અંધાપાથી પર હોય તો તે માનવ, દેવ જેવો પૂજ્ય બની શકે છે, પણ સત્તાધીશ સત્તાનાં ગૂમાનમાં ભાનભૂલો બન્યો, તો તેના જેવો દાનવ સમસ્ત સંસારમાં અન્ય કોઇ નહિ હોય !

સત્તાને શોભાવનારા એવા એક સત્તાધીશનાં હૃદયની વિશાળતાને કહેનારો ઇતિહાસના પાને નોંધાયેલો આ પ્રસંગ છે.

મગધ સામ્રાજ્યના સર્વસત્તાધીશ ભંભાસાર મહારાજા શ્રેણિક એક સમયે દિવસની આથમતી સંધ્યાએ પોતાના મહેલની સાતમી ભૂમિપર ગોખમાં બેઠા છે. રાત્રીનું અંધકાર આકાશમાં ઘેરાઈ ચૂકયું છે. વર્ષાઋતુનો સમય છે. ચોમેર કાજળશ્યામ વાદળો ફેલાતાં જાય છે. થોડી જ વારમાં ઠંડા પવનની સાથે વરસાદની હેલી પડવા માંડી, વિજળીના ઝબકારાઓ અવારનવાર થયા કરે છે. મહારાણી ચિલ્લણાદેવી મગધેશ્વરની પડખે બેઠાં-બેઠાં દૂર-સુદૂર દૃષ્ટિ નાંખી, મેઘલીરાતના પ્રકૃતિતાંડવને નિહાળી રહ્યાં છે. રાજમહેલના સાતમા માળ પરથી સમસ્ત રાજગૃહી તથા તેની આજુ-બાજુના પ્રદેશને વિહંગમ દૃષ્ટિથી જોતાં મહારાણીને ઘટાટોપ વાદળો વચ્ચે રાત્રીના ગાઢ અંધકારમાં કોઈ વસ્તુ સ્પષ્ટ દેખાતી નથી, છતાં નગરીના રાજમાર્ગો ઉપર ધનાઢય ગૃહસ્થોનાં ભવનમાં રહેલા રત્નદીપકોનાં મધુર તેજ-કિરણોથી ચંદ્રના સૌમ્ય તેજ જેવો સ્વચ્છ, શીતલ અને આહ્‌લાદક પ્રકાશ ચારેકોર પથરાએલો જણાતો હતો.

ફરી આકાશમાં ઘનઘોર મેઘદળ ઘેરાયું. ગર્જનાઓનો ગડગડાટ વાતાવરણને ભરી દેતો જણાયો. ધોધમાર ઝડીબદ્ધ વૃષ્ટિ ચાલુ થઈ. પૃથ્વી જળબંમાકાર બની ગઈ, નદી-નાળામાં પાણીનું પૂર વેગબંધ ધસતું ચાલ્યું. ક્ષણે-ક્ષણે વિજળીના ચિત્ર-વિચિત્ર ચમકારાઓ આકાશ-પૃથ્વીને ચમકાવવા લાગ્યા. મહારાજા શ્રેણિક તથા મહારાણી સાતમી ભૂમિના બહાર પડતા ગોખમાંથી મહેલના અંદરના ભાગમાં ચાલ્યા ગયા.

પ્રકૃતિના આ તોફાનને જોવામાં મહારાણીને કાંઇક કુતૂહલ થયું, મહેલની બારીમાં ઉભા-ઉભા તેઓ દૂર-સુદૂર પોતાની ચકોર દૃષ્ટિ ફેરવી રહ્યા છે. રાજગૃહીના વિશાલ રાજ્યો ચોમેર શૂન્ય જણાય છે. એકાદ માનવ તો શું પણ ચાર પગે ચાલનાર ઢોર પણ કયાં યે નજરે ચઢતું નથી. રાત્રીનો હજુ પ્રથમ પ્રહર હતો. છતાં આકાશમાં નિરાધાર વરસતા વરસાદમાં સૌ કોઈ પોત-પોતાનાં સ્થાનને મૂકીને કયાં યે ભટકતું ન હતું.

અચાનક આકાશમાં ગર્જારવ થયો. વિજળીનો જબ્બર ઝબકારો થયો, મહારાણી ચિલ્લણાદેવીની દૃષ્ટિમાં વિજળીના એ ચમકારામાં નગરીની બહાર વૈભારપર્વતની દિશામાં ખલખલનાદે વહેતાં પાણીના ઝરણાઓમાં એક માનવ જેવું કાંઇક દેખાયું. મગધેશ્વરીની દૃષ્ટિ ત્યાં ઠરી ગઇ. ફરી તેમણે ધારીને તે દિશા તરફ નજર કરી, વિજળીનો ચમકારો થયો, અને તેમણે બરાબર જોયું. તેમને ખાત્રી થઇ ચૂકી, કે એ કોઇ મનુષ્ય છે. જેના અંગ ઉપર કોઇ વસ્ત્ર નથી. કેવળ ન્હાની પોતડી જેવું એક

લુગડું તેણે લાજને ઢાંકવા અધોવસ્ત્ર તરીકે પહેર્યું છે, પાણીથી ચોમેર ભીંજાઇ રહેલો તે દીન, કૃશ તથા દરિદ્ર માનવ પાણીના વહી રહેલા એ ઉંડા ધરામાં પડતું મેલી રહ્યો છે.

મગધેશ્વરીનાં હૈયામાં આ દશ્યે કોઇ નવો જ પ્રકાશ આપ્યો. તેમણે મહારાજા શ્રેણિકને આ દશ્ય બતાવ્યું, ક્ષણે ક્ષણે ઝબૂકી જતી વિજળીના તેજસ્વી પ્રકાશમાં મહારાજાની દૃષ્ટિ તે દીન, દરિદ્ર માનવીની યાતનાને નિહાળી શકી.

મહારાણીએ મગધશ્વરને કહ્યું 'સ્વામી. ! આ દશ્યે મારા હૈયાને હચમચાવી મૂકયું છે. આવી મેઘલી રાત્રે એ માણસ પાણીમાં શા માટે પડતું મૂકે છે? એના અંગ ઉપર શરીરને ઢાંકવા એકે વસ્ત્ર નથી. આ માણસ આટ-આટલી યાતના ભોગવી રહ્યો છે, એ આપણાં રાજ્યની શોભા નથી, રાજ્યનો એક પણ પ્રજાજન વિટંબણા કે વેદનામાં નિરાધારપણે શેકાતો હોય, અને આપણે આવી ભવ્ય મહેલાતોમાં અમન-ચમન ભોગવીએ એ ખરેખર આપણા માટે શરમાવા જેવું છે.'

મહારાજા શ્રેણિક પોતાની પટ્ટરાણી ચિલ્લણાની આ વાત સાંભળી વિષાદ ભારથી ભારે બન્યા. પ્રસન્ન પણ કાંઇક ગ્લાનિયુક્ત સ્વરે તેમણે જવાબ આપતાં કહ્યું; 'દેવી! તમે જે કહ્યું તે બરાબર છે. મારાં રાજ્યનો એક પણ પ્રજાજન જો મારી ઉપેક્ષાના કારણે, બેદરકારીના કારણે નિરાધારપણે યાતના ભોગવતો હોય, તો મારૂં આ વિશાલ સામ્રાજ્ય કે મગધેશ્વરપણાનો ગૌરવભર્યો વૈભવ મારા માટે ભારરૂપ છે. સત્તાનું એ કલંક છે, મારો આત્મા દેવી! આજે ધન્યતા અનુભવે છે. કે મગધેશ્વરીનાં અનન્ય ઐશ્વર્ય, ભોગ-વિલાસો જેનાં ચરણે આળોટી રહ્યા છે, એવી મગધની મહારાણી તમે તમારા એક પ્રજાજનની વેદનાના ભારથી વ્યથિત બની, મને મારાં કર્તવ્યની પ્રેરણા આપવા સજજ બન્યા છો. તમે નિશ્ચિંત રહેજો. મગધનાં ઐશ્વર્યનો ભાર જેમ મેં ઉપાડયો છે, તેમ મગધના પ્રત્યેક પ્રજાજનનાં સુખ-દુઃખની ચિંતાનો ભાર મેં મારા માથા પર સતત રાખ્યો છે. મારો એક પણ પ્રજાજન, મારી ઉદાસીનતાના કારણે દુઃખ-પીડિત બનીને મૂંઝાઇ રહ્યો છે, એવું જ્યારે જાણીશ, ત્યારે હું કદિ ઠરીઠામ બનીને નહિ જ બેસી શકું, એ હકીકત તમારે સમજી લેવી. આજે ને અત્યારે એ પ્રજાજનની યાતનાનાં નિવારણને માટે મારા સેવકને હું રવાના કરૂં છું, અને તેના સમાચાર મેળવીને પછી જ હું શયનમાં સુખપૂર્વક નિદ્રા લઇશ.'

પોતાના સ્વામીનાથનાં ગૌરવભર્યા વદનની સ્હામે દૃષ્ટિક્ષેપ કરતાં મહારાણી ચિલ્લણાદેવીએ સ્વસ્થતાપૂર્વક આ વચનો સાંભલ્યા. ને તેટલી જ ગંભીરતાથી તેમણે કહ્યું; 'નાથ! મને એ ખાત્રી છે, મારૂં હૃદય એ શ્રદ્ધા ધરાવે છે, કે શ્રમણ ભગવાન શ્રી મહાવીરદેવના પરમ ભક્ત મગધેશ્વર પૂર્વ પુણ્યાઇથી પ્રાપ્ત થયેલી સત્તાને કદિ કલંકિત નહિ કરે, આજે તમારાં હૈયાની ઉદારતા, દુઃખપીડિત માનવ માટેની સમભાવના જાણીને હું ખરેખર કૃતાર્થ બની છું. સત્તા કે સંપત્તિ; તેનું સાચું ફલ સદુપયોગમાં જ રહેલું છે, ભગવાન શ્રી મહાવીરદેવના ધર્મને પામેલા તમે આજે જે રીતે મગધનાં ભવ્ય ઐશ્વર્યને શોભાવનારૂં સત્ત્વ પ્રાપ્ત કરી ચૂકયા છો, એ મારા માટે ખૂબ જ ગૌરવરૂપ છે.'

ત્યારબાદ મહારાજા શ્રેણિકે તરત જ પોતાના સેવકને બોલાવી, ધોધમાર વરસાદમાં વૈભારગિરિની બાજુમાં પાણીમાં પડતું મેલનાર પેલા

કમનસીબ માનવની તપાસ માટે આદેશ ફરમાવ્યો.

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં બની ગયેલો આ ઐતિહાસિક પ્રસંગ ભારતના ભૂતકાલીન ગૌરવને તથા રાજા–પ્રજા વચ્ચેના મધુર સ્નેહનાં સુખદ સંસ્મરણો કરાવી જાય છે.

: ❀

## અધિકાર વિનાનું ન ખપે !

**અ**ધિકાર કે હક્કનો ઘમંડ આજે ખૂબ જ ફાલી–ફૂલી રહ્યો છે, પોતાની પુણ્યાઇ કે ભાગ્યના બલ વિના કેવલ જ્યાં ત્યાં હક્ક તથા અધિકારની મારામારી કરનારા માનવો સંસારમાં જ્યાં જૂઓ ત્યાં અશાંતિનો દાવાનલ સળગાવી જાય છે, નશીબ હોય કોડીયા જેવું, છતાં બુદ્ધિ, હોંશિયારી કે આવડતના ખોટા ફાંકામાં અધિકાર કે હક્કના નામે બધું હોઇયા કરવા ચોમેર કાવાદાવા અજમાવતા સ્વાર્થસાધુ પામર પ્રાણીઓ આજે સર્વત્ર દૃષ્ટિગોચર થઇ રહ્યા છે.

ખટપટ, કાવાદાવા, છલ, પ્રપંચ, વિશ્વાસ-ઘાત, ઇત્યાદિ કારમા પાપો કરવા છતાં જ્યારે આવા માનવોને પોતાની પુણ્યાઇ ઓછી હોવાના કારણે નાશીપાસ થઇને માથે હાથ ટેકવી દીન-વદને બેઠા–બેઠા અનેકોને ગાળો વરસાવતા જોઇએ છીએ, ત્યારે ખરેખર મોહ અને અજ્ઞાનના એ કરૂણ નાટકને માટે હૈયું વ્યથા-વ્યાપ્ત બને છે.

આવા પ્રસંગોમાં અધિકાર હોવા છતાં, પોતાની વસ્તુનો હક્ક ત્યજી દઇ, સ્વાર્થત્યાગ દ્વારા જીવનને અજવાલી જનારા ઉદારચરિત ભાગ્યશાલી આત્માનાં હૃદયની સાધુતા માટે ખૂબ જ સદ્ભાવ જાગે છે, અને થાય છે કે, આજે માનવ ભલે વિજ્ઞાન, યંત્ર કે ભૌતિક સાધનોમાં પ્રગતિ સાધનારો બન્યો હશે ? પણ આધ્યાત્મિક દૃષ્ટિનાં મંગલતેજ તેનાં જીવનમાંથી ઓસરી રહ્યાં છે આવા સ્વાર્થત્યાગની તેજસ્વી દૃષ્ટિના આત્માનો એક પ્રેરક પ્રસંગ ઇતિહાસના પાને આલેખાયેલો મળે છે. જે આજે પણ બોધક તથા જીવનની ઉન્નતિમાં પ્રેરક બને તેવો છે.

ધન્યકુમાર જ્યારે પોતાની જન્મભૂમિ પ્રતિ-ષ્ઠાનપુરને ત્યજીને ભાગ્ય અજમાવવા નીકળી પડયા. તે અવસરની આ વાત છે. પ્રતિષ્ઠાનપુરના રાજા જિતશત્રુએ ધન્યકુમારના ભાગ્યબલથી તેની સચ્ચાઇ, ખાનદાની તથા સજ્જનતાના કારણે ખૂબ જ સન્માન આપ્યું. ધન્યની પ્રતિષ્ઠા અને ગૌરવ વધતાં ચાલ્યાં. સંપત્તિના ઢગલા એના આંગણે થવા માંડયા. પણ પોતાના ત્રણે મોટા ભાઇઓને પોતાના કારણે ખેદ તથા ઉદ્વેગ થાય છે, અને કુટુંબમાં કલહ વધતો જાય છે. એ જાણ્યા પછી ધન્યકુમારે એ સંપત્તિ, વૈભવ અને અમાપ ઐશ્વર્યને તૃણની જેમ ત્યજીને માલવદેશ બાજુ પ્રયાણ કર્યું.

ઋદ્ધિ–સમૃદ્ધિથી ભરેલા ઘરને રાતના સમયે કોઇ ન જાણે તે રીતે ત્યજીને એકાકી ચાલ્યા જતા ધન્યકુમારે પહેરેલા કપડા સિવાય સાથે કાંઇ જ રાખ્યું નથી. માલવદેશના સિમાડે એક ન્હાના ગામની નજીક ધન્યકુમાર મધ્યાહ્ન સમયે પહોંચ્યો. માર્ગનો પરિશ્રમ, ગરમીની ઋતુ, અને કાંઈ જ ખાધેલું નહિ હોવાથી શરીર ખૂબ જ થાકી ગયું છે. માર્ગ ઉપર એક ઘટા-દાર ઝાડ છે, તેની છાયામાં નવકારમંત્રનું સ્મ-રણ કરીને ધન્યકુમારે લંબાવ્યું.

માર્ગ પરના એ વડલાની બાજુના ખેત-રમાં એક ખેડૂત પોતાના ખેતરમાં હળ હંકારી રહ્યો છે. મધ્યાહ્ન થતાં એ ભીમા ખેડુતની સ્ત્રી પોતાના પતિના માટે ભાત

લાવી છે. ભીમાએ હળ છોડી દીધું, ખેતરમાં બેસીને, પાણીના ઘડામાંથી પાણી કાઢી, હાથ મોં ધોઇ, તે ભાત ખાવા બેઠો. આજે ગામમાં કોઇ પર્વનો દિવસ છે. એટલે દરરોજ કરતાં આજનો ભાત જુદો હતો. આજે તો ભોજનમાં દાળ, ભાત, શાક, અને લાપસી હતી. વહેલી સવારના ઘેરથી શિરામણ કરીને નીકળેલા ભીમાને ખેતરમાં હળ હાંકતાં–હાંકતાં થાક ખૂબ લાગ્યો હતો. ભૂખથી એનું પેટ ઉંડું ઉતરી ગયું હતું. તે અન્નનો કોળીઓ જ્યાં મોઢામાં મૂકે છે. ત્યાં તેની નજર પોતાની પૂંઠ પાછળ ગઈ, ત્યાં વડલા નીચે સૂતેલા ધન્યકુમારને તેણે જોયા. ખાવાનો કોળીયો પડતો મૂકી, તે તરત ત્યાંથી ધન્યકુમારને ઉઠાડવા ગયો. તેના સંસ્કાર ભર્યા હૃદયમાં એ પ્રશ્ન ઉઠયોઃ 'અતિથિને ભૂખ્યો મૂકીને ભોજન કેમ લેવાય ? લાવ એ અતિથિને ઉઠાડીને ભોજન આપીને પછી હું જમું.' તેણે ધન્યકુમારને ઉઠાડયા; ને પ્રેમભર્યા સ્વરે કહ્યુંઃ 'ભાઇ ! ઉઠો, ભોજન તૈયાર છે. પહેલાં જમી લ્યો, ને પછી નિરાંતે આરામ કરો.'

ધન્યકુમાર ભીમા ખેડૂતના અવાજથી તરત જાગ્યો. જાગીને તેણે જે જોયું, એ અદ્દભુત દૃશ્યથી ધન્યના હૃદયમાં ભીમા ખેડૂતની સ્નેહાર્દ્રતા તથા વાત્સલ્યભાવના પ્રત્યે સદ્દભાવ જાગ્યો. ક્ષણવાર તે મૌન રહ્યો. ખેડૂતે ફરી કહ્યું; 'કેમ ભાઇ ! તમે ઉઠતા કેમ નથી ? મારા જેવા ગરીબ ખેડૂતને પાવન કરો, જે કાંઈ ભોજન ઘેરથી આવ્યું છે, તે જમી લો, હું ભૂખ્યો છું. મેં હજી ભોજન કર્યું નથી, અને આંગણે આવેલા અતિથિને ભોજન કરાવ્યા વિના મારાથી ખવાય કેમ ? ચાલો વિચાર શું કરો છો ? ઝટ કરો, પછી તમારે નિરાંતે નિંદ લેવી હોય તો લેજો !'

ધન્યકુમાર ગામડાના અબૂઝ ગણાતા ખેડૂતની આ અતિથિસત્કારની ભાવનાથી મુગ્ધ બન્યો. તેનું હૃદય, ખેડૂતના હૃદયની આ ત્યાગભાવનાને નમી પડયું. તેણે ખેડૂતને કહ્યું; 'ભાઈ ! તમારી વાત સાચી છે. તમારો અતિથિસત્કાર પ્રશંસાપાત્ર છે. પણ હું યાચક કે દીન નથી. તમારા ભોજનને હું યાચકની જેમ સ્વીકારૂં, એમાં મારી ખાનદાની કે ગૃહસ્થાઇ નહિ, વગર–અધિકારનું કે વગર–પરિશ્રમનું ભોગવવું એમાં મારી શોભા નહિ. જ્યાં સુધી શરીરમાં શક્તિ હોય, કાંડામાં તાકાત હોય, ત્યાં સુધી કોઈના પણ દાનને સ્વીકારવામાં સંસારીજન તરીકે મારૂં ભૂષણ નહિ પણ દૂષણ છે. માટે તમારા ભોજનને હું ન સ્વીકારી શકું. 'જેમ આપીને ભોગવવાની તમારી સજ્જનતા છે, તેમ વગર–પરિશ્રમે, વગર–અધિકારે કોઇના આપેલા દાનનો યાચકની જેમ ભોગવટો કરવો એ મારી ખાનનીને છાજે નહિ, માટે તમે મને ફરી આ વસ્તુનો આગ્રહ કરશો નહિ.'

ધન્યકુમારના હૃદયની સહૃદયતા તથા તેજસ્વિતા જોઇને તે ખેડૂ દિંગ થઈ ગયો. તે ક્ષણભર મૂંઝવણમાં મૂકાઇ ગયો. આંગણે આવેલા અતિથિ ધન્યકુમાર જ્યાંસુધી ભોજન ન લે ત્યાંસુધી પોતે ભોજનનો કોળીયો કઈ રીતે મોઢામાં મૂકે ? આમ મૂંઝવણ અનુભવતાં ખેડૂને જોઇને ધન્યકુમારનું સત્ત્વશાળી માનસ મૌન ન રહી શકયું. તેણે મૌન તોડીને ફરી કહ્યું; 'ભાઇ ! અભિમાન કે ઘમંડની ખાતર આ હું નથી કહેતો, હું સંસારી માણસ છું, જેઓ સંસારને ત્યજીને પોતાના આત્મકલ્યાણાર્થે સર્વસ્વ ન્યોછાવર કરીને ત્યાગવ્રતને સ્વીકારનારા સાધુપુરૂષો છે, તેઓનું જીવન કેવલ પરોપકાર પરાયણ છે, તેઓ તો સંસારી-

જનોના કલ્યાણાર્થે આહાર ગ્રહણ કરે છે, તેઓનું ભોજન તો સંસારનું ગૌરવ અને સંસારનું મંગલ વધારનારૂં છે. જ્યારે અમારા જેવા સંસારના સ્વાર્થમાં રહેલા માનવો માટે તો વગર અધિકારે કે યાચકતા લાવનારૂં દાન ગમે તેવું હોય તો પણ તે ગ્રહણ કરવું ગૌરવ-રૂપ નહિ પણ લાંછનરૂપ ગણાય, છતાં ભોજન માટે તમારો આટ-આટલો આગ્રહ છે, તો તમે મારી એક પ્રાર્થના સ્વીકારો, તમારૂં હલ મને આપો, તો હું તમારી જમીનને ખેડૂં, બાદ તમે જે ભોજન આપશો તે હું અમૃતની જેમ ગણીને સ્વીકારીશ.'

આમ કહીને ધન્યકુમારે ભીમા ખેડૂતના હળને લઇને ખેતરમાં હાંકવા માંડયું. એક-બે આંટા થયા, ત્યાં ધન્યકુમારના હાથે હંકાતા તે હળ નીચે ખેતરની જમીનમાં કાંઇક કઠણ વસ્તુ ટકરાઇ, હલને બાજુએ મૂકી, ધન્યે તે વસ્તુને આસપાસની જમીન ખોદીને બહાર કાઢી, સૌના આશ્ચર્ય વચ્ચે સોનામહોરોથી ભરેલો ચરૂ ત્યાં નજરે પડયો. ધન્યે તે ચરૂ-તાંબાનો કળશ, ભીમા ખેડૂને સોંપતાં કહ્યુંઃ 'ભદ્ર! તમારા ખેતરમાં આ વસ્તુ હતી, અને તે પ્રગટ થઈ છે, તમે લઇ લો, તમારૂં ભાગ્ય જાગ્યું, અને પૃથ્વીએ તમને આ ભેટ ધરી છે, તેના ઉપર તમારો અધિકાર છે, માટે તે સ્વીકારો.'

ધન્યકુમારની સન્નિષ્ઠા, અદ્ભુત સજ્જનતા તેમજ અલૌકિક સાધુતા જોઈ, દરિદ્ર એવા પણ તે ખેડૂતના હૃદયમાં નિઃસ્પૃહતા જાગી, તેણે સ્પષ્ટ શબ્દોમાં ધન્યકુમારને કહ્યું; 'પુણ્ય-શાલી મહાનુભાવ! આ નિધાન મારૂં નહિ પણ તમારૂં છે, જમીન મારી, પણ તમારા ભાગ્યબલે ખીંચાઈને પૃથ્વીના અધિષ્ઠાયક દેવે તમને આ નિધાન આપ્યું છે. ભાગ્ય વિના હું લઉં, તો એ મને પચે નહિ. ભલે ખેતર મારૂં. પણ તેમાંથી પ્રગટેલો આ ચરૂ તમારો, જો મારાં ભાગ્યમાં આ લક્ષ્મી લખાઇ હોત તો અત્યાર-સુધી જમીન ખેડતાં-ખેડતાં મને વર્ષો વીત્યા, છતાં મને કાંઇ જ ન હાથ આવ્યું, જ્યારે તમારા પગલે આ નિધાન પ્રાપ્ત થયું છે, માટે તમારો અધિકાર છે, તેને તમે સ્વીકારો, ને મને કૃતાર્થ કરો!'

ભીમા ખેડૂતની પ્રામાણિકતાનાં તેજથી ભરેલી વાણીને સાંભળી ધન્યકુમારે તેટલી જ મક્કમતાથી જવાબ આપ્યો; 'ભાઇ! તમારી વાત સાચી છે. પુણ્યાઇ ભલે ગમે તેની હોય, પણ આ નિધાન ઉપર મારો અધિકાર નથી જ, અધિકાર કે હક્ક વિનાનું સ્વીકારવું એ કોઇ રીતે ઉચિત નથી, માટે તમારે આ ધનની જે કાંઇ વ્યવસ્થા કરવી હોય તે કરજો, પ્રાણાંતે પણ આ ધન મારે કલ્પે નહિ. અધિકાર કે હક્ક વિનાનું ગ્રહણ કરવું એ પુણ્યાઇને કલંકિત કરનારૂં કાર્ય ગણાય, માટે તમને હું કહું છું કે, આ ધનનો તમે ઉપયોગ કરજો!'

આમ કહીને ખેડૂતનાં ભોજનને ન્યાય આપી, ધન્યકુમારે ખેડૂતનો અતિશય આગ્રહ હોવા છતાં ત્યાં ન રોકાતાં આગળ પ્રયાણ કર્યું.

❀

# સર્જન અને સમાલોચના.

શ્રી 'અભ્યાસી'

**ધર્મસંગ્રહ: ગુજરાતી ભાષાંતર પહેલો ભાગ. મૂલકાર: પૂ૦ મહોપાધ્યાય શ્રી માનવિજયજી ગણિવર. ભાષાંતરકાર: પૂ૦ મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ.** પ્રકાશક: શાહ અમૃતલાલ જેશીંગભાઇ, કાલુપુર, જહાંપનાહની પોળ, મૂલ્યરૂા. ૮-૦-૦

વિક્રમના ૧૮મા સૈકાના પ્રારંભમાં થઇ ગયેલા શાસનપ્રભાવક સમર્થ વિદ્વાન પ્રકાંડ પંડિત મહોપાધ્યાય શ્રીમદ્ માનવિજયજી ગણિવરે મુખ્યત્વે સાધુધર્મ તથા શ્રાવકધર્મના અંગ પ્રત્યંગોનું વિસ્તૃત વિવેચન કરતા આ સર્વ સંગ્રહરૂપ ગ્રંથરત્નનું નિર્માણ કર્યું છે. પ્રસ્તુત ગ્રંથરત્ન, જૈનશાસનમાં શ્રાવક તથા સાધુધર્મના આચાર-વિચારોનું શાસ્ત્રીયદૃષ્ટિએ તલસ્પર્શી નિરૂપણ કરનારો આકર ગ્રંથ છે. ગ્રંથકારે આ ગ્રંથના નિરૂપણમાં અનેકાનેક શાસ્ત્રગ્રંથોની સાક્ષીઓ, શાસ્ત્રપાઠોના ઉલ્લેખોપૂર્વક મૂકેલી છે, આ ગ્રંથ આમ અર્વાચીન હોવા છતાં પ્રાચીન મહાપુરુષોના ગ્રંથોની સાક્ષીઓનો ઠામ-ઠામ ઉલ્લેખ કરાયેલો હોવાથી આ ગ્રંથ પ્રાચીનતમ ગણી શકાય તેવો પરમશ્રદ્ધેય કોટિનો છે. મૂલગ્રંથના રચયિતા પૂ. ઉપાધ્યાયજી મહારાજા, પૂ. જગદ્ગુરુ આચાર્યદેવ શ્રીમદ્ વિજયહીરસૂરીશ્વરજી મહારાજની ત્રીજે પાટે થયેલા પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયતિલકસૂરીશ્વરજી મ. ના પટ્ટપ્રભાકર પૂ. આ. મ. શ્રી વિજય આનંદસૂરીશ્વરજી મ. ના શિષ્યરત્ન પંડિત શ્રી શાંતિવિજયજી ગણિવરશ્રીના વિદ્વાન બહુશ્રુત શિષ્યરત્ન છે. આ ગ્રંથનું સંશોધન પૂ. ન્યાયાચાર્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રી યશોવિજયજી મહારાજે કર્યું છે. જેઓ માટે પ્રસ્તુત ગ્રંથરત્નના રચયિતા પૂ. ઉપા. મ. શ્રી માનવિજયજી મહારાજ આ પ્રમાણે કૃતજ્ઞતાપૂર્વક ઉલ્લેખ કરે છે: 'જેમણે તર્ક, પ્રમાણ, નય પ્રમુખ ગહન વિચારોનાં પણ સમર્થ વિવેચનો કરીને શ્રી શ્રુતકેવલી આદિ પૂર્વ મુનિવરોને યાદ કરાવ્યા છે, તે વાચકરાજ શ્રી યશોવિજયજી મહારાજે આ ગ્રંથનું પરિશોધન કરીને મારા ઉપર અતિ ઉપકાર કર્યો છે.'

તે સમર્થ શાસનપ્રભાવક પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજનાં પુનિત હસ્તે સંશોધિત-સંવર્ધિત મૂલ ગ્રંથરત્ન ધર્મસંગ્રહને સ્વોપજ્ઞ વૃત્તિયુક્ત ગ્રંથકાર મહર્ષિએ રચ્યો છે. સમગ્ર ગ્રંથનું શ્લોક પ્રમાણ ૧૪૬૦૨ શ્લોકોનું છે. આ ગ્રંથમાં આચારાંગાદિ અંગ સૂત્રો, ઉવવાઇ આદિ ઉપાંગસૂત્રો, બૃહત્કલ્પાદિ છેદસૂત્રો, આવશ્યક નંદી આદિ સૂત્રો, ઉપરાંત: ધર્મબિંદુ, ષોડશક, અષ્ટકજી, યોગદૃષ્ટિ સમુચ્ચય, યોગબિંદુ, પંચાશક, ઉપદેશપદ, લલિત વિસ્તરા, પંચવસ્તુ, યોગશાસ્ત્ર, ધર્મરત્ન પ્રકરણ, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય, શ્રાદ્ધ પ્રતિક્રમણ સૂત્રવૃત્તિ, ઇત્યાદિ લગભગ ૧૨૧ ગ્રંથો ઉપરાંત, શાસ્ત્રગ્રંથોનો સાક્ષી ગ્રંથો તરીકે ઉલ્લેખ થયો છે.

આવા ધર્મ સર્વસ્વના સર્વમાન્ય આકરરૂપ પ્રસ્તુત ગ્રંથરત્નના પ્રથમ ભાગનું ગુજરાતી ભાષાંતર, અહિં પ્રસિદ્ધ થયું છે આ ભાગમાં શ્રાવકધર્મના આચાર-વિચારોને શાસ્ત્રીય દૃષ્ટિએ અનેક પ્રાસંગિક વિચારણાપૂર્વક સુંદર રીતે રજૂ કરવામાં આવ્યા છે. આ ભાગ ૯૪૨૩ શ્લોકપ્રમાણ મૂલ તથા સ્વોપજ્ઞ ટીકાયુક્ત છે. તેનું ભાષાંતર ક્રાઉન ૮ પેજી ૬૯૬ પેજમાં અહિં પ્રસિદ્ધ થયું છે. આ ભાગમાં સમ્યક્ત્વનો અધિકાર, શ્રાવકના બાર વ્રતો, શ્રાવકની દિનચર્યા. તથા શ્રાવકના પર્વકૃત્યો, એ રીતે મુખ્યત્વે ચાર અધિકારનું ખૂબજ સુવિસ્તૃત રીતે વિવેચન કરવામાં આવ્યું છે.

ભાષાંતરકાર પૂ. મુનિરાજ શ્રી ભદ્રંકરવિજયજી મહારાજે ખૂબજ વિદ્વત્તાપૂર્વક વિશદશૈલીયે ભાષાંતર કર્યું છે. ભાષાની સરલતા, વિવેચનની વિશદતા તેમજ પ્રત્યેક વિષયને સુસ્પષ્ટ કરવા માટેની ખંત, ગ્રંથના પાને પાને તરવરે છે. ભાષાંતરકાર વિદ્વાન મુનિવર્યશ્રીનો આ મહાન પરિશ્રમ અભિનંદનને પાત્ર છે. તેઓશ્રીએ પોતાની પ્રત્યેક શક્તિઓને આવા ગ્રંથરાજ ગ્રંથરત્નના ભાષાંતરમાં તથા સંપાદનમાં સુંદર રીતે જોડીને ખૂબજ શ્રદ્ધેયભાવે, સન્નિષ્ઠાપૂર્વક મૂલગ્રંથકારના આશયને પ્રામાણિકપણે વળગીને અતિશય કાળજીપૂર્વક આ કાર્યને પાર પાડ્યું છે, તથા ઠામ-ઠામ ટીપ્પણીઓ યોજીને વિષયની સુસ્પષ્ટ વિવેચના કાળજીપૂર્વક કરી છે.

જૈનશાસનમાં રહેલા નિર્ગ્રંથ, શ્રદ્ધાભાવિત સચ્ચા-

ત્રિયશીલ વિદ્વાન મુનિપુંગવો, શ્રુતજ્ઞાનની કેવી અદ્ભુત ભક્તિ તથા ઉપાસના કરી શકે છે? તેનું જ્વલંત ઉદાહરણ પ્રસ્તુત ક્રા૦ ૮ પેજી ૨૮+૪૬+૭૦૮ પેજનો, દળદાર, સળંગ કપડાના બાઈન્ડીંગનો પાકા પૂંઠાનો આ મહાન ગ્રંથ પૂરૂં પાડે છે. જૈનસાધુઓની શ્રુતભક્તિ કેવલ નિઃસ્વાર્થભાવે સમસ્ત સંસારના ભવ્યજીવો' ઉપર અમાપ ઉપકારોની સુધા વરસાવી રહી છે. ખરેખર જૈન નિર્ગ્રંથ સાધુસમાજની અનુપમ શ્રુતભક્તિએ સંસારમાં ચમત્કારિક ઇતિહાસ સર્જ્યો છે. હજારો-લાખ્ખો ખરચવા છતાં જે શ્રુતજ્ઞાનનો પ્રચાર બીજાઓ ન કરી શકે, તે કેવલ શ્રેયભાવે અનન્ય-નિષ્ઠાપૂર્વક નિઃસ્વાર્થવૃત્તિએ જૈનસાધુઓ પાઇના પણ ખર્ચ વિના કરી શકે છે. માટે જ મારો આગ્રહ છે કે, વર્તમાનમાં જૈનસાધુસમાજે પોતાની શક્તિઓને સાંગોપાંગ કામે લગાડીને, જૈનસાહિત્યના વિપુલરત્ન-રાશિઓને અદ્યતન પદ્ધતિએ સર્વ કોઇ જિજ્ઞાસુ, ધર્મશીલ આત્માઓની જિજ્ઞાસાને સંતોષે તે રીતે અધિકારપૂર્વક પ્રસિદ્ધિમાં લાવવા દ્વારા શ્રુતજ્ઞાનની પ્રભાવનાના આ ઉપયોગી કાર્યને પ્રગતિમાન કરવું જોઇએ.

પ્રસ્તુતગ્રંથની પ્રથમ આવૃત્તિ વિ. સં. ૨૦૧૦માં પ્રસિદ્ધ થયેલી. જે પ્રસિદ્ધ કરવાનો સુયશ, શેઠ આ. ક. પેઢીના માનનીય પ્રતિનિધિ અને મૂલગ્રંથને લખવામાં જેઓની પ્રેરણા હતી, તે દોશી શેઠ મનીઆશાના પુત્ર શાંતિદાસ દોશીના વંશજ ધર્મશીલ શ્રીયુત મયાભાઇ સાકળચંદના ફાળે જાય છે. ત્યારબાદ વિ. સં. ૨૦૧૨ની સાલમાં આ ગ્રંથરત્નની દ્વિતીયાવૃત્તિ પ્રસિદ્ધિને પામે છે. જે માટે પ્રસ્તુત પ્રકાશનના સંયોજક-સંપાદક પૂ. વિદ્વાન મુનિવર્ય્ય શ્રી ભદ્રંકરવિજયજી મહારાજની સમ્યગ્ શ્રુતજ્ઞાનની ભક્તિ, ઉપાસના, ચિંતન, મનન અને સ્વાધ્યાયનિષ્ઠતા અતિશય અભિનંદનના અધિકારી બને છે! પ્રસ્તુત ગ્રંથનું વાંચન, મનન તથા પરિશીલન આદિથી અંત સુધી કરવાની ચતુર્વિધસંઘને મારી નમ્રભાવે અપીલ છે. આજે જૈનસમાજમાં ચર્ચાતા અનેક મહત્ત્વના પ્રશ્નો જેવાં કે, દેવદ્રવ્ય કોને કહેવાય? તેનો શાસ્ત્રીય દૃષ્ટિયે ઉપયોગ કયો હોઈ શકે? પર્વતિથિની આરાધના કયારે? જિનપૂજા કઇ રીતે કરવી? જિનપૂજા નિત્ય છે, કે, નૈમિત્તિક? ઇત્યાદિ અનેક બાબતો ઉપર શાસ્ત્રીયદૃષ્ટિએ વિશદ પ્રકાશ પાડવામાં આવ્યો છે, એટલે જ પ્રસ્તુત ગ્રંથરત્નને ગ્રંથના વિદ્વત્તાભર્યા ઉદ્બોધનમાં પૂ. પાદ આચાર્યદેવ શ્રીમદ્ વિજયજંબૂસૂરીશ્વરજી મહારાજે 'શિક્ષકોનો પણ શિક્ષક અને ગુરુઓનો ગુરુ' તરીકે સંબોધેલ છે, તે સમુચિત જ છે. આવા વિશાલકાય ગ્રંથની કિં ૮ રૂા. બહુ ન ગણાય, છતાં સમાજના શ્રુતજ્ઞાન રસિકોએ આવો ગ્રંથ, પ્રત્યેક જિજ્ઞાસુ તથા ધર્મના ખપીના હાથોમાં પહોંચતો થાય, તેવી યોજના કરવી જરૂરી છે. પ્રસ્તુત ગ્રંથનું છાપકામ દેશી કાગળોમાં થયું છે, તેના બદલે ૫૫૫ના ફોરીન સ્વચ્છ સફેત કાગળોમાં થયું હોત તો ગ્રંથ વધુ ટકાઉ તથા સુંદર બનત! સર્વ કોઇ ધર્મતત્ત્વના ખપી આત્માઓએ આ પ્રકાશન પોતાનાં ઘેર વસાવી લેવું જરૂરી છે. જે ઘર, કબાટ કુટુંબ તથા જીવન અને આત્માને શણગારનારૂં છે.

**શ્રી જિનપૂજા પદ્ધતિઃ લે. પૂ. પંન્યાસજી મ. શ્રી કલ્યાણવિજયજી ગણિવર પ્રકા૦ શ્રી ક. વિ. શાસ્ત્ર સંગ્રહ સમિતિ. જાલોર. મારવાડ. મૂલ્ય સદુપયોગ.**

ભગવાન શ્રી જિનેશ્વરદેવનો ઉપકાર સમસ્ત સંસારપર અમાપ છે, અનંત છે. આજે કે ભૂતકાળમાં આત્માએ જે કાંઇ પ્રેય કે શ્રેય પ્રાપ્ત કર્યું છે, તે બધાયમાં સાક્ષાત્ કે પરંપરાયે ઉપકારક હોય તો કેવળ શ્રી તીર્થંકર પરમાત્મા જ છે. તેમના ઉપકારોની કોઇ અવધિ નથી. આવા નિષ્કારણ ઉપકારી દેવાધિદેવની સેવા-ઉપાસના કરવી એ પ્રત્યેક કૃતજ્ઞ આત્માની પવિત્ર ફરજ છે. દેવ-દેવેંદ્રો શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ કરી, પોતાના આત્માને કૃતાર્થ માનતા હતા, તે તીર્થંકરદેવ સાક્ષાત્ આજે સદેહે વિચરતા નથી, એટલે તેમની સાક્ષાત્ ભક્તિ કરવાનું નિમિત્ત આપણને પ્રાપ્ત થયું નથી. પણ તેઓના ઉપકારોની અનુપમ સ્મૃતિ જળવાઇ રહે તે માટે તેઓના પુણ્યપ્રતીકરૂપ તેઓની પ્રતિમાની પૂજા, ભક્તિ, ઉપાસના કરવા દ્વારા તે અનંત ઉપકારી જિનેશ્વર ભગવંતની પ્રત્યે કૃતજ્ઞતા વ્યકત કરવી તે પ્રત્યેક ધર્મશીલ આત્માનું કર્તવ્ય છે. આ પૂજા નિત્ય આચારરૂપે શ્રાવકવર્ગને માટે પૂર્વકાલીન સમર્થ સુવિહીત પ્રકાંડ પંડિત મહાપુરૂષોએ ધર્મગ્રંથોમાં

વિહિત કરી છે. આવાં નક્કર સત્યની પોતાના પાંડિત્યના ગર્વમાં મસ્ત બનીને કેટલાક જૈનસમાજમાં રહેલા વિદ્વાનો અવહીલના કરવાનો અયોગ્ય પ્રયત્ન કરી રહ્યા છે, તે કેટલું શોચનીય છે. પ્રસ્તુત પ્રકાશન આવા જ પ્રકારના અયોગ્ય અને અકલ્યાણકર પ્રયત્નનું પરિણામ છે, એમ અતિશયોક્તિ વિના કહી શકાય. આ પ્રકાશન પાછળ લેખક પૂ. મહારાજશ્રીએ જે પરિશ્રમ, મનન કે ચિંતન કરેલ છે, તે શક્તિઓનો દુર્વ્યય જ કહી શકાય. આજે વિચાર-સ્વાતંત્ર્ય અને વાણી-સ્વાતંત્ર્યનો યુગ છે, એમ કહેવાય છે, એ દુન્યવી દૃષ્ટિયે ભલે ગમે તે હોય; પણ 'જૈનશાસનના અબાધિત સર્વમાન્ય આચાર-વિચારોની કલ્યાણકર કડીબદ્ધ સાંકળને તોડી પાડનારૂં કોઇપણ વિચાર કે વાણી-સ્વાતંત્ર્ય જૈનદર્શનમાં ન ચલાવી લેવાય.'

ક્રાઉન ૧૬ પેજની આ પુસ્તિકાના ૫૪ પેજેમાં પૂ. મહારાજશ્રીએ જે હકીકતો આલેખી છે. તે કેવલ એકપક્ષીય અને પૂર્વગ્રહ દૂષિત છે, એમ પુસ્તિકાનું સમગ્રપણે વાંચન કરનાર વિચારકને લાગ્યા વિના નહિ રહે. જે જે શાસ્ત્રગ્રંથોના ઉલ્લેખો આ નિબંધમાં મૂકવામાં આવ્યા છે, તે બધા પરસ્પરના સંબંધ વિનાના. છતાં તે બધાયે ઉલ્લેખોમાંથી એકે ઉલ્લેખ, 'જિનપૂજાને નિત્ય નહિ કરવી જોઇએ' તેવા નિષેધરૂપે નથી, એજ વસ્તુ સ્પષ્ટ કહી આપે છે કે, લેખક પૂ. મહારાજશ્રીને મનમાં એક વસ્તુ અમુકરૂપે નિશ્ચિત બન્યા પછી તેને સિદ્ધ કરવા માટે જ કલમ હાથમાં લઇને યેન-કેન પોતાનાં મંતવ્યને પ્રામાણિત કરવા સારૂ આ પ્રયત્ન તેમણે કર્યો છે, એમ મને જે પ્રસ્તુત પુસ્તિકા વાંચતાં સ્પષ્ટ છાપ પડી ગઇ છે. તે સહૃદયપણે હું કહી શકું છું. પૂ. મહારાજશ્રીએ મારવાડમાં અનેક સ્થળોએ નૂતન જિનમંદિરો તથા જિનપ્રતિમાઓ પોતાના ઉપદેશથી ભાવિકોદ્વારા સ્થાપિત કરાવ્યા છે, અને અત્યાર સુધી પ્રાચીન પ્રણાલી પ્રમાણે પૂજા કરાવી છે, અંતે રહી-રહીને એમને આ નવું જ્ઞાન ક્યાંથી લાધ્યું? તે સમજી શકાતું નથી. હા, મારવાડના પ્રદેશમાં સ્થાનકવાસી તથા તેરાપંથી સમાજનું જોર વિશેષ છે, જિનમંદિરોમાં પૂજા કરનારા ઓછા થતાં જાય છે, જિનમંદિરોમાં આશાતના ખૂબ થતી રહી છે, પૂજારીઓ બ્રાહ્મણ હોવાથી અનેક અનર્થો ઉત્પન્ન થાય છે, આ બધું ખૂબ જ શોચનીય અને ભાવિને માટે અતિશય ચિંતાનો વિષય છે, પણ એ કારણે નિત્યની અષ્ટપ્રકારી પૂજા જે શ્રાવકસંઘનું દૈનિક કર્તવ્ય છે, તેનો સર્વથા અપલાપ કેમ થઇ શકે? ઊલટું જિનપૂજાની મહત્તા તથા ઉપકારકતા માટે પ્રચાર કરવો જોઇએ.

ખાવાથી અજીર્ણ થાય એટલે ખાવાનું છોડીને આજે ને આજે ગળે ફાંસો ખાઇને મરી જવાતું ન હોય! પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજે મારવાડના પ્રદેશોમાં થતી આશાતનાને ટાળવા માટે પૂજાનો નિષેધ શાસ્ત્રવિહીત બનાવીને આજે ખરેખર પાડાના વાંકે પખાલીને ડામવા જેવી અનુચિત પદ્ધતિ સ્વીકારી છે, તો અત્યાર સુધી તેમણે જાલોર, ગઢસીયાણા, આદિ ગામોમાં નવાં મંદિરો બંધાવડાવી, સેંકડો-હજારો જિન પ્રતિમાઓની અંજનશલાકા શા માટે કરાવી? શું એ બધું અશાસ્ત્રીય હતું? કાલે તેઓ જિનમંદિરો બંધાવવાનું કાર્ય પણ અશાસ્ત્રીય છે, એમ સિદ્ધ કરવા પ્રયત્ન નહિ કરે એમ કેમ કહેવાય?

પ્રસ્તુત પ્રકાશનમાં 'નિત્ય અષ્ટપ્રકારી પૂજાની આવશ્યકતા નથી. કદાચિત્ અષ્ટપ્રકારી પૂજાનું વિધાન છે, નિત્ય કરવાના પરિણામે મંદિરોમાં પૂજારીઓ રાખવા પડે છે, ઘરમંદિરોની પ્રથા ચાલી ગઈ, અને અષ્ટપ્રકારી, સત્તરપ્રકારી કે એકવીશ પ્રકારી પૂજા એ નિત્ય નહોતી પણ પાછળથી ઘૂસેલી છે,' મુખ્યત્વે આ મુદ્દાઓને સ્પર્શીને પૂ. મહારાજશ્રીએ કેટલાંક શાસ્ત્રીય ગણાતા પાઠો આપ્યા છે, જે કેવળ પોતે નિશ્ચિત કરેલા મુદ્દાઓને યેન-કેન સાબીત કરવા માટે હોય તે રીતે રજૂ કર્યા છે. જ્યારે જે જે ગ્રંથોમાં આ હકીકતની વિરૂદ્ધના ઉલ્લેખો આવ્યા છે. તેને અંગે તે તે ગ્રંથોને કાલ્પનિક, અપ્રમાણિક કહીને તે તે ગ્રંથકારોને અન્યાય કરવાની તેઓશ્રીએ પ્રવૃત્તિ કરી છે. નિત્યપૂજાના પ્રામાણિકપણા માટે પૂ. પાદ યાકિનીધર્મસૂનુ આચાર્ય મહારાજ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજના પંચાશકગ્રંથનો ઉલ્લેખ સ્પષ્ટ છે. પૂજાપંચાશકના ચોથા પંચાશકમાં ૧૪મી ગાથામાં તેઓશ્રી ફરમાવે છે:

गंधवरधूवसव्वोसहीहिं, उदगाइएहिं चित्तेहिं,
सुरहिविलेवणवरकुसुमदामबलिदीवएहिं ॥

આ ગાથાની ટીકામાં પૂ. પાદ નવાંગી વૃત્તિકાર આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજી મહારાજ સ્પષ્ટના કરે છે: '**तयोदकादिभि-र्जलप्रभृतिभिः- ...पूजा जिनबिंबस्य...**' આ ઉલ્લેખ પણ જિન પૂજામાં જલઆદિનું વિધાન દર્શાવે છે. અને ગ્રંથનો સમગ્ર સંદર્ભ તથા પૂજાપંચાશકનું આખું પ્રકરણ જ નિત્ય કર્તવ્યનો નિર્દેશ કરે છે. તે રીતે પૂ. પાદ કલિકાલસર્વજ્ઞ આ. મ. શ્રી હેમચંદ્રસૂરીશ્વરજી મહારાજશ્રી યોગશાસ્ત્રના ત્રીજા પ્રકારમાં સ્પષ્ટ ફરમાવે છે;

**शुचिः पुष्पामिषस्तोत्रै-र्देवमभ्यर्च्य वेश्मनि ।**
**प्रत्याख्यानं यथाशक्ति कृत्वा देवगृहं व्रजेत् ॥१२३॥**

આ શ્લોકની સ્વોપજ્ઞટીકામાં તેઓશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં ઉલ્લેખ કર્યો છે કે-**अत्र च स्नानंविलेपन वर्णकविशिष्टवस्त्राभरणालंकार... प्रभृतीनां स्वतः सिद्धानां नोपदेशः**'- અર્થાત્ 'અહિં પુષ્પાદિથી સ્નાન, વિલેપન, વિશિષ્ટ વસ્ત્રાભરણ આદિ સ્વાભાવિક પૂજાવિધિનાં કર્તવ્યોનો સમાવેશ થઇ જાય છે. માટે એ વિધિ સમજી લેવી.' તે રીતે પૂ. આ. મ. શ્રી દેવેન્દ્રસૂરિજી મહારાજ કૃત 'ચૈત્યવંદન ભાષ્યની વૃત્તિ સંઘાચારભાષ્યમાં નિત્ય પૂજા માટે અનેક ગ્રંથોના ઉલ્લેખો પૂર્વક અષ્ટપ્રકારીપૂજાનું સ્પષ્ટ વિધાન ફરમાવ્યું છે. તે રીતે ધર્મસંગ્રહ, શ્રાદ્ધવિધિ, શ્રાદ્ધદિનકૃત્ય, આદિ અનેકાનેક પ્રામાણિક શાસ્ત્રગ્રંથોના ઉલ્લેખો નિત્યપૂજાનું તથા નિત્ય અષ્ટપ્રકારી આદિ પૂજાનું સ્પષ્ટતાપૂર્વક વિધાન કરે છે.

આમ હોવા છતાં પ્રસ્તુત પ્રકાશનમાં પૂ. પંન્યાસજી મહારાજે જે વિધાનો કર્યા છે, અને જે રીતે આવાં પ્રકાશનના પ્રચારમાં ખૂબ રસ દાખવ્યો છે, તે સ્પષ્ટ કરે છે કે,-તેઓ વર્તમાનયુગની ખાસીયતરૂપ શાસ્ત્રીય પરંપરાની નિરપેક્ષવૃત્તિમાં જ પોતાનું મહત્ત્વ માનનારા છે. પૂ. મહારાજશ્રીની પ્રકૃતિ પ્રથમથી જ આવી જાતની છે, આજથી લગભગ ૨૫ વર્ષ પહેલાં તેઓએ પ્રભાવક ચરિત્ર ગ્રંથની પ્રસ્તાવનારૂપે 'પ્રબંધ પર્યાલોચન' નામના નિબંધમાં બાલદીક્ષા વિષે પણ આવું જ સુધારક (!) શાહી પ્રત્યાઘાતી લખાણ લખેલ છે. તા. ૧૧-૯-૧૯૩૧ના લખેલ તે નિબંધના પેજ ૧૯ના ચોથા પેરેગ્રાફમાં તેઓ લખે છે; 'આર્યરક્ષિતે કુમારાવસ્થામાં માતા-પિતાની આજ્ઞા સિવાય દીક્ષા લીધી. તે બાબતમાં પ્રભાવક ચરિત્રકારે કાંઇ પણ ટીકા કરી નથી, પણ અન્ય ગ્રન્થકારો આ સંબંધમાં લખે છે કે-'આર્યરક્ષિતની દીક્ષા મહાવીરના શાસનમાં પહેલી શિષ્યનિષ્ફેટા (ચોરી) છે.' 'આજકાલ જેઓ કહે છે કે, ૧૬ વર્ષથી નીચેની વયવાલાને દીક્ષામાં આજ્ઞાની જરૂર છે. ઉપરનાને નહિ' તેઓ વિચારે કે ૨૨ વર્ષની અવસ્થામાં વગર રજાએ થયેલી આર્ય રક્ષિતની દીક્ષાને શિષ્યચોરી કેમ કહી હશે?' (પ્રભાવકચરિત્ર, પ્ર. આત્માનંદ જૈન સભા) ખરી રીતે પૂ. શ્રી આર્યરક્ષિતજીની દીક્ષા ૧૬ વર્ષની વયે થયેલી છે, છતાં પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજશ્રીને બાલદીક્ષા સમ્મત નથી. માટે આ કટાક્ષ કરે છે!

આ ઉપરથી પૂ. પં. શ્રી કલ્યાણવિજયજી મહારાજના બાલદિક્ષા વિષેના વિચારો તથા અન્યાન્ય શાસ્ત્રીય વ્યવહારો વિષેના વિચારો; કેટ-કેટલા પ્રત્યાઘાતી તેમ જ મનસ્વી છે, એ જૈનસમાજના શ્રદ્ધાશીલ વર્ગના ધ્યાનમાં લાવવા માટે જ આજથી ૧૫ વર્ષ પહેલાના તેમના એક લખાણનો ઉતારો અક્ષરશઃ અહિં મૂકયો છે. દેવદ્રવ્ય વિષે પણ તેઓના વિચારો કેવલ મનસ્વી અને તરંગી છે. તેઓને ઇતિહાસ શિલ્પ, જ્યોતિષ ઇત્યાદિ વિષયોનું વિશિષ્ટ જ્ઞાન હશે, એ કદાચ માની શકાય. પણ તેઓના વિચારોમાં અપ્તરંગી તથા મનસ્વિતા હોવાથી વિકૃતિનો પ્રવેશ થયો છે, એમ નમ્રભાવે જણાવવાની હું જરૂર જોઉં છું. તદુપરાંતઃ પૂજ્ય પુરુષો વિષે તેઓને બહુ માનભાવ પણ જોઈએ તેવો નથી. તેઓના એકે એક ગ્રંથમાં પૂર્વાચાર્યોને કેવલ નામથી જ અને તે પણ ક્ષુલ્લક શબ્દથી સંબોધે છે. જેમ કે, પ્રભાવકચરિત્રના પ્રબંધપર્યાલોચનામાં તેઓએ ઠામ-ઠામ હરિભદ્ર, પ્રભાચંદ્ર, આર્યરક્ષિત, સિધ્ધસેન, ઇત્યાદિ શબ્દોમાં આ બધા સમર્થ શાસનપ્રભાવક આચાર્યદેવોને સંબોધ્યા છે, જે યોગ્ય ઔચિત્યનો અભાવ સૂચવે છે.

પ્રસ્તુત 'જિનપૂજા પધ્ધતિ' પુસ્તિકાના પ્રકાશનદ્વારા લેખક પૂ. પં. મહારાજશ્રીએ શાસનની કે સાહિત્યની કશી જ સેવા કરી નથી. પણ વર્તમાન વાતાવરણમાં સ્થાનકવાસી સમાજ, તેરાપંથી સમાજ તથા આપણા સમાજના સુધારક (?) વર્ગના પ્રચારને ટેકો આપવા દ્વારા શાસન તથા સમાજની, સાહિત્ય અને સંસ્કારની કુસેવા જ કરી છે. પોતાના વિચારોને આ રીતે પ્રચારવા પહેલાં તેઓ માટે સમાજના અનેકાનેક વિદ્વાન જૈનાચાર્યોની સાથે, પોતાના સમુદાયના વડિલો સાથે યોગ્ય વિચાર વિમર્શ કરવાની જરૂર હતી, એમ જરૂર મારે કહેવું જોઇએ. આ પ્રકાશન, કસમયનું અને વગર વિચાર્યું છે. હજુ પણ તેઓશ્રી જેમ પોતાના અનેક ઐતિહાસિક ઉલ્લેખોમાં થયેલી ભૂલો પાછળથી સુધારવાની સરળતા ભૂતકાલમાં દાખવી છે, તે રીતે આમાં પણ ફરી તટસ્થભાવે વિચારે, અને પોતાની સ્ખલનાઓનું પરિમાર્જન કરે ! તેઓના વિચારોની વિનાશકતા જોતાં, પ્રસ્તુત પ્રકાશનની વિસ્તૃત સમીક્ષા કરવાનું ઉચિત સમજી મેં આ રીતે ટુંકમાં સમાલોચના કરી છે. આ પુસ્તિકાના એકેએક મુદ્દાની વિસ્તૃત સમીક્ષા જૈનસમાજમાં રહેલા સમર્થ વિદ્વાન, શ્રધ્ધાશીલ ત્યાગી મુનિપુંગવોએ મધ્યસ્થભાવે શાસ્ત્રીયદૃષ્ટિ તથા વ્યવહારૂ દલીલોથી કરવી જોઇએ, એમ મારૂં નમ્ર મંતવ્ય છે. પૂ. પં. મ. શ્રી પ્રત્યે સદ્ભાવ છતાં જે અહિં તેઓના વિચારો માટે મારે આ લખવું જરૂરી હતું, તે લખી તટસ્થપણે સમભાવે મેં મારી ફરજ બજાવી છે.

**તપોરત્નમહોદધિ: સંપાદક: પૂ. મુનિરાજ શ્રી ભુવનવિજયજી મહારાજ, પ્રકા૦ જૈનધર્મોપકરણ ખાતું. ત્રણ દરવાજા. સાંકડી શેરી, પાટણ. (ઉ. ગૂ.) મૂલ્ય રૂા. ૪-૦-૦**

જૈનશાસનમાં કર્મનિર્જરાના અમોઘ સાધનરૂપ તપધર્મનું મહત્ત્વ અતિશય છે. ધર્મના અસંખ્ય યોગો જૈનદર્શનમાં વિહીત કરેલાં છે. તેમાં તપધર્મ પણ ઉપકારક અંગ છે. સંવેગ, નિર્વેદ, ત્યાગ, તથા વૈરાગ્યને શોભાવનાર તપ છે. સમાજમાં વર્તમાનકાળે તપનો પ્રચાર વિશેષપણે વધતો જાય છે. આ સ્થિતિમાં તપધર્મનું સ્વરૂપ, તેની આવશ્યકતા, તેની ઉપયોગિતા, તેના પ્રકારો, તથા તપની આરાધના માટેની વિધિ ઇત્યાદિ વિષેનું સાહિત્ય પણ સરળભાષામાં પ્રસિદ્ધ થવું જરૂરી છે. આજનો યુગ પ્રચારનો છે. માટે જ ઉપકારક વસ્તુનો વર્તમાન પધ્ધતિના કદમે કદમ મિલાવીને સુયોગ્ય શૈલીએ શાસ્ત્રદૃષ્ટિને નજર સમક્ષ રાખી, શ્રધ્ધાશીલવર્ગે પ્રચાર કરવો આવશ્યક છે. પ્રસ્તુત પ્રકાશન, એ દૃષ્ટિએ પ્રસિદ્ધ થયું છે. પ્રસ્તૃત પુસ્તકના ક્રા. ૧૬ પેજી ૩૫૨ પેજમાં ૧૬૨ તપોનો વિધિ-વિધાનપૂર્વક સમાવેશ કરવામાં આવ્યો છે. તપની સાથે તે તપની આરાધનાના પ્રાસંગિક ફલ ઉપર પ્રચલિત કથાઓ પણ ટુંકમાં સરલશૈલીએ રજૂ કરવામાં આવેલ છે. કથાઓમાં આવતા પ્રસંગને અનુરૂપ ચિત્રો પણ પ્રસ્તુત પુસ્તકમાં મૂકેલ છે.

પ્રારંભના પેજોમાં તપધર્મનો મહિમા તથા પ્રભાવ વર્ણવતા શ્લોકો ભાષાંતર સહિત મૂકયા છે. તપની સામાન્ય વિધિ પ્રસિદ્ધ કરી છે. ઉપોદ્ઘાત પછીના ૮૦ પેજ સુધી, સંપાદક પૂ. મહારાજશ્રીના સમુદાયના નાયક સ્વર્ગીય પૂ. પાદ પંન્યાસજી મહારાજ શ્રી ધર્મવિજયજી મહારાજનું, સ્વ. પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયસુરેન્દ્રસૂરીશ્વરજી મહારાજનું, તથા વર્તમાન સમુદાય નાયક પૂ. આચાર્ય મહારાજ શ્રીમદ્ વિજયરામસૂરીશ્વરજી મહારાજનું, એમ ત્રણેયના જીવનચરિત્રો મૂકયાં છે. બાદ પ્રકાશક સંસ્થા જૈનધર્મોપકરણ સભાની પ્રવૃત્તિનો પરિચય આપ્યો છે. એકંદરે ક્રા. ૧૬ પેજી, ૯૮+૩૫૨ પેજના દળદાર, બોર્ડપટ્ટીના અને ત્રિરંગી આર્ટ પેપરના જેકેટ યુક્ત આ પુસ્તકનું સંપાદન પદ્ધતિપૂર્વકનું અને તપધર્મને અંગેની ઉપકારક તથા ઉપયોગી હકીકતોથી સમૃદ્ધ છે. કાગળો ફેરીન પપપ જેવા સફેદ અને મુલાયમ હોત તો પુસ્તક વધુ સુંદર તથા આકર્ષક બનત ! પૂ.. મહારાજશ્રીનો સંપાદન માટેનો પરિશ્રમ પ્રશંસાર્હ છે. તપધર્મના રસિક ભવ્યાત્માઓએ આવું પુસ્તક વસાવી લેવા જેવું ઉપયોગી છે.

**શ્રી લેખામૃત સંગ્રહ ભાગ ૫મો: લેખક પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ પ્રકા. શ્રી હર્ષ-પુષ્પામૃત જૈનગ્રંથ-**

**માલા. શાંતિપુરી–ભાખાબાવળ. (સૌરાષ્ટ્ર) મૂલ્ય: ૧૨ આના. પોસ્ટેજ બે આના.**

પૂ. પાદ આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃત-સૂરીશ્વરજી મહારાજે શ્રી જિનેશ્વર ભગવંતની પૂજા વિષે મનનીય અને શાસ્ત્રીય તથા વ્યવહારૂ દલીલો પૂર્વકના જે લેખો સામયિકોમાં લખેલા તેનો ઉપયોગી સુંદર સંગ્રહ આ પુસ્તિકામાં પ્રસિદ્ધ થએલો છે. ફુલસકેપ ૮ પેજી સાઇઝના ૧૦–૧૨૦ પેજની આ પુસ્તિકામાં ચાર પ્રકરણો દ્વારા જિનપૂજાને અંગે વિવિધ પ્રકારનું સંગીન સાહિત્ય પ્રસિદ્ધ થયું છે. પ્રથમ પ્રકરણમાં જિનપ્રતિમાની સિદ્ધિ કરવામાં આવી છે. બીજા પ્રકરણમાં જિનપ્રતિમાની દેવકૃત પૂજાની હકીકત શાસ્ત્રશૈલીપૂર્વક રજૂ થઈ છે. ત્રીજા પ્રકરણમાં ધર્મ-શીલ ભવ્ય જીવોની પ્રભુપૂજા કરવાની વિધિ દર્શાવી છે ચોથા પ્રકરણમાં અઠ્ઠાઇ મહોત્સવને અંગે સમુચિત પ્રકાશ લેખક પૂ. મહારાજશ્રીએ પાડયો છે. છેલ્લે પુષ્પ-પૂજાના પ્રભાવ ઉપર ધર્મદત્તની કથા મૂકવામાં આવી છે. એકંદરે પૂ. આચાર્ય મહારાજશ્રીએ પ્રભુપૂજાના ઉપકારક વિષયને અનુલક્ષીને આ પ્રકાશનમાં સચોટ તથા તલસ્પર્શી વિવેચન આપ્યું છે. જે પ્રભુભક્તિના રસિકો માટે પ્રેરક તથા ઉદ્‌બોધક છે. તેમ જ આ વિષયના ખપી જિજ્ઞાસુ આત્માઓને તટસ્થભાવે વિચારણીય સામગ્રી મૂકી છે. પૂ. મહારાજશ્રીનો પરિ-શ્રમ પ્રશંસાપાત્ર છે. પ્રકાશન ઉપયોગી છે. સળંગ લખાણ કરતાં આવા વિષયની છણાવટ પ્રશ્નોત્તરીરૂપે હોય તો વધુ રસમય બનેત એ નિઃશંક છે.

**લેખામૃત સંગ્રહ: ભાગ છઠ્ઠો; સંપા૦ પૂ. મુનિરાજ શ્રી જિનેન્દ્રવિજયજી મહારાજ. પ્રકા૦ ઉપર મુજબ. મૂલ્ય, ૧૨ આના.**

સ્વ૦ પૂ૦ મુનિરાજ શ્રી પાર્શ્વવિજયજી મહારાજનું જીવન ચરિત્ર તથા તેમના કાલધર્મને અંગે આવેલા તાર–પત્રો ઇત્યાદિનો સંગ્રહ, આ ફુલસકેપ ૮ પેજી પુસ્તિકાના ૬૮ પેજમાં પ્રસિદ્ધ થયેલ છે. ૬૯ થી ૯૧ સુધીના પેજોમાં દેવદ્રવ્ય સંબંધી વર્તમાનમાં જે અનેક પ્રશ્નો જાગી રહ્યા છે, તેનો શાસ્ત્રીયદૃષ્ટિને પ્રાધાન્ય રાખીને પ્રત્યુત્તર પ્રસિદ્ધ થયો છે. આ પ્રશ્નોત્તરી સ્વ. પૂ. મુનિરાજ શ્રી પાર્શ્વવિજયજી મહારાજે લખેલી છે. જેમાં દેવદ્રવ્યની વૃદ્ધિથી માંડીને તેનો કયાં કયાં સદુપયોગ થઇ શકે? દેવદ્રવ્ય કોને કહેવાય? ઇત્યાદિ વિષયોને ચર્ચવામાં આવ્યા છે, જે દેવદ્રવ્યને અંગે જૈન શાસ્ત્રાનુસારી પ્રણાલીને સમજવા ઇચ્છતા આત્માર્થી આત્માઓને ટુંકમાં સારૂં માર્ગદર્શન આપે છે, ૯૨થી ૧૩૮માં નૂતન રાગ–રાગિણીના સ્તવનો છે, અને છેવટે પાંચ પેજમાં સિદ્ધાચલગિરિવરના ૨૧ ખમાસમણાં છે. એકંદરે ૧૪૪ પેજના કાચા બાઈન્ડીંગવાળા આ પ્રકાશનમાં ઉપયોગી સંગ્રહ પ્રસિદ્ધ થયો છે, સંપાદકનો શ્રમ સારો છે. ઉપરોક્ત બન્ને પુસ્તિકાની સાઇઝ ક્રા. ૧૬ પેજી હોત તો વધુ સુંદર અને આકર્ષક લાગત.

**શ્રી અમૃત ગહુંલી સંગ્રહ: સંપાદક: ઉપર મુજબ, પ્રકાશક ઉપર મુજબ: મૂલ્ય. ૧૨ આના.**

ક્રાઉન ૧૬ પેજી ૮૬ પેજની આ પુસ્તિકામાં નૂતન રાગ–રાગિણીમાં ગુરુગુણ ગર્ભિત ગહુંલીઓનો ઉપયોગી સંગ્રહ પ્રસિદ્ધ થયો છે. પૂ.પાદ આ. મ. શ્રીમદ્ વિજયલબ્ધિસૂરીશ્વરજી મહારાજ. પૂ. આ. મ. શ્રીમદ્ વિજયઅમૃતસૂરીશ્વરજી મહા. પૂ. મુનિરાજ શ્રી કીર્તિવિજયજી મહા૦ તથા સુરેંદ્રનગરનિવાસી સ્વ૦ ભાઇ મનસુખલાલ ડાહ્યાભાઇ આ બધાયે રચેલી ગહુંલીઓનો તેમજ સંપાદક પૂ. મુનિરાજશ્રીએ રચેલી ગહુંલીઓનો આમાં સમાવેશ થયો છે. જે નૂતન રાગ–રાગિણીમાં રસ ધરાવનારા ગુરુગુણગાનના ખપી શ્રાવિકાસમાજને અવશ્ય રસમય તથા સારા કંઠપૂર્વક પદ્ધતિથી ગાવામાં આવતા સાંભળનાર વર્ગને પણ ઉદ્‌બોધક અને ઉપકારક બનશે, એમ કહી શકાય. વચ્ચે વચ્ચે કેટલીક ગહુંલીઓ પ્રાચીન રાગમાં પણ છે. એકંદરે આ સંગ્રહ સુંદર તથા ઉપયોગી છે.

**મહાત્મા શ્રી મત્સ્યોદર: લે. પૂ૦ આચાર્ય મહારાજ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મ. પ્રકા૦ ઉપર મુજબ મૂલ્ય: ૬ આના. પોસ્ટેજ ૧ આનો.**

પૂર્વભવમાં જિનમંદિરાદિ બંધાવી, પ્રભુપ્રતિષ્ઠા વગેરે સદ્ધર્મના સ્વ–પર ઉપકારક ધર્માનુષ્ઠાનોને કર-વામાં પશ્ચાત્તાપથી તે તે કાર્યોને દૂષિત કરવામાં જે

અનર્થો જીવને ભોગવવા પડે છે. તેજ રીતે મુનિવરોને દાન દઈને પાછળથી પશ્ચાત્તાપ કરનારને જે દુઃખમિશ્રિત સુખની ભવાંતરમાં પ્રાપ્તિ થાય છે, તે હકીકતને લક્ષ્યમાં રાખીને આ ધનદત્તનું જીવનચરિત્ર અહિં રજુ થયું છે, કથાની શરૂઆતમાં પ્રાસંગિક અનેક ઉપદેશો, પ્રેરણા તથા વર્તમાન વાતાવરણમાં બોધક હિતશિક્ષા પણ ગૂંથાયેલા છે. વાર્તાની ફૂલ્સકેપ ૮ પેજી સાઇઝના ૫૮ પેજની આ પુસ્તિકા એકંદરે બોધક છે. પણ ક્રા. ૧૬ પેજીમાં મોટા ટાઇપોથી આ પ્રકાશન પ્રસિદ્ધ થયું હોત. અને પ્રાસંગિક ચિત્રોથી સમૃદ્ધ બન્યું હોત તો વધુ આકર્ષક બનત! લેખક પૂ. આચાર્ય મહારાજશ્રીની કલમ સરલ તથા સચોટ છે.

(વધુ પ્રકાશનોની સમાલોચના હવે પછી)

તા. ૨-૧૨-૫૬.

❀

**નવપદોની અનાનુપૂર્વિ ભા. ૧ લો.**

સંયોજક: પૂ૦ મુનિરાજ શ્રી સોમવિજયજી મહારાજ પ્રકાશક: શ્રી બાબુભાઇ સવચંદ ઠે. કાળુપુરરોડ શેઠ મનસુખભાઈની પોળ અમદાવાદ મૂલ્ય: સત્તર રૂ.

મનને વશ રાખવાનુ સાધન આનુપૂર્વિ છે. ઘણાં ભાઈ-બ્હેનો પાંચ અને નવ પદોનું આનુપૂર્વિ દ્વારા એકાગ્રચિત્તે સ્મરણ-રટન કરે છે, પણ આ આનુપૂર્વિનો એક એવો મહાન ગ્રંથ તૈયાર કરવામાં આવ્યો છે કે જોતાં જ આપણને એમ લાગે કે આ ગ્રંથ મહત્ત્વનો છે. નવપદોના કુલ ભાંગા ૩૬૨૮૮૦ થાય છે પણ આ પહેલા ભાગમાં ૧૨૦૯૬૦ ભાંગાનો સમાવેશ કર્યો છે, બાકીના ભાંગા બીજા અને ત્રીજા ભાગમાં આપવા વિચાર રાખે છે, ફુલ્સકેપ ફુલ સાઇઝના આ ગ્રંથનાં ૩૭૬ પેજો છે, આનુપૂર્વિ સરળ રીતે ગણી શકાય એ રીતે આખો ગ્રંથ ટાઇપ કરાવ્યો છે, સો નકલ જ પ્રગટ કરવામાં આવી છે, આ ગ્રંથની આનુપૂર્વિનું સ્મરણ કરવાથી અરિહંતાદિ નવપદોમાં એકધ્યાન થવાશે. પૂ. મહારાજશ્રીનો તથા શ્રીયુત બાબુભાઈ પંડિતજીનો પ્રયાસ પ્રશંસનીય અને અનુમોદના પાત્ર છે.

❀

शीघ्रता कीजिये ! शीघ्रता कीजिये !!

**मूल्यमें भारी कमी**

अर्ध शताब्दी महोत्सवके उपलक्षमें चैत्र शुक्ला पूर्णिमा सं. २०१३ तक

**श्री अभिधान राजेन्द्र कोष**

का पूरा सेट सातों भागका मूल्य १५५) के बजाय केवल १२५) लिये जावेंगे।
इसके आहिरिक्त हमारे यहांसे निम्न लिखित पस्तकें भी मंगाइये।

सूक्त मुक्तावली मूल्य रु. २) चन्द्राज चरित्र (संस्कृत) मूल्य रु. २) द्रष्टान्त शतक मूल्य १।) गच्छाचार पयन्ना ( हिं० अनु० ) मूल्य रु. २) शांत सुधारस भावना मूल्य रु. १)

—: प्राप्तिस्थान :—

भूपेन्द्रसूरि जैन साहित्य समिति – आहोर (राजस्थान)

[ અનુસંધાન પેજ ૬૩૮નું ચાલુ ]

કારણ કે આપણા આગેવાનો અથવા તો આપણને દોરવણી આપનારાઓ આવી જ ઘેલછાના આશક હોય છે !

ધર્મદૃષ્ટિ, ત્યાગ કે સમભાવ પ્રત્યે એનામાં મમતા હોતી નથી, હોય છે તો કેવળ ઔપચારિક જ હોય છે. એના સમગ્ર માનસનો ઝોક બહુધા ભૌતિક લાલસા પાછળ જ પડ્યો હોય છે.

પરિણામે તેઓનું માર્ગદર્શન જનતાને સન્માર્ગે ન વાળતાં ઉન્માર્ગે જ વાળે છે.

નાનામાં નાના પ્રશ્નોને ઉપેક્ષાથી અળગા રાખવા જોઈએ અથવા એના તથ્યનો વિવેક-પૂર્વક વિચાર કરી પ્રશ્નોને પતાવી નાંખવા જોઈએ.

પરંતુ આ સહેલો રસ્તો આજ આપણે ચૂકી રહ્યા છીએ અને વાતનું વતેસર કરવામાં અર્થાત્ અણગમતા વિચારો કે વસ્તુને પચાવી જવાની અશક્તિ દર્શાવવામાં જ આપણે રચ્યા–પચ્યા રહીએ છીએ.

માનવી પોતે ક્યાં ઉભો છે એની કદિ ચિંતા નથી કરતો, પણ બીજા ક્યાં ઉભા છે એની જ પંચાત કરતો હોય છે.

આ આજની પ્રગતિ છે, આ આજની આદત છે, આ આજનો વિકાસ છે અને આ આજની પરિસ્થિતિ છે.

—શ્રી મોહનલાલ ધામી.

---

## —: મહામંત્રનો પ્રભાવ :—

આ જ ભરતમાં દારૂ ગામમાં 'અતિભુતિ' બ્રાહ્મણને 'સરસા' સ્ત્રી હતી, તેના ઉપર 'કયાન' બ્રાહ્મણ મોહિત થયો અને છળથી સરસાનું અપહરણ કર્યું.

'અતિભુતિ' સરસાની શોધમાં ખુબ ભટક્યો, પણ કશો જ પત્તો મળ્યો નહિ. તેથી તેણીના વિરહથી ખુબ જ પીડા પામ્યો. તે પીડામાં મરણ પામી હંસના બાળ તરીકે ઉત્પન્ન થયો. કોઇ એક દિવસે એ હંસને એક 'શ્યેન' પક્ષીએ પકડયો. શ્યેન પક્ષીથી ભક્ષણ કરાતો તે એક સાધુ પાસે પડયો તે મરતાં હંસને સાધુએ શ્રી નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. એ મંત્રના પ્રભાવે તે હંસ મરીને કિન્નરોમાં દશ હજાર વર્ષના આયુષ્યવાળો દેવ તરીકે ઉત્પન્ન થયો.

દેવ ત્યાંથી ચ્યવીને વિદગ્ધ નગરમાં પ્રકાશસિંહ રાજા અને પ્રવારાવલી રાણીને 'કુંડલમંડિત' પુત્ર થયો. કાળે કરીને મરણ પામી મિથિલાનગરીમાં જનકરાજાની વિદેહા રાણીના ગર્ભમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. (ભામંડલ) તેના સાથે સરસાનો જીવ જોડલારૂપે પુત્રીપણે ઉત્પન્ન થઇ. (સતી સીતા) (સરસા સાધ્વી થઇ બ્રહ્મલોકમાં દેવ થઇ હતી ત્યાંથી ચ્યવીને સતી સીતા તરીકે ઉત્પન્ન થઇ.)

—શ્રી જૈન રામાયણમાંથી.

(ટાઇટલ પેજ બીજાનું ચાલુ)

રૂા. ૧૧, જૈન શ્વે. મૂ. સંઘ વીંછીઆ. હા. શ્રી ચુનીલાલ ગુંઝાભાઇ સુરેન્દ્રનગરવાળાના સુપુત્ર શ્રી શાંતિલાલના શુભ લગ્ન નિમિત્તે.

રૂા. ૧૧, શ્રી જૈન શ્વે. મૂ૦ સંઘ બાજીપુરા સાધ્વીજી શ્રી સુરપ્રભાશ્રીજી મ. ની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૩, શ્રી રામજી હીરજી શાહ મબાલે. શ્રી લાધાભાઇ રાયમલની શુભ પ્રેરણાથી.

રૂા. ૧૧, શ્રી ગુલાબચંદ પુલચંદ મુંબઈ ૧

રૂા. ૧૧ શ્રી વસંતરાય જગજીવનદાસ ઝવેરી પાલીતાણા.

રૂા. ૧૧, પાશુભાઇ ખીયશી પુરીઆ મુંબઈ.

રૂા. ૧૧, શ્રી પુનમચંદભાઈ ચેલાભાઇ જલોત્રા.

રૂા. ૧૧, નગીનચંદ ઝવેરચંદ દહેગામ કરાયા

રૂા. ૧૧, શ્રી કસ્તુરચંદજી નાથુલાલ બદનાવર

રૂા. ૧૧, વિનોદચંદ્ર મોતીલાલ ચોકસી સુરત

રૂા. ૧૧, શ્રી હિંમતલાલ ભૂરાભાઈ દસાડીઆ મુંબઈ

રૂા. ૧૧, ચંદુલાલ મોહનલાલ શાહ મુંબઈ

રૂા. ૧૧, શ્રી ભાઇચંદ દલીચંદ કુરૂન્ડવાડ

★

## નવસારીના બાળ તપસ્વીઓની આરાધના



ભાઇ મોહન ઉં. વ. ૧૧ ભાઈ જિતેન્દ્ર ઉં. વ. ૧૧

પૂ. મુનિરાજ શ્રી રોહિતવિજયજી મહારાજશ્રીની નિશ્રામાં ભાઈ મોહન જશરાજ કચ્છ–મુદ્રાવાળાએ ૧૧ વર્ષની નાની ઉંમરે આસો વ. ૨ થી શ્રી વર્ધમાનતપના પાયાની શુભ શરૂઆત કરી હતી અને તે પાયો પૂર્ણ કર્યો. નવસારી શ્રી સંઘે અનુમોદના કરવા સાથે બહુમાન કર્યું હતું. રોજ નવકારશી, ગુરુવંદન કરે છે. ઘરમાં ધાર્મિક વાતાવરણ સારૂં છે. અનુમોદના !

નવસારીના વતની બીજા ભાઈ જિતેન્દ્ર ફકીરચંદે પણ ૧૧ વર્ષની નાની ઉંમરે પૂ. મહારાજશ્રીની નિશ્રામાં શ્રી વર્ધમાનતપના પાયાની શુભ શરૂઆત કરી હતી. રોજ પ્રભુપૂજા, નવકારશી, ગુરુવંદન અને છેલ્લા ત્રણ વર્ષથી પર્યુષણામાં ચોસઠ પહોરી પૌષધ કરે છે. બાળવયમાં ૨૦ દિવસ સુધી એકધારી આયંબિલની આરાધના કરી એ અનુમોદનાપાત્ર છે. શ્રી સંઘે પણ અનુમોદના કરવા સાથે ભક્તિ કરી હતી.

પૂ. મુ. શ્રી ભદ્રંકરવિજયજી મહારાજ



# રૂા પંદરમાં ત્રણ હજાર પેજનું વાંચન.

| | |
|---|---|
| મહાકવિ ધનપાલ | ૦-૮ |
| પવિત્રતાને પંથે | ૦-૧૨ |
| પ્રભુના પંથે જ્ઞાનનો પ્રકાશ | ૦-૮ |
| જૈનતત્ત્વ સારાંશ | ૦-૮ |
| શાંતિનો માર્ગ | ૦-૧૦ |
| પ્રશ્નોત્તરી બોધમાળા | ૧-૨ |
| રામબાણ ઉપાય | ૦-૮ |
| પ્રશમરતિ | ૦-૮ |
| શ્રાવકયોગ્ય આચાર-વિચાર | ૦-૮ |
| જૈનતત્ત્વપ્રવેશક જ્ઞાનમાળા | ૦-૮ |
| અમર બલિદાન | ૧-૪ |
| પ્રશ્નોત્તર-રસધારા | ૦-૮ |
| જૈન દૃષ્ટિએ યોગ | ૨-૮ |
| કાવ્ય સુધાકર | ૩-૦ |
| ભક્તિ ભામંડલ | ૧-૦ |
| શત્રુંજય દિગ્દર્શન | ૧-૦ |
| કુદરતી ઉપચારો | ૩-૮ |

આખો સેટ ખરીદનારને વીશ ટકા કમીશન કાપી આપીશું. પોષ્ટેજ ખર્ચ અલગ.

કુલ ૧૭ પુસ્તકો, ત્રણ હજાર પેજનું વાંચન, કિંમત રૂા. ૧૮-૧૨-૦ કમીશન કાપી રૂા. ૧૫-૦-૦

**સોમચંદ ડી. શાહ પાલીતાણા** [ સૌરાષ્ટ્ર ]

—: મુદ્રક : ફીરચંદ જગજીવન શેઠ, કલ્યાણ પ્રીન્ટીંગ પ્રેસ-પાલીતાણા :—